
# અંતનો સાથી




પ્રકાશક –
## શ્રી જૈન સોસાયટી જૈન સંઘ. અમદાવાદ.

नमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स ।

# અંત નો સાથી

## ( અંત સમયે કરવી જોઈતી આરાધનાનો સંગ્રહ )


: ઉપદેશક :

વ્યાખ્યાનવાચસ્પતિ મુનિશ્રી ચન્દ્રોદયસાગરજી મ.

: સંપાદક :

આગમોદ્ધારક ઉપસંપદા પ્રાપ્ત શિશુ મુનિ કંચનવિજય

તથા

ગાંધી ચીમનલાલ દલસુખભાઈ



: પ્રકાશક :

શ્રીજૈન સોસાયટી જૈન સંઘ

| | | |
|---|---|---|
| વી. સં. ૨૪૮૯ | નકલ ૧૦૦૦ | ઈ. સ. ૧૯૬૩ |
| વિ. સં. ૨૦૧૯ | મુલ્ય : આરાધના | આગમ સં. ૧૩ |

પ્રકાશક :
સુમતિભાઈ કસ્તુરભાઈ
શ્રીજૈન સોસાયટી જૈન સંઘ
ઠે. એલીસબ્રીજ, અમદાવાદ-૭.


| શું ? | કયાં ? |
| --- | --- |
| ૧ નમસ્કાર-મહામંત્ર ... | ... ૧ |
| ૨ ચઉસરણપઇણ્ણય સાર્થ ... | ... ૨- ૩૨ |
| ૩ ભત્તપરિણ્ણાપઈન્નય સાર્થ | ... ૩૩- ૭૬ |
| ૪ આઉરપચ્ચકખાણપઇન્નય સાર્થ | ... ૭૭-૧૧૬ |
| ૫ સંથારાપોરસી, રોજનું રાત્રિકકૃત્ય સાર્થ ... | ...૧૧૭-૧૨૧ |
| ૬ પ્રકાશ ૧૭ સાર્થ ... | ...૧૨૨-૧૨૪ |
| ૭ પાપપ્રતિઘાત અર્થ ... | ...૧૨૫-૧૩૦ |
| ૮ ખામણા કુલક અર્થ ... | ...૧૩૧-૧૩૬ |
| ૯ પર્યન્ત-આરાધના અર્થ | ...૧૩૭-૧૪૭ |
| ૧૦ ચાર શરણાં ... ... | ...૧૪૮-૧૪૯ |
| ૧૧ પદ્માવતીની આરાધના ... | ...૧૫૦-૧૫૩ |
| ૧૨ પુન્યપ્રકાશનું સ્તવન ... | ...૧૫૪-૧૬૫ |
| ૧૩ આત્મભાવના .. ... | ...૧૬૬-૧૭૨ |


મુદ્રક :
જીવણલાલ પુરુષોત્તમદાસ પટેલ
ઉત્કૃષ્ટમુદ્રણાલય, ગાંધીમાર્ગ,
પુલ નીચે, અમદાવાદ-૧

# બે શબ્દ

પરમપૂજ્ય શિલાતામ્રપત્રઆગમ નિર્માતા, ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક **આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર શાંતમૂર્તિ ગચ્છાધિપતિ ગીતાર્થ **આચાર્ય શ્રીમાણેક્યસાગરસૂરીશ્વરજી** મહારાજની આજ્ઞાથી અમારી સોસાયટીમાં પૂ. વયોવૃદ્ધ **વિનયસાગરજી મ.** વ્યાખ્યાનવાચસ્વતિ **મુનિશ્રી ચંદ્રોદયસાગરજી મ.** તથા **જિનેન્દ્રસાગરજી મ.** સં. ૨૦૧૮નું ચાતુર્માસ પધાર્યા ને અમારા સંઘને આનંદ થયો.

ચાતુર્માસમાં દેશનાની વાણી મીઠી વરસાવવા મહારાજશ્રીએ **પયન્ના** સંગ્રહનો ઉપદેશ શરુ કર્યો. તેમાં **શાસનપતિ મહાવીરદેવના** હસ્તદિક્ષીત **વીરભદ્રાચાર્યના ચઉસરણ** આદિ પયન્નાનો ઉપદેશ સાંભળવા મલ્યો. મહારાજશ્રીએ ભગવાનની વાણીને તેને ગૂંથનારા **વી**રભદ્રાચાર્યને વર્ણવ્યા. તેમને અંત સમયની આરાધના માટે પયન્ના જરૂરી છે તેમ ભારપૂર્વક સમજાવ્યું. આથી ભાવિકો રંગાયા અને તે રંગના પરિણામે '**અંતનો સાથી**' એ પુસ્તક બહાર પાડવાનો પ્રસંગ આવ્યો.

આ પુસ્તિકાનું સંપાદન કાર્ય, ગોઠવણી વગેરે આગમોદ્ધારક ઉપસંપદા પ્રાપ્ત મુનિકંચનવિજય મ. તથા **ચી**મનલાલ દલસુખભાઈ ગાંધી B. Com કર્યું છે.

આ પુસ્તિકાના પ્રકાશનના ઉપદેશક, સંપાદક, અઢીસો, અઢીસો કોપીના ગ્રાહકબંધુઓ બીજા પણ આ પુસ્તિકામાં મદદ કરતા ભાવિકો તે બધાનો અત્રે અમે આભાર માનીએ છીએ.

વળી જે જે પુસ્તકોમાંથી આ પુસ્તિકાની અંદર લેવાયું છે તે બધા પુસ્તકના પ્રકાશકોના ને સંપાદકોના અમે ઋણી છીએ.

'**અંતના સાથી**'નો સદ્‌ઉપયોગ કરી અંત અવસ્થા ભવ્યજીવો સુધારે તે જ અભ્યર્થના.

૨૦૧૯ પોષ સુદ ૧૫

લિ. **સુમતિભાઈ કસ્તુરભાઈ**
શ્રીજૈન સોસાયટી જૈન સંઘ.

# સમર્પણ

પૂર્વભવના આરાધેલા શ્રુતજ્ઞાનના પ્રભાવે
મેળવેલી પ્રતિભા અને ક્ષયોપશમના
બળે
આગમપ્રકાશનદ્વારા શ્રુતજ્ઞાન ફેલાવનાર,
આગમની તલસ્પર્શી વાચનાવડે
પૂર્વપુરુષોની ઝાંખી કરાવનાર,
શીલા અને તામ્ર પત્રમાં આગમોને કોરાવી
આગમ ચીરંજીવ બનાવનાર,
શાસનસંરક્ષણવડે જીવત વિતાવનાર,
પંચોતર વર્ષની વૃદ્ધાવસ્થાએ મૌન સ્વીકારી
અર્ધપદ્માસને શરીરાદિ વોસરાવનાર,
આગમોદ્ધારક, શૈલાનાનરેશપ્રતિબોધક,
દેવસૂર તપાગચ્છસામાચારીસંરક્ષક,
ધ્યાનસ્થસ્વર્ગત

**પ. પૂ. આ. શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી**
**મહારાજને**

**'અંતનો સાથી'**
સાદર સમર્પણ

*

આપના ચરણકમલનો ભ્રમર
**ચંદ્રોદયસાગર**

શ્રુતજ્ઞાનોદ્ધારકસંસ્થાઓના સંસ્થાપક, આગમવાચના દાતા
શીલાતામ્રપત્રાગમમંદિરોના પ્રસ્થાપક, દેવસુરતપાગચ્છસામાચારિ
સંરક્ષક, ધ્યાનસ્થસ્વર્ગત, આગમોદ્ધારક આચાર્ય

**શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ**



જન્મ સં. ૧૯૩૧ અ. વ. ૦)) કપડવંજ, દીક્ષા ૧૯૪૭ મ. સુ. ૫ લિંબડી,
ગણિ૦ ૧૯૬૦ જ. સુ. ૧૦ અમદાવાદ, પં. પદ ૧૯૬૦ અ. સુ. ૧૩ અમ.
આચાર્યપદ ૧૯૭૪ વૈ. સુ. ૧૦ સુરત, દેહોત્સર્ગ ૨૦૦૬ વૈ. વ. ૫ સુરત

ગચ્છાધિપતિ, મૂલીનરેશ પ્રતિબોધક, શાંતમૂર્તિ અદ્વિતીય પટ્ટધર

આચાર્યશ્રીમાણેક્યસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન

નમસ્કાર મંત્રારાધક

## મુનિશ્રી વિનયસાગરજી મહારાજ



જન્મ સંવત્ ૧૯૩૯ અસાડ સુદ ૧૩ કપડવંજ

દીક્ષા સંવત ૧૯૮૭ પોષ સુદ ૫ અમદાવાદ

(આ પુસ્તિકાના ઉપદેશક મુનિશ્રી ચંદ્રોદયસાગરજી મહારાજના સંસારીપિતા)

# ભાવભરી અંજલી

આપશ્રીએ આ બાળકને બાલ્યવસ્થામાં
સંયમ અપાવ્યો,
અધ્યયનમાં સતત પેરણા આપી
ઉદ્યમ કરાવ્યો,
શુભનિશ્રામાં રાખી
મારું જીવન કૃતાર્થ કર્યું,
તેવા
શાંતમૂર્તિ ગચ્છાધિપતિ
પૂજ્યપાદ
**આચાર્ય શ્રીમાણેકયસાગરસૂરીશ્વરજી**
મહારાજના
શિષ્યરત્ન, વયોવૃદ્ધ,
નમસ્કારમહામંત્રઆરાધક,
**મુનિરાજ શ્રી વિનયસાગરજી મહારાજને**

●●

આપનો
**ચંદ્રોદયસાગર**

# અંતિમ વિદાયનો વિવેક

યાત્રાળુને વિદાય માટેની તૈયારી નવી નથી હોતી, માત્ર તેમાં સાવધાનીની જરૂર હોય છે.

કેમકે પૂર્વ તૈયારીમાં બેપરવા બનેલા યાત્રાળુને અચાનક પ્રયાણ પ્રસંગે માનસિક વ્યાકુલતા ઘણી વધી જાય છે; પરિણામે યાત્રાનું ભાવીરૂપ વિકૃત પણ બની જાય છે.

તેથી સુજ્ઞ વિવેકી પુરુષોએ જીવનની સાધનાના અચૂક લક્ષ્ય-રૂપે વર્તમાન જીવનના ભાવી સ્વરૂપના સ્વીકાર માટેની મહાયાત્રાની સફળ તૈયારી દર્શાવી છે.

વળી વિચારોમાં આચારોનું પ્રતિબિંબ સંસ્કારોના બલે અથવા પ્રવૃત્તિ વખતે રહેલ કે રાખેલ વિવેકના આધારે આછું-ઘેરું પડતું હોય છે.

અને તે પ્રતિબિંબ ભાવી આચારોનું બીજક બનતું હોય છે.

માટે જીવનની પ્રવૃત્તિઓમાં સંસ્કારોનું મિશ્રણ થતું અટકાવી જ્ઞાનીઓના વચનોના યથાયોગ્ય ચિંતન અને તદનુસારી વર્તનના બળે સાંપડતા વિવેકનું તત્ત્વ ઘોળીને પ્રવૃત્તિઓમાંથી જન્મતું વિચારોમાંનું પ્રતિબિંબ શુભ અને સુખદ બન્યું રહે તે ઇચ્છવા જોગ છે.

તેથી જિનશાસનની આરાધના ભાવી યાત્રાના સ્વરૂપની વિકૃતિ અટકાવનાર તેની સફળ પૂર્વતૈયારી રૂપે સમાધિમરણ કે આરાધકભાવના મરણ તરીકે સફળ દર્શાવી છે.

ચાલુ જીવનના પ્રજીવક તત્ત્વ રૂપે મનાયેલ પૌદ્ગલિક પદાર્થના મોહ મમત્ત્વના લફંદરને ત્યજ્યા વિના મરણ વખતે સમાધિ ઉપજાવનાર ચતુઃશરણ ગમન, દુષ્કૃત્ ગર્હા યાને સુકૃત્ અનુમોદન સ્વરૂપ શ્રીનમસ્કારમહામંત્રની શરણાગતિ યથાર્થ રીતે પ્રગટતી નથી.

માટે ઔપાધિક સંબંધોની દેખાતી માયાવી અને હેરતભરી ઈન્દ્રજાલને ગુરુગમથી સાંપડેલ વિવેકબુદ્ધિના આધારે યથાર્થ તત્ત્વનિષ્ઠા અને શુદ્ધાત્મસ્વરૂપ તુલ્ય પરમેષ્ઠી ભગવંતોના ચરણે જાતને ન્યોછાવર કરી દેવાની તમન્નાબલે વિખેરી નાંખવા માટે પ્રસ્તુત પુસ્તકમાં અપાયેલી વિવિધ સામગ્રીનો યથાયોગ્ય રીતે ઉપયોગ કરવો જરૂરી છે.

યંત્રવાદ અને આસુરીશક્તિની પરાકાષ્ઠારૂપ વર્તમાન ભીષણ યુગમાં ભાવી જીવનની મહાયાત્રા અણધારી રીતે આવી પડવાના ભણકારા પ્રતિપલ–પ્રતિક્ષણ આરાધક ભવ્યાત્માઓના કાનમાં ગૂંજતા હોય છે.

તેવે વખતે ભાવી મહાયાત્રાને મંગલમય બનાવવાના સત્ સંકલ્પથી યોજાયેલ પ્રસ્તુત પુસ્તિકા સહરાના રણમાં–રઝળતા પ્રાણીને મીઠા પાણીની અખૂટ વીરડી મળ્યા જેટલો સંતોષ દેનારી વિવેકી આરાધક પુણ્યાત્માને થાય એ સહજ છે.

તે રીતે પ્રસ્તુત પુસ્તિકાના સંયોજક મહાનુભાવ અનેક આરાધક આત્માઓના અભિનંદનને પાત્ર બની જાય છે.

છેવટે–રેલ્વેમાં સળંગ સર્વિસમાં કામ કરતા ગાર્ડ માસ્તરને સદાકાલ બેડિંગ બાંધીને તૈયાર રહેવું પડે,–ન જાણે ક્યારે ઉપરી અમલદારનો ઓર્ડર આવે અને સ્થાનની ફેરબદલીનો પ્રસંગ આવી જાય, તેમ સોપક્રમી–અપવર્તનીય આયુષ્યના ધણી, હુંડા અવસર્પિણીના પાંચમા આરામાં માત્ર એક જિનશાસનની આરાધનાના બલે જીવી

રહેલા, આરાધક ભવ્યાત્માને ક્યારે આયુષ્યની છેલ્લી ઘડી આવીને ઊભી રહે તેની અનિશ્ચિત અવસ્થામાં સદાકાળ ગુરુગમથી સમાધિ જાળવવા માટે પૂર્વતૈયારી 'ચતુઃશરણ' ગમનાદિ દ્વારા કરતા રહેવાની પવિત્ર ફરજનું પાલન આ પુસ્તિકા દ્વારા કરી સકલ જીવો પરમ મંગલ મહાયાત્રાના બલે શાશ્વત સુખના ભાગી બનો એ શુભાભિલાષા.

વીરનિ. સં. ૨૪૮૯<br>
વિ. સં. ૨૦૧૯<br>
પો. સુદ ૭<br>
નથમલજી જૈન ધર્મશાલા<br>
મોતીચોક, જોધપુર(રાજ.)

પૂ. ગુરુદેવ શ્રીધર્મસાગરગણિવીર<br>
ચરણોપાસક<br>
મુનિ અભયસાગર

તેમને પણ મરણ સમયે સમતા રહી શકતી નથી; કોઈ કોઈવાર કોઈ કોઈ જીવ સમ્યગ્‌દર્શનપ્રાપ્ત મનુષ્યનો સંસર્ગ પ્રાપ્ત થાય તો તેવા જીવ મરણ સુધારી લઈ શકે છે. મનુષ્યને માટે તેમ નથી; તે સ્વતંત્ર છે, વિચારશીલ અને વિવેકશીલ પણ છે. તેને શ્રદ્ધા અને શ્રુત એ બેની પ્રાપ્તિ થઈ હોય તો તેવા જીવને આરાધના કરવાની મરણ સમયે તક મલી રહે છે.

અંત સમયે કરવાની આરાધનામાં નીચેના વિષયો સામાન્યતઃ ગણાય છેઃ **(૧) પહેલાં લીધેલ વ્રતના અતિચારની આલોચણ, (૨) ફરી નવેસર વ્રતોચ્ચાર, (૩) ક્ષમાપના, (૪) અઢાર પાપસ્થાનકનો ત્યાગ, (૫) ચાર શરણ, (૬) દુષ્કૃતનિંદા, (૭) સુકૃતઅનુમોદના, (૮) શુભભાવના, (૯) અનશન અને (૧૦) મહામંત્ર-નવકારનું સ્મરણ.**

ભવ્ય જીવને આ સર્વ વસ્તુ સુલભ બને તદર્થે આ પયન્ન-સંગ્રહની સંકલના કરી છે. તેમાં નીચે જણાવ્યાનુસાર ગ્રંથોનો સાર અપાયો છે. કેટલાક ગ્રંથ મૂળ અને અર્થ સાથે પણ છે. અને કેટલાકનો ટૂંકો અર્થ છે. જ્યારે કેટલાક વિસ્તારાર્થ પણ છે. ગ્રંથોનો ક્રમ આ પ્રમાણે છેઃ **(૧) નમસ્કાર–મહામંત્ર (૨) ચતુઃ-શરણપ્રકીર્ણક, (૩) ભક્તપરિજ્ઞાપ્રકીર્ણક (૪) આતુર-પ્રત્યાખ્યાનપ્રકીર્ણક, (૫) સંથારાપોરસી (૬) વીતરાગ-સ્તોત્ર પ્ર. ૧૭ (૭) પાપપ્રતિઘાત-ગુણબીજાધાન, (૮) ચતુર્ગતિજીવ ક્ષામણાકુલક, (૯) પર્યન્ત-આરાધના (૧૦) ચાર શરણ, (૧૧) પદ્માવતીની આરાધના (૧૨) પુણ્યપ્રકાશ સ્તવન અને (૧૩) આત્મભાવના.**

ઉપર જે દશ વિષયો જણાવ્યા છે તે ઉપરોક્ત તેર સંગ્રહમાં કોઈકમાં વિસ્તારથી અને કોઈકમાં સંક્ષેપથી આવી જાય છે; તેમ છતાં તેનો કાંઈક ખ્યાલ આપવો ઉચિત લાગે છે.

તેમને પણ મરણ સમયે સમતા રહી શકતી નથી; કોઈ કોઈવાર કોઈ કોઈ જીવ સમ્યગ્દર્શનપ્રાપ્ત મનુષ્યનો સંસર્ગ પ્રાપ્ત થાય તો તેવા જીવ મરણ સુધારી લઈ શકે છે. મનુષ્યને માટે તેમ નથી; તે સ્વતંત્ર છે, વિચારશીલ અને વિવેકશીલ પણ છે. તેને શ્રદ્ધા અને શ્રુત એ બેની પ્રાપ્તિ થઈ હોય તો તેવા જીવને આરાધના કરવાની મરણ સમયે તક મલી રહે છે.

અંત સમયે કરવાની આરાધનામાં નીચેના વિષયો સામાન્યતઃ ગણાય છેઃ **(૧) પહેલાં લીધેલ વ્રતના અતિચારની આલોયણ, (૨) ફરી નવેસર વ્રતોચ્ચાર, (૩) ક્ષમાપના, (૪) અઢાર પાપસ્થાનકનો ત્યાગ, (૫) ચાર શરણ, (૬) દુષ્કૃતનિંદા, (૭) સુકૃતઅનુમોદના, (૮) શુભભાવના, (૯) અનશન અને (૧૦) મહામંત્ર-નવકારનું સ્મરણ.**

ભવ્ય જીવને આ સર્વ વસ્તુ સુલભ બને તદર્થે આ પયન્ન-સંગ્રહની સંકલના કરી છે. તેમાં નીચે જણાવ્યાનુસાર ગ્રંથોનો સાર અપાયો છે. કેટલાક ગ્રંથ મૂળ અને અર્થ સાથે પણ છે. અને કેટલાકનો ટૂંકો અર્થ છે. જ્યારે કેટલાક વિસ્તારાર્થ પણ છે. ગ્રંથોનો ક્રમ આ પ્રમાણે છેઃ **(૧) નમસ્કાર-મહામંત્ર (૨) ચતુઃશરણપ્રકીર્ણક, (૩) ભક્તપરિજ્ઞાપ્રકીર્ણક (૪) આતુર-પ્રત્યાખ્યાનપ્રકીર્ણક, (૫) સંથારાપોરસી (૬) વીતરાગ-સ્તોત્ર પ્ર. ૧૭ (૭) પાપપ્રતિઘાત-ગુણબીજાધાન, (૮) ચતુર્ગતિજીવ ક્ષામણાકુલક, (૯) પર્યન્ત-આરાધના (૧૦) ચાર શરણ, (૧૧) પદ્માવતીની આરાધના (૧૨) પુણ્યપ્રકાશ સ્તવન અને (૧૩) આત્મભાવના.**

ઉપર જે દશ વિષયો જણાવ્યા છે તે ઉપરોક્ત તેર સંગ્રહમાં કોઈકમાં વિસ્તારથી અને કોઈકમાં સંક્ષેપથી આવી જાય છે; તેમ છતાં તેનો કાંઈક ખ્યાલ આપવો ઉચિત લાગે છે.

(૯,૧૨) **પર્યન્ત-આરાધના** અને **પુન્ય-પ્રકાશનું સ્તવન** એ બેમાં વિસ્તારથી ઉપરોક્ત દશે વિષય આવી જાય છે.

(૧) **નમસ્કાર-મહામંત્ર**-ચૌદ પૂર્વનો સારમય ને હરપળ સમરણ કરવા યોગ્ય છે.

(૨) **ચઉસરણ** (ચતુઃશરણ) પયન્નામાં ચાર શરણ, પાપ-નિંદા-ગર્હા અને સુકૃત્ અનુમોદના મુખ્ય છે.

(૩) **ભક્તપરિજ્ઞા** પયન્નામાં પંડિત મરણથી થતા લાભની, નિયાણાત્યાગની અને બોધીલાભ એ વિષયની મુખ્યતા છે.

(૪) **આઉરપચ્ચક્ખાણમાં** પાંચ **પ્ર**કારનાં મરણ બતાવ્યાં છે અને તેમાંથી જીવે કયા **પ્ર**કારનું મરણ ઈષ્ટ છે તે **પસંદ** કરવાનું છે. સમાધિમરણ માટે સંથારાની અને તે ઉપરાંત સમાધિ ટકાવવાના ઉપાય એ તેની વિશેષતા છે.

(૫) **સંથારાપોરસીમાં** સર્વ જીવ કર્મવશ છે. સંજોગાધીન છે; માટે સંજોગ સંબંધને વોસરાવવો અને ખમતખામણાં કરવાં એ મુખ્ય વિષય છે.

(૬) **વીતરાગસ્તોત્રના ૧૭** મા **પ્ર**કાશમાં સુકૃત્ અનુમોદના, દુષ્કૃત્ નિંદા અને ચાર શરણનો અધિકાર છે.

(૭) **પંચસૂત્રના** પાપપ્રતિઘાત ગુણબીજાધાન સૂત્રમાં પંચપરમેષ્ઠિ નમસ્કારથી શરુઆત કરી અનાદિ સંસારમાં તથા ભવ્યત્વ દર્શાવી સમકીત બીજ, અનુવ્રત, મહાવ્રત; મન, વચન અને કાયાની શુદ્ધિ, સામાયિક, વ્રતોચ્ચાર, ગુરુકુલવાસ, આજ્ઞાપાલન આદિ ઉપાયોથી ગુણબુદ્ધિ અને પરંપરાએ મોક્ષ બતાવ્યો છે.

(૮) **ક્ષામણાકુલકમાં** ચાર ગતિના જીવો સાથે જે કાંઈ અપરાધ સંસાર ચક્રમાં ભમતાં થયો હોય તેમની ક્ષમાપના કરી છે.

(૧૦) **ચારશરણ**માં સંક્ષેપથી ઉપર દર્શાવેલ દશ વિષયોનું સ્વરૂપ છે.

(૧૧) રાણી **પદ્માવતીની આરાધના**માં વિસ્તારથી ચોરાસી લાખ જીવયોનિની ક્ષમાપના છે અને સંજોગ સંબંધ વોસગવવાની વાત મુખ્ય છે. વળી તેના લાભ પણ બતાવ્યા છે. ( આમાં ત્રીજી ઢાળ બોલે છે તો બીજી બે ઢાળો કયાં અને ત્રીજી ઢાળ પછી ઢાળો છે કે કેમ તે વિચારણીય છે. )

(૧૩) **આત્મભાવના**માં જીવને ઇષ્ટ શું છે તે બતાવી નામાદિ-જિનનો અધિકાર લીધો છે ને અંતે મોક્ષની પ્રાપ્તિ અર્થે પ્રયત્નનું સંક્ષેપથી વર્ણન છે.

**ચઉસરણ** ને **આઉરપચ્ચક્ખાણ** પયન્નાના અર્થનો આધાર **ઉ**મેદચંદ **રા**યચંદ માસ્તરની પ્રકાશીત પુસ્તિકાનો લીધો છે ને તેની ઉપર સુધારો કરીને સંકલના કરી છે. **ભક્તપરિજ્ઞા, પર્યન્ત આરાધના**ના અર્થ સાધ્વીશ્રી પુષ્પાશ્રીના ઉપદેશથી છપાયેલ **પયન્નાસંગ્રહ**ના લીધાં છે. **પાપપ્રતિઘાત**ના અર્થ, **ક્ષામણાકુલક**ના અર્થ, **ચારશરણ, પદ્માવતી આરાધના, પુન્યપ્રકાશ**નું સ્તવન ને **આત્મભાવના,** એટલું **ચઉસરણાદિ આરાધના સંગ્રહ**ના આધારે લીધાં છે. **૧૭ મા પ્રકાશ**ના અર્થ દે. લા. ની પ્રકાશિત પુસ્તિકાના આધારે લીધા છે અને અર્થ સાથે **સંથારાપોરસી શ્રે**યસ્કર મંડળ **મહે**સાણાના આધારે લીધું છે.

મુનિરાજ શ્રી**ચં**દ્રોદયસાગરજી મહારાજે આ પુસ્તિકા સંપાદનનું કાર્ય અમને સોંપ્યું તે માટે અમારે તેમનો આભાર માનવો રહ્યો; કારણ કે અમને જ્ઞાનગંગાના દર્શન થવા ઉપરાંત તેમાં તરવાનો જે લ્હાવો મળ્યો તે કદી પણ ન મલત.

પ્રુફો સુધારવાની પૂરતી કાળજી રાખવા છતાં કેટલીકવાર ભૂલો એવી છટકી જાય છે કે તે છપાયા પછી જ નજરે પડે છે; તો અમે જે કાર્ય અમારા ક્ષયોપશમ અનુસાર કર્યું છે તેમાં જે કાંઈ સ્ખલના જણાય તે વાચક અમને જણાવે તો અમે તે માટે ફરી-વારની આવૃત્તિ વખતે સુધારવા શક્તિમાન થઈશું. મુદ્રણદોષ, મતિમંદતા આદિ કારણે થયેલ સ્ખલના માટે મિચ્છામિ દુક્કડં.

લિ.

અમદાવાદ
નાગજી ભુદરની પોળ
૨૦૧૯ પો. સુ. ૧૫

આગમોદ્ધારક ઉપસંપદા પ્રાપ્ત
મુનિ કંચનવિજય

# શેઠ પોચાલાલ ડાહ્યાભાઈનું જીવનચરિત્ર

રા. રા. પોચાલાલભાઇનો જન્મ અમદાવાદ લુણસાવાડાની મોટી પોળમાં સંવત ૧૯૪૫ માં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ડાહ્યાભાઈ દોલતરામ હતું.

તે સમયે તેમની કૌટુંબિક સ્થિતિ સામાન્ય ગણાય-તેવી હતી. આથી સત્તર વર્ષની વયમાં કાપડની પેઢીમાં નોકરી રહ્યા અને વખત જતાં મસ્કતી મારકીટમાં શેઠ જેસંગભાઈ છોટાલાલ સુતરિયાની પેઢીમાં ભાગીદાર બન્યા. થોડા વખત પછી તેઓશ્રીએ રંગવાળા મારકીટમાં સ્વતંત્ર દુકાન કરી; અને તે ઉપરાંત નાગપુરમાં પ્રબોધચંદ્ર રમેશચંદ્ર એ નામની કાપડની પેઢી ચાલુ કરી.

જીવન સાદું, કરકશરવાળું હતું અને પોતે જાત મહેનતથી આગળ વધ્યા હતા.

તેઓશ્રી સ્વભાવે માયાળુ. સેવાભાવી (સેવા કરવા માટે તત્પર રહેનારા) અને પરોપકાર વૃત્તિવાળા હતા. જૈન સોસાયટી, અમદાવાદ બંગલો બંધાવી ત્યાં રહ્યા. તે દરમિયાન સંઘના કાર્યોમાં રસ લેતા રહ્યા. સાધુ સાધ્વીની વૈયાવચનો ગુણ સારો હતો. ત્યાંનું આયંબિલખાતું અંગત દેખરેખ, કાળજી અને કરકસરથી ચલાવતા હતા.

અંગત જીવન પ્રામાણિક, ધાર્મિક અને એકનિષ્ઠ હતું. છેવટના વર્ષોમાં વેપાર પૂત્રોને સોંપી ધાર્મિક જીવન શરુ કર્યું; પાંચ તિથિ પોસહ, ઉપધાન, ગિરિરાજની નવાણુયાત્રા આદિ કરવા ઉપરાંત દ્રવ્યનો પણ સદુપયોગ તેઓશ્રી કરતા. તેમનો દેહોત્સર્ગ સં. ૨૦૧૮ ચૈત્ર સુદ ૧૦ના થયો હતો. તેમનાં પત્ની લીલાવતીબેન, સેવાભાવી બે પુત્રો અને બે પુત્રીઓ વગેરે બહોળું કુટુંબ એ સૌને તેમણે સુખી સ્થિતિમાં મુકયાં છે.

જૈન સોસાયટીમાં ધાર્મિક ક્રિયામાં અગ્રેસર

## શેઠ પોચાભાઈ ડાહ્યાભાઈ



આ પુસ્તિકાના પ્રકાશનમાં તેઓશ્રીના સ્મરણાર્થે
તેમના સુપુત્રોએ સારી રકમ આપી છે.

# અનિત્ય ભાવના સજ્ઝાય

મુંઝમા મુંઝમા મોહમાં જીવ તું, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર એ અથિર તું અથિર તનું જીવિતં,
ભાવ્ય મન ગનહરિચાપ પેખી ॥૧॥

લચ્છિ સરિયત પરે એક ઘર નવિ રહે, દેખતાં જાય પ્રભુ જીવ લેતી,
અથિર સબ વસ્તુને કાજ મુઢા કરે, જીવડો પાપની કોડી કેતી ॥૨॥

ઉપની વસ્તુ સવિ કારમી નવિ રહે. જ્ઞાનશું ધ્યાનશું જો વિચારી;
ભાવ ઉત્તમ હર્યા અધમ સબ ઉધર્યા, સંહરે કાલ દીનરાત ચારી ॥૩॥

દેખ કલિ કુતરો સર્વ જગને ભખે, સુંદરી ભૂપ નર કોડી કેતી;
અથિર સંસારને સ્થિરપણે જે ગણે, જાણુ તસ મુડની બુદ્ધિ ખોટી ॥૪॥

રાય મમ રાજ્યની રિદ્ધિશું પરિવર્યો, અંતે સબ રિદ્ધિ વિસરાલ હોસે;
રિદ્ધિ સાથે સબ વસ્તુ મુકિ જશે, દિવસ દોતિન પરિવાર રોશે ॥૫॥

કુસુમ પરે યૌવનં જલબિન્દુ જીવતં, ચંચલં નરસુખં દેવ ભોગો;
અવધિમન કેવલી સુકવિ વિદ્યાધરા, કલિયુગે તેહનો પણ વિયોગો ॥૬॥

ધન્ય **અ**ન્નિકાસુત ભાવના ભાવતો. કેવલ સુર નદીમાંહે લિનો;
ભાવના સુરલતા જેણે મન રોપી, તેણે શિવનારી પરિવાર કીધો ॥૭॥

★

# ભાવના મહિમા સજ્ઝાય

વિમલકુલ કમલના હંસ તું જીવડા,
ભુવનના ભાવ ચિત જો વિચારી;
જેણે આ મનુજ ગતિ રત્ન નવિ કેળવ્યું,
તેણે નર નારી મણિ કોડી હારી ॥૧॥

જેણે સમકીત ધરી સુકૃતમતિ અનુસરી,
તેણે નર નારી નિજ ગતિ સમારી;
વિરતિ નારી વરિ કુમતિ મતિ પરિહરિ,
તેણે નરનારી સબ કુગતિ વારી ॥૨॥

જૈનશાસન વિના જીવ જતના વિના
જે જના જગ ભમે ધર્મ હીના;
જૈન મુનિદાન બહુ માન દીના નરા,
પશુ પરે તે મરે ત્રિજગ દીના ॥૩॥

જૈનના દેવ ગુરુ ધર્મ ગુણુ ભાવના,
ભાવ્ય નિત જ્ઞાન લોચન વિચારી;
કર્મ ભર નાશની બાર વર ભાવના,
ભાવ્ય નિત જીવ તું આપ તારી ॥૪॥

સર્વ ગતિમાંહિ વરનરભવો દુલ્લહો,
સર્વ ગુણુ રત્નનો સોઽધિકારી;
સર્વ જગ જંતુને જેણે હિત કીજીએ,
સોઈ મુનિ વંદિએ શ્રુત વિચારી ॥૫॥

★

॥ नमो वीतरागाय ॥

# અંતનો સાથી

## પહેલો સાથી

### श्रीनमस्कार–महामंत्रः

णमो अरिहंताणं ॥१॥
णमो सिद्धाणं ॥२॥
णमो आयरियाणं ॥३॥
णमो उवज्झायाणं ॥४॥
णमो लोए सव्वसाहूणं ॥५॥
एसो पंचणमुक्कारो,
सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं,
पढमं हवइ मंगलं ॥१॥

卐

## બીજો સાથી

### सिरिवीरभद्दकयं

### चउसरणपइण्णायं

(વિધિ–આ પયન્નો ત્રણ આયંબિલ કરી ભણવાની વિધિ છે.)

પ્રાસ્તાવિક:–સંસારી પ્રાણીઓને જન્મમરણના દુ:ખથી બચાવવા પૌદ્ગલિક પદાર્થ સમર્થ નથી; તે માટે તો અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ સમર્થ છે. આ સારૂ ભવ્ય પ્રાણીઓના હિતને વિચાર કરતાં ચાર શરણનું સ્મરણ કરી શકાય એ હેતુથી **શ્રીમહાવીર ભગવંતના** શિષ્ય શ્રી**વીરભદ્ર** મુનિ **ચઉસરણપયન્નાની** રચના કરે છે.

प्रणम्य श्रीसुव्रततीर्थराजं, गुरुंश्च योगत्रितयस्य शुद्धया ।
चतुःशरणाख्यप्रकीर्णकेऽहं, बालावबोधादिकं करिष्ये ॥१॥

તીર્થરાજ એવા **મુનિસુવ્રત** જિન તથા ગુરુશ્રીને પ્રણામ કરીને ત્રિકરણ યોગની શુદ્ધિ સહિત બાળજીવોના બોધના માટે **ચઉશરણ** પ્રકિર્ણકના બાલાવબોધની હું રચના કરું છું: આ પયન્નો પોતેજ મંગળ રૂપ છે; તેમ છતાં શિષ્યોને બતાવવા સારૂ ગુરુ છ આવશ્યકરૂપ મંગળાચરણ કરે છે:

**सावज्जयोग विरई, उक्कित्तणगुणवओ अ पडिवत्ती ।**
**खलियस्स निंदणावण तिगिच्छगुणधारणा चेव ॥१॥**

(૧) રાગદ્વેષના કારણે થતા પાપવાળા મન, વચન અને કાયાના વ્યાપારને રોકવારૂપ સામાયિક,(૨) ચોવીશ તીર્થંકર ભગવંતોની સ્તુતિરૂપ ચઉવિસત્થો; (૩) પાંચ મહાવ્રતને પાળનાર શુદ્ધ ગુરુને વંદન રૂપ વંદના; (૪) પાંચ મહાવ્રત અથવા પાંચ અણુવ્રત એ મૂળગુણ અને પિંડવિશુદ્ધિ અથવા દિગ્વિરમણ આદિ ઉત્તરગુણ; તેમાં લાગેલા અતિચારની નિંદા, ગર્હા કરવા રૂપ પ્રતિક્રમણ; (૫) પ્રતિક્રમણ આવશ્યક કરવા છતાં પણ આત્માને મલીન કરનાર દોષો જે શુદ્ધ થયા નથી તેની વિશેષ શુદ્ધિ માટે કાઉસગ્ગ; (૬) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ દરેકના મૂળગુણ અને ઉત્તર ગુણને પુષ્ટ કરતા પચ્ચક્ખાણ એ છએ દરેકને રાત્રિ-દિવસ નિયત કરવા યોગ્ય હોવાથી આવશ્યક ગણાય છે. ॥૧॥ પ્રત્યેક આવશ્યક માટે વિસ્તારથી કહેતાં પહેલાં સામાયિક આવશ્યકથી થતી ચારિત્રની શુદ્ધિ દર્શાવે છે. આચારશુદ્ધિ માટે પ્રતિક્રમણ છે; તેમ સામાયિક આદિ આવશ્યક દ્વારા કયા કયા આચારની શુદ્ધિ, એ દરેકનું સ્વરૂપ અને એ દરેક શી રીતે કરાય તે દર્શાવે છેઃ

चारित्तस्स विसोही कीरइ सामाइएण किल इहयं ।
सावज्जेयरजोगाणं वज्जणासेवणत्तणओ ॥२॥

અન્ય દર્શનમાં ‘ સામાયિક ’ એવો શબ્દ પણ નથી; જૈન દર્શનમાં ‘ સામાયિક ’ શબ્દથી રાગદ્વેષથી થતી મન, વચન અને કાયાની પાપપ્રકૃતિને રોકી સમ્યક્ત્વ, આવશ્યક આદિ નિરવદ્ય-નિષ્પાપ પ્રવૃત્તિ સેવવારૂપ ક્રિયા થાય છે.

તે દ્વારા દેશવિરતિ અને સર્વવિરતિ એ દરેક પ્રકારના ચ. રત્રની નિશ્ચયથી શુદ્ધિ થાય છે. ॥૨॥ બીજા આવશ્યકનું સ્વરૂપ અને તેનાથી થતી શુદ્ધિને જણાવે છે.

दंसणयारविसोही, चउवीसायत्थएण किच्चइ य ।
अच्चब्भुअगुणकित्तण–रूवेण जिणवरिंदाणं ॥३॥

લોકમાં ઉદ્યોત કરવા આદિ આશ્ચર્યકારક ગુણોની સ્તવના કરવા રૂપ જિનેશ્વર ભગવાનના, વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરવાથી આઠપ્રકારના દર્શનાચારની શુદ્ધિ થાય છે. ॥૩॥ વંદન નામના ત્રીજા આવશ્યકથી કયા કયા ગુણની શુદ્ધિ થાય છે તે દર્શાવે છે:

नाणाईआ उ गुणा तस्संपन्नपडिवत्तिकरणाओ ।
वंदणएणं विहिणा कीरइ सोही उ तेसिं तु ॥४॥

જ્ઞાન આદિ ગુણવાળા ગુરુમહારાજને વિધિપૂર્વક વંદન કરવાથી આત્માના સ્વાભાવિક ગુણ એવા જ્ઞાન દર્શન ચારિત્ર આદિની શુદ્ધિ થાય છે. ॥૪॥ પૂર્વે કહેલ જ્ઞાનાદિ ગુણોમાં લાગેલ અતિચાર આદિની શુદ્ધિ પ્રતિક્રમણ અને કાઉસગ્ગ એ બે આવશ્યકથી થાય છે તે તે પછીની બે ગાથામાં બતાવે છે:

खलिअस्स य तेसि पुणो विहिणा जं निंदणाइ पडिकमणं ।
तेण पडिक्कमणेणं तेसिंपि अ कीरए सोही ॥५॥

चरणाइयाइयाणं जहक्कम्मं वणतिगिच्छरूवेणं ।
पडिकमणासुद्धाणं सोही तह काउसग्गेणं ॥६॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણ આચારમાં લાગેલા આશાતના, વિનયહીનતા, શ્રદ્ધાહીનતા, વિપરીતપ્રરુપણા આદિ કારણે ઉપરોક્ત આચારમાં જે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર રૂપ દોષ લાગ્યો હોય તેની આત્માની સાક્ષીએ નિંદા કરવી અને ગુરૂની સાક્ષીએ ગર્હા કરવી. આ નિંદા અને ગર્હારૂપ પ્રતિક્રમણ આવશ્યકથી મલીન થયેલ આચારની શુદ્ધિ થાય છે. આ પ્રતિપાદનથી, જે વ્યક્તિને દૂષણનો સર્વથાત્યાગ ન હોય તે પણ નિંદા અને ગર્હા કરવા સારૂ પ્રતિક્રમણ કરે તેમ સિદ્ધ થાય છે. ।।૫।। જેમ વ્યાધિ સામાન્ય ઔષધથી ન મટે તો વિશેષ ઔષધની જરૂર પડે છે તેમ પ્રતિક્રમણ રૂપ ચોથા આવશ્યકથી પણ સંપૂર્ણ શુદ્ધ ન થયેલ એવા પાંચ આચારની વિશેષ શુદ્ધિ માટે પાંચમા કાઉસગ્ગ આવશ્યકની જરૂર રહે છે. આમ ચોથું આવશ્યક સામાન્ય ઔષધ અને પાંચમું આવશ્યક વિશેષ ઔષધ તુલ્ય છે. ।।૫, ૬।। દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર એ ત્રણ આચારના દોષની શુદ્ધિ કર્યા પછી તપાચાર, વીર્યાચાર એ એ આચારની શુદ્ધિરૂપ પચ્ચખ્ખાણ નામનું છઠું આવશ્યક છેઃ

**गुणधारणरुवेणं पच्चक्खाणेण तवइयारस्स ।**
**विरिआयारस्स पुणो सव्वेहिवि कीरए सोही ।।७।।**

આશ્રવ રોકવાથી તૃષ્ણા નાશ પામે છે. તૃષ્ણાના નાશથી અપૂર્વ એવો શાંતગુણ આત્મામાં પ્રકટે છે. આ શાંત ગુણથી ચારિત્ર નિર્મલ બને છે. ચારિત્ર નિર્મલ બનતાં ઘાતીકર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાન આત્મામાં પ્રગટે છે અને અંતે ભવોપગ્રાહી ચાર અઘાતી કર્મનો પણ ક્ષય થતાં

મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે પચ્ચક્ખાણમાં રહેલ ગુણને શુદ્ધ કરવા પચ્ચક્ખાણ આવશ્યક જરૂરનું છે. (આ-શ્રવ રોકવાથી તૃષ્ણાનો નાશ બતાવ્યો તેથી સમજવાનું એ છે કે પહેલા પ્રાણાતિપાતઆદિવ્રત લેવાથી આશ્રવ રોકતાં તૃષ્ણાનો છેદ થાય, પરિણામે મન વિશુદ્ધ અને નિર્મલ બને છે. અહીં તૃષ્ણા છેદીને આશ્રવ રોકવાનું કહેતા નથી; આ ઉપરથી મનની શુદ્ધિ માટે પહેલાં દ્રવ્યથી વિધિપૂર્વક આવશ્યક, વ્રત, અભિગ્રહ આદિ કરવાં જોઈએ એમ સિદ્ધ થાય છે. ॥૭॥ સર્વ તીર્થંકરની સ્તુતિ થઈ શકે તે સારુ ચૌદ સ્વપ્નના કથન રૂપ મંગળ કરે છે:

**गय १ वसह २ सींह ३ अभिसेय ४ दाम ५ ससि ६ दिणयरं ७ झयं ८ कुंभं ९ । पउमसर १० सागर ११ विमाण—भवण १२ रयणुच्च १३ सिहिं १४ च ॥८॥**

તીર્થંકર ભગવંત તેમની માતાની કુક્ષીને વિષે ઉત્પન્ન થાય ત્યારે સર્વ તીર્થંકરોની માતાઓ નીચેના ચૌદ સુપન જુએ છે. (૧) હાથી, (૨) વૃષભ, (૩) સિંહ, (૪) લક્ષ્મીદેવીનો અભિષેક, (૫) ફુલની માળા, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ધ્વજ, (૯) રૂપાનો કળશ, (૧૦) પદ્મસરોવર, (૧૧) ક્ષીરસાગર, (૧૨) વિમાન અથવા ભવન, (૧૩) રત્નનો ઢગ અને (૧૪) ધૂમાડા વગરનો અગ્નિ. (જે તીર્થંકર ઉર્ધ્વ લોકથી આવી અવતરે તેમની માતા વિમાન અને અધોલોકથી આવી અવતરે તેમની માતા ભવન બારમા સ્વપ્નમાં જુએ.) આમ સ્વપ્નો ચૌદ જ જાણવાં ॥૮॥ આસન્ન ઉપકારી એવા ભ. મહાવીરની

સ્તવના કરી મંગળ કરતાં 'ચઉસરણ' પયન્નો કરવાની પ્રતિજ્ઞા કરે છે.

अमरिंदनरिंदमुणिंदवंदिअं वंदिउं महावीरं ।
कुसलाणुबंधि बंधुरमज्झयणं कित्तइस्सामि ॥९॥

દેવતાઓ અને તેમના ચોસઠ ઇન્દ્ર; મનુષ્ય અને તેમના ઇન્દ્ર એવા ચક્રવર્તી; મુનિ અને તેમના ઇન્દ્ર, શ્રુતકેવલી આદિએ સૌએ જેમની સ્તવના કરી છે, તેવા મહાવીર સ્વામીની સ્તવના કરતાં સમાધિમરણના કારણભૂત મોક્ષને પમાડનાર હોવાથી શ્રેષ્ઠ એવા 'ચઉસરણ' નામનું અધ્યયન (પયન્નો) હું કહીશ. આમ ભ. મહાવીરના શુદ્ધ શિષ્ય 'વીરભદ્રમુનિ' પોતે પ્રતિજ્ઞા કરે છે. ॥૯॥ મંગળ કર્યા પછી આ પયન્નામાં શું જણાવવું છે તે એક ગાથામાં દર્શાવે છે:

चउसरणगमण १ दुक्कडगरिहा २ सुकडाणुमोयणा ३ चेव ।
एस गणो अणवरयं कायव्वो कुसलहेउत्ति ॥१०॥

(૧) અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રરૂપિત ધર્મ એ ચાર શરણ કરવાની રીત રૂપ પહેલો; (૨) આત્માએ અશુદ્ધ પરિણામમાં વર્તતાં જે પાપ–દોષ આદિ કર્યા હોય તેની નિંદા કરવારૂપ બીજો; (૩) આત્માના સ્વાભાવિક ગુણોમાં-સ્થિર રહી ધાર્મિક આચરણા કરી હોય તે બદલ હર્ષોલ્લાસરૂપ અનુમોદના એ ત્રીજો એમ ત્રણ અધિકાર કહેવાના છે. એ ત્રણ અધિકાર મોક્ષના હેતુભૂત છે, માટે મોક્ષ ઇચ્છનાર ભવ્યજીવે સમાધિમરણ માટે એ અવશ્ય કરવાં જોઈએ. ॥૧૦॥ પહેલા અધિકારમાં ચારશરણનાં નામ અને ચારશરણ કરવાની લાયકાત દર્શાવે છે:

## —: ચાર શરણ :—

**अरिहंत सिद्ध साहू केवलिकहिओ सुहावहो धम्मो ।**
**एए चउरो चउगइहरणा सरणं लहइ धन्नो ॥११॥**

આગળ વર્ણન કરવાનું છે એવા અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રણીત ધર્મ એ ચાર શરણ ચાર ગતિનો મૂળથી નાશ કરનાર છે. તે ભાગ્યશાળી છે કે જે આ ચારશરણ સ્વીકારે છે. ॥૧૧॥

**अह सो जिणभत्तिभरुच्छरंतरोमंचकंचुअकरालो ।**
**पहरिसपणउम्मीसं सीसंमि कयंजली भणइ ॥१२॥**

ચારશરણ અંગીકાર કરનાર ભવ્ય પ્રાણી જિનેશ્વર ભગવંત પ્રતિ ભક્તિ ભાવપૂર્વક ઊભા થતાં, જેના રૂવાંટા ઊભાં થયેલા હોવાથી રાગ આદિ શત્રુને ભયંકર દેખાય તેવો છતાં અતિ હર્ષવંત બની અરિહંત ભગવાન પ્રતિ સ્નેહવાસિત બની બે હાથ જોડી નીચેની દશ-ગાથાનુસાર ગુણવાળા 'અરિહંત'નુ શરણ અંગીકાર કરતાં બોલે છે.

## —પહેલુ શરણ અરિહંતનુ—

**रागद्दोसारीणं हंता कम्मट्ठगाइ अरिहंता ।**
**विसयकसायारीणं अरिहंता हुंतु मे सरणं ॥१३॥**

કામરાગ, સ્નેહરાગ, અને દૃષ્ટિરાગ એ ત્રણ પ્રકારના રાગ અને દ્વેષરૂપ શત્રુનો નાશ કરનાર; આઠકર્મ, ઉપસર્ગ, પરિષહ આદિ શત્રુને જીતનાર; અનંત સંસારમાં રખડાવનાર પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષય, સોળ કષાય, નવ નોકષાયરૂપ

શત્રુને જેણે કાબુમાં લીધા છે તેવા અરિહંત મને સંસાર-ભ્રમણ રૂપ દુઃખ મટાડવા શરણભૂત હો. ॥૧૩॥ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મ; પ્રતિકુળ અને સાનુકુળ ઉપસર્ગ; ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કારપુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન એ બાવીશ પરિષહ; અનંતાનુબંધી એવા ક્રોધ, માન, માયા અને લોભ; અપ્રત્યાખ્યાની એવા ક્રોધ, માન, માયા અને લોભ, પ્રત્યાખ્યાની એવા ક્રોધ, માન, માયા અને લોભ; સંજ્વલન, ક્રોધ, માન માયા, અને લોભ; હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ પુરુષવેદ, અને નપુંસકવેદ એ નવ નોકષાય.)

**रायसिरिमुवक्कमित्ता तवचरणं दुच्चरं अणुचरित्ता ।**
**केवलसिरिमरिहंता अरिहंता हंतु मे सरणं ॥१४॥**

રાજલક્ષ્મીનો ત્યાગ કરી, અલ્પ પરાક્રમી માટે દુઃશક્ય એવા તપ અને ચારિત્રનુ સેવન કરી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મનો મૂલથી ક્ષય કરી કેવલજ્ઞાનરૂપ આત્માના સ્વાભાવિક ગુણરૂપ લક્ષ્મીને પામવાને યોગ્ય બનેલ (પામેલા) એવા અરિહંત આ સંસારરૂપ કેદખાનામાંથી મને છોડાવવા શરણ-ભૂત હો. ॥૧૪॥

**थुइवंदणमरिहंता अमरिंदनरिंदपूअमरिहंता ।**
**सासयसुहमरहंता अरिहंता हुंतु मे सरणं ॥१५॥**

(વચનથી કરાતી) સ્તુતિ (અને શરીરથી કરાતા) વંદનને યોગ્ય; દેવતા અને તેમના ઇંદ્ર, મનુષ્ય અને તેમના ઇંદ્ર તેમણે કરેલ પૂજા માટે યોગ્ય; કોઈપણ દિવસ નાશ ન પામે તેવું શાશ્વત એવું મોક્ષ પામનાર અને પમાડનાર એવા યોગ્ય અરિહંત ભગવંત પુદ્‌ગલપરિણતિરૂપ દાવાનળને શમાવવા માટે મને શરણભૂત હો. ॥૧૫॥

**परमणगयं मुणंता जोइंदमहिंदझाणमरहंता ।**
**धम्मकहं अरहंता अरिहंता हुंतु मे सरणं ॥१६॥**

પ્રાણીઓના મનમાં રહેલ મર્મને જાણનાર (ઉપ-લક્ષણથી લોકાલોકમાં રહેલ સમસ્ત દ્રવ્યના ગુણ અને તેના પર્યાયના જાણકાર), ગૌતમ સ્વામી આદિ યોગીશ્વરો અને શક્રેન્દ્ર આદિ ઇંદ્રો જેવાને પણ ધ્યાન કરવા યોગ્ય (ઉત્સર્ગ માર્ગે કેવલજ્ઞાન થયા પછી) સમગ્ર ભવ્ય પ્રાણીઓના ક્લેશનો નાશકરનાર ધર્મકથાને કહેવા યોગ્ય એવા અરિહંત સંસારમાં થતી પીડાઓથી રક્ષણ કરવા મને શરણભૂત થાઓ. ॥૧૬॥

**सव्वजिआणमहिंसं अरहंता सच्चवयणमरहंता ।**
**बंभव्वयमरहंता अरिहंता हुंतु मे सरणं ॥१७॥**

સંસારમાં સર્વ પ્રાણીઓની દયા પાળવાને યોગ્ય, સત્ય વચન બોલવાને યોગ્ય, અઢાર પ્રકારના મૈથુન ત્યાગરૂપ બ્રહ્મચર્યવ્રત ધારણ કરવા યોગ્ય એવા અરિહંત ભગવાન આત્માના અહિંસા આદિ સ્વાભાવિક ગુણોની વૃદ્ધિ માટે મને શરણભૂત હો. ॥૧૭॥

ओसरणमवसरित्ता चउतीसं अइसए निसेवित्ता ।
धम्मकहं च कहंता अरिहंता हुंतु मे सरणं ॥१८॥

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક આદિ ચાર પ્રકારના દેવોએ રચેલ સમોવસરણને શોભાવતા, (બેસી ઉપદેશ દેતા) અને ચોત્રીશ અતિશય સહિત શોભતા, ધર્મ-કથાને કહેતા એવા અરિહંત ભગવાન મારા અનાદિકાળના અજ્ઞાનને નાશ કરવા માટે મને શરણભૂત હો. ॥૧૮॥

एगाइ गिराऽणेगे संदेहे देहिणं समं छित्ता ।
तिहुयणमणुसासंता अरिहंता हुंतु मे सरणं ॥१९॥

(જેમ એક રાજાની ત્રણ રાણીઓએ અનુક્રમે જળ, ગાયન અને શિકાર માંગ્યા, તેમણે રાજાએ 'સર નથી' એ એકવચન માત્રથી ત્રણે રાણીઓનું સમાધાન કર્યું તેમ) એકવચન માત્રથી સુર, અસુર, મનુષ્ય અને તિર્યંચ એ સર્વ પ્રાણીઓના સંદેહને એકી સમયે છેદીને ત્રણે જગતને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ આદિના સ્વરૂપને બતાવવા ધર્મોપદેશ આપતા એવા અરિહંત ભગવાન મને શરણભૂત હો. ॥૧૯॥

वयणामएण भुवणं निव्वावित्ता गुणेसु ठावंता ।
जिअलोअमुद्धरंता अरिहंता हुंतु मे सरणं ॥२०॥

ભૂખ, તરસ, પીડા આદિ દૂષણોનો નાશ કરતા; વચન રૂપ અમૃતે જગતને શાંત કરતા; (સંતોષ આપતા) જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોને વિષે જગતને સ્થાપન કરતા અને એ રીતે ભવ્ય પ્રાણીઓને સંસારમાં માર્ગ બતાવી

તેમનો ઉદ્ધાર કરતા એવા અરિહંત ભગવાન મને શરણ-ભૂત થાઓ ॥૧૨૦॥

**अच्चब्भुयगुणवंते निअजससससहरपसाहिअदिअंते ।**
**निअयमणाइअणंते पडिवन्नो सरणमरिहंते ॥२१॥**

બીજા કોઇને પણ ના હોય તેવા અતિ ચમત્કારી આઠ પ્રાતિહાર્ય અને ચોત્રીશ અતિશયવાળા; પોતાના યશરૂપ ચંદ્ર વડે જેમણે દિશાઓના અંતને જ્ઞાનપ્રકાશથી શોભાવ્યો છે એવા; શાશ્વત-અનાદિઅનંત એવા અરિહંતોને મેં શરણરૂપે અંગીકાર કર્યા. (આ ગાથામાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળના અરિહંતોનું ગ્રહણ કર્યું છે) ॥૨૧॥

**उज्झियजरमरणाणं समत्तदुक्खत्तसत्तसरणाणं ।**
**तिहुअणजणसुहयाणं अरिहंताणं नमो ताणं ॥२२॥**

જરા (ઘડપણ) અને મરણના હેતભૂત કર્મોના નાશ કરવાથી જરા અને મરણનો ત્યાગ થયો છે જેમને એવા; સંસારના આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સમગ્ર દુઃખોથી પીડાતા પ્રાણીઓના તે દુઃખનો નાશ કરવાના સાધનભૂત જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ માર્ગ બતાવનાર એવા; પોતાના જન્મ આદિ કલ્યાણકના પ્રસંગોએ જગતના સર્વ જીવોને સુખાનુભવ કરાવનાર એવા ત્રણ જગતમાં પ્રસિદ્ધ અરિહંત ભગવંતને નમસ્કાર હો. ॥૨૨॥ હવે બીજું શરણ 'સિદ્ધ ભગવાનનું' અંગીકાર કેમ કરે તે આગળની ગાથામાં બતાવે છે:

**अरिहंतसरणमलसुद्धिलद्धसुविसुद्धसिद्धबहुमाणो ।**
**पणयसिररइयकरकमलसेहरो सहरिसं भणइ ॥२३॥**

અરિહંતના શરણસ્વીકારથી શુદ્ધ અધ્યવસાયની પ્રાપ્તિ દ્વારા કર્મરૂપ મેલ શુદ્ધ કરી જેમણે સિદ્ધને વિષે અતિવિશુદ્ધ બહુમાન પ્રાપ્ત થયેલ છે તેવા ભવ્ય પ્રાણીઓ પોતાના મસ્તકે કમળના ડોડાની માફક બે હાથની અંજલિ મસ્તકે કરીને હલુકર્મી બની આગળ વર્ણવતા એવા સિદ્ધનું શરણ હર્ષસહિત સ્વીકારે. ॥૨૩॥ સિદ્ધના ગુણનું સ્તવન કરતાં કરતાં તેનું શરણ કેવી રીતે કરે તે છ ગાથામાં હવે બતાવે છે.

## -: બીજું શરણ સિદ્ધનું :-

**कम्मदुक्खयसिद्धा साहाविअनाणदंसणसमिद्धा ।**
**सव्वट्ठलद्धिसिद्धा ते सिद्धा हुंतु मे सरणं ॥२४॥**

આઠ કર્મનો ક્ષય કરવાથી ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા તીર્થસિદ્ધ આદિ ભેદ રૂપે; આવરણ રહિત બનતાં આત્માના સહજ ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સમૃદ્ધિવાળા; જેમણે આત્માની સિદ્ધિ કરવાના હેતભૂત જ્ઞાન આદિ ગુણો-વડે આત્મિક સર્વ પ્રયોજનોની પણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવા સિદ્ધશિલામાં રહેલા સિદ્ધો ભવભ્રમણ અને ભવભ્રમણની પરંપરાથી થતાં દુઃખોથી મને બચાવવા શરણભૂત હો. ॥૨૪॥

**तिअलोयमत्थयत्था परमपयत्था अचिंतसामत्था ।**
**मंगलसिद्धपयत्था सिद्धा सरणं सुहपसत्था ॥२५॥**

ચૌદ રાજલોકરૂપ આખું જગતના અર્થાત્ સિદ્ધશિલાના મથાળે મુક્તિરૂપ ઉત્કૃષ્ટ સ્થાને રહેનાર; ચિંતન પણ ન થઈ શકે તેવું અનંત સામર્થ્ય ધારણ કરનાર; સંસારના સર્વ દુઃખથી મુક્ત અને મંગલભૂત સિદ્ધપદમાં રહેનાર; જન્મ, જરા, મરણ, ભૂખ, તરસ આદિ પીડાથી રહિત અને મોક્ષમાં થનાર સુખથી વ્યાપ્ત (અનંત સુખવાળા) એવા સિદ્ધ ભગવંત અક્ષયપદની પ્રાપ્તિ માટે મને શરણભૂત હો. ॥૨૫॥

**मूलुक्खयपडिवक्खा अमूढलक्खा सजोगिपच्चक्खा ।**
**साहाविअत्तसुक्खा सिद्धा सरणं परमसुक्खा ॥२६॥**

કર્મરૂપ ભાવશત્રુઓને જેઓએ મૂળથી ઉન્મૂલ કરેલા છે એવા; સદાને માટે ઉપયોગમય હોવાથી અમૂઢ લક્ષ્યવાળા; પ્રત્યક્ષપ્રમાણથી કેવલીગમ્ય; જેમણે સ્વાભાવિક એવું અવ્યાબાધ સુખ પ્રાપ્ત કર્યું છે તેવા; અપુનર્ભવી બનનાર અને કર્મનો ક્ષય થવાથી ઉત્કૃષ્ટ મોક્ષ જેમણે પ્રાપ્ત કર્યું છે તેવા સિદ્ધો આત્માના અવિનશ્વર એવા જ્ઞાન આદિ ગુણોની પ્રાપ્તિ અર્થે મને શરણભૂત હો. ॥૨૬॥

**पडिपिल्लिअपडिणीया समग्गझाणग्गिदड्ढभवबीआ ।**
**जोइसरसरणीया सिद्धा सरणं सुमरणीया ॥२७॥**

રાગદ્વેષરૂપ અભ્યંતર શત્રુઓનો જેમણે ક્ષય કર્યો છે એવા; વ્યુચ્છિન્નક્રિયાઅનિવૃત્તિ નામના ચોથા શુક્લધ્યાનના પાયારૂપે સંપૂર્ણ ધ્યાનરૂપ અગ્નિ વડે સંસારરૂપ બીજને જેણે બાળી ભસ્મીભૂત કર્યાં છે એવા; ગણધર આદિ,

છદ્મસ્થ, તીર્થંકર આદિ યોગીશ્વરોને પણ નમસ્કાર ધ્યાન દ્વારા આશ્રય લેવા યોગ્ય; મોક્ષભિલાષી ભવ્ય પ્રાણીઓને સ્મરણ કરવા યોગ્ય એવા સિદ્ધ ભગવંત આત્મિક ગુણોને સ્થિર કરવા માટે મને શરણભૂત હો. ॥૨૭॥

**पाविययपरमाणंदा गुणनीसंदा विभिन्नभवकंदा ।**
**लहुईकयरविचंदा सिद्धा सरणं खवियदंदा ॥२८॥**

નિરંતર આનંદમય હોવાથી ઉત્કૃષ્ટ આનંદવાળા; ગુણના સારભૂત એવા જ્ઞાન આદિ ગુણવાળા; સંસારના કંદરૂપ મોહનીય કર્મનો મૂળથી નાશ કર્યો છે તેવા; લોકાલોકપ્રત્યક્ષ કેવલજ્ઞાનના પ્રભાવે સૂર્ય અને ચંદ્રને પણ ફીકા પાડી દીધા છે જેમણે એવા; નિરંતર કષાય રહિત હોવાથી કલેશ રહિત એવા સિદ્ધ ભગવંત મને સંસાર સમુદ્રથી તારી અક્ષયપદ આપવા શરણભૂત હો. ॥૨૮॥

**उवलद्धपरमबंभा दुल्लहलंभा विमुक्कसंरंभा ।**
**भुवणघरधरणखंभा सिद्धा सरणं निरारंभा ॥२९॥**

ઉત્કૃષ્ટ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું છે જેમણે એવા; દુષ્પ્રાપ્ય એવા મોક્ષપદનો લાભ જેમણે મેળવ્યો છે એવા; કાર્ય કરવામાં રહેતી વ્યગ્રતા જેણે ત્યજી દીધી છે એવા; અશુભ કર્મના કરનારને દુર્ગતિમાંથી બચાવવા તેમના શરણને અંગીકાર કરનારને ત્રણ જગતમાં આધારભૂત એવા સ્થંભ જેવા; સર્વ પ્રયોજન સિદ્ધ છે તેથી નિરારંભ છે એવા સિદ્ધ ભગવાન મને મોક્ષપદમાં પહોંચાડવા અવલંબનભૂત થવા સારૂ મને શરણભૂત હો. ॥૨૯॥

હવે ત્રીજું 'સાધુ' શરણ કરવા ઈચ્છતો જીવ શું કરે તે બતાવે છે.

**सिद्धसरणेण नवबंभहेउसाहुगुणजणिअबहुमाणो ।**
**मेइणिमिलंतसुपसत्थमत्थओ तत्थिमं भणइ ॥३०॥**

સિદ્ધનું શરણ કરતાં કર્મનો ક્ષય થવાના બળે નૈગમ આદિ નય અને બાર અંગરૂપ બ્રહ્મ તેના કારણભૂત; સાધુના વિનય આદિ ગુણનો અનુરાગી; ભક્તિ વડે શોભાયમાન; પોતાનું અતિસુંદર મસ્તક પૃથ્વીને અડકાડતો એવા મને સાધુનું શરણ અંગીકાર કરવા માટે આમ કહેવા દો. ॥૩૦॥ આગળ નવ ગાથામાં સાધુશરણનો અધિકાર કહે છેઃ

## —ઃ ત્રીજું શરણ સાધુનુ ઃ—

**जिअलोअबंधुणो कुगइसिंधुणो पारगा महाभागा ।**
**नाणाइएहिं सिवसुक्खसाहगा साहुणो सरणं ॥३१॥**

પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ કાય રૂપ જીવોનો વધ મન, વચન અને કાયા એ–ત્રિકરણે નહિ કરનાર, નહિ કરાવનાર અને કરનારને અનુમોદન પણ નહિ આપનાર હોવાથી જીવલોકના બંધુ; (દુર્ગતિના હેતુભૂત આશ્રવના ત્યાગી હોવાથી) નારક, તિર્યંચ આદિ દુર્ગતિરૂપ સમુદ્રના પારગામી; આમર્ષૌષધિ આદિ જુદા જુદા પ્રકારની લબ્ધિ (શક્તિ) પ્રાપ્ત કરનાર હોવાથી મહાભાગ્યશાળી; જ્ઞાન આદિ ગુણો વડે મોક્ષ સુખની સાધના કરવા કરાવવામાં હેતુભૂત એવા સાધુઓ મને શરણભૂત હો. ॥૩૧॥

**केवलिणो परमोही विउलमई सुअहरा जिणमयंमि ।**
**आयरिय उवज्झाया ते सव्वे साहुणो सरणं ॥३२॥**

સર્વ દ્રવ્યગુણપર્યાયવિષયક કેવલજ્ઞાનવાળા; (જે મતિજ્ઞાન આદિની મદદ વગર પરંતુ કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે) પરમાવધિજ્ઞાનવાળા (આ અવધિજ્ઞાન થયા પછી નિશ્ચયથી અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે), વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાનવાળા (વિપુલમતિ કહેવાથી; ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાનવાળા પણ તેમાં સમજી લેવા.) કાલિકશ્રુતજ્ઞાની (**દશવૈકાલિક** આદિ); ઉત્કાલિક શ્રુતજ્ઞાની (**ઉવવાઇ** આદિ ઉપાંગ આદિના જ્ઞાનવાળા); જિનમતના પ્રચલિત જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારના પાલક તથા બતાવનાર એવા આચાર્ય; મૂલ બારઅંગ શ્રુતજ્ઞાનને ભણાવનાર ઉપાધ્યાય મહારાજાઓ આદિ આચાર આદિ ગુણો શીખવવામાં સહાયભૂત એવા સાધુ મને શરણભૂત હો. ॥૩૨॥

**चउदसदसनवपुव्वी दुवालसिक्कारसंगिणो जे अ ।**
**जिणकप्पाहालंदिअ परिहारविसुद्धिसाहू अ ॥३३॥**

ભદ્રબાહુસ્વામી જેવા ચૌદપૂર્વી, આર્યમહાગિરિ જેવા દશપૂર્વી, આર્યરક્ષિત જેવા નવપૂર્વી, બાર અંગધારી, અગિયાર અંગધારી, જિનકલ્પિક સાધુ, યથાલંદિક સાધુ, પરિહારવિશુદ્ધિચારિત્ર પાળનાર સાધુ, એવા એવા સાધુ મને શરણભૂત હો. (પૂર્વી–પૂર્વના જ્ઞાનવાળા; અંગધારી અંગશ્રુતના જ્ઞાનવાળા; જિનકલ્પી–સાધુ શરીરના કોઈપણ

જાતના સંસ્કાર ન કરનાર અને એકલા જિનની માફક વાયુની માફક વિહાર કરનાર સાધુ; યથાલંદિક સાધુ-પાંચ સાધુ સાથે રહી યથાલંદ નામનો કલ્પ કરનાર સાધુ; પરિહારવિશુદ્ધિચારિત્રશીલ સાધુ-નવ સાધુ સાથે રહી તપવિશેષ કરી પરિહારવિશુદ્ધિસંયમ પાળનાર એવો સાધુ. ચૌદપૂર્વી પછી દશપૂર્વી કહેવાનું કારણ એ છે કે છેલ્લા ચાર પૂર્વો પ્રાયઃ એકી સાથે વ્યુચ્છેદ થાય છે; ચૌદપૂર્વી અને બાર અંગધારી જુદા કહ્યા તેનું કારણ એ છે કે ચૌદ પૂર્વો એ બારમા અંગનો ભાગ છે.) ॥૩૩॥ હવે વિશેષ લબ્ધિયુક્ત સાધુનું વર્ણન કરે છેઃ

**खीरासवमहुआसव संभिन्नस्सोअकुट्ठबुद्धि अ ।**
**चारणवेउव्विपयाणुसारिणो साहुणो सरणं ॥३४॥**

ક્ષીરાશ્રવલબ્ધિવાળા સાધુ, મધ્વાશ્રવલબ્ધિવાળા સાધુ, સંભિન્નશ્રોતલબ્ધિવાળા સાધુ, કોષ્ટલબ્ધિવાળા સાધુ, જંઘાચારણલબ્ધિવાળા સાધુ, વિદ્યાચારણલબ્ધિવાળા સાધુ, વૈક્રિયલબ્ધિધારી સાધુ અને પદાનુસારીલબ્ધિવાળા સાધુ, એવા એવા સાધુ મને શરણભૂત હો. (ક્ષીરાશ્રવલબ્ધિ=લાખો ગાયોમાંની અર્ધી અર્ધી અનુક્રમે દૂધ પાઈ ઉછરેલી એવી લાખમી ગાયનું નીકળેલ દૂધ જે ચક્રવર્તી ભોગ્ય છે તેના સરખી મધુરવચનશક્તિ; મધ્વાશ્રવલબ્ધિ=સાકરની સરખી વચનની મીઠાશ છે જેની તેવી વચનશક્તિ; સંભિન્નશ્રોતલબ્ધિ-જુદી જુદી ઇન્દ્રિયોના વિષય કોઇપણ એક ઇન્દ્રિયદ્વારા ગ્રહણ કરી શકાય તેવી શક્તિ અથવા શરીરના કોઇપણ અવયવ દ્વારા ચક્રવર્તીના લશ્કરી પડાવમાં

થતા પ્રત્યેક ભિન્નભિન્ન શબ્દ ગ્રહણું કરી શકાય તેવી શક્તિ; કોષ્ટબુદ્ધિ ગુપ્ત કોઠારમાં સાચવેલુ ધાન્ય બગડયા વિના તેવી સ્થિતિમાં કાયમ રહે તેમ ગ્રહણુ કરેલ સૂત્ર અને તેના અર્થો આત્મામાં કાયમ સ્થિર રહી કોઇપણુ સમયમાં ઉપયોગી બની શકે તેવી બુદ્ધિ; જંઘાચરણુલબ્ધિ ઘ તિરછીલોકમાં જતાં એક ઉત્પાતે (કુદકે) રૂચકવરદ્વીપે આવી પાછા ફરતાં પહેલા ઉત્પાતે નંદીશ્વરદ્વીપે અને બીજા ઉત્પાતે મૂળસ્થળે પાછુ આવી શકાય તેવી શક્તિ અથવા ઉર્ધ્વલોકમાં જતાં મેરૂપર્વતના પાંડુકવને એક ઉત્પાતે જઇ પાછા ફરતાં પહેલા ઉત્પાતે નંદનવન અને બીજા ઉત્પાતે મૂળ સ્થળે પાછું આવી શકાય તેવી શક્તિ; વિદ્યા–ચારણુલબ્ધિતિરછી જતાં એક ઉત્પાતે અર્ધપુષ્કરદ્વીપના અંતે આવેલ માનુષ્યોત્તર પર્વતે જઇ બીજા ઉત્પાતે નંદીશ્વરદ્વીપે પહોંચી પાછા ફરતાં એક જ ઉત્પાતે મૂળસ્થળે પાછુ આવી શકાય તેવી શક્તિ અથવા ઉર્ધ્વમાં જતાં પહેલા ઉત્પાતે નંદનવન અને બીજા ઉત્પાતે પાંડુકવને પહોંચી પાછા ફરતાં એકજ ઉત્પાતે મૂળ સ્થાને પાછું આવી શકાય તેવી શક્તિ; વૈક્રિયલબ્ધિ–જુદા જુદા રૂપો ધારણ કરી તે વડે આખા જંબુદ્વીપનું પણ માપ કાઢી શકે તેવી શક્તિવાળા અને પદાનુસારિણી લબ્ધિ=ગ્રંથના પહેલા, મધ્યના કે અંતના કોઇપણ એક પદ સાંભળતાં આખા ગ્રંથનું સ્મરણ કરી લઇ શકે તેવી શક્તિ ॥૩૪॥ હવે મુનિગણને સાધારણ એવા ગુણવાળા સાધુઓનું શરણ લેવાની ઇચ્છવાળો જે કહે તે બતાવે છે:

**उज्झियवइरविरोहा निच्चमदोहा पसंतमुहसोहा ।**
**अभिमयगुणसंदोहा हयमोहा साहुणो सरणं ॥३५॥**

લાંબા કાળમાં પૂર્વના ભવોનું વેર અને પ્રસ્તુત ભવમાં અપ્રીતિરૂપ વિરોધ એ બન્ને દૂષણ જેમણે દૂર કર્યા છે; વૈરવિરોધરહિત હોવાથી કોઇનું પણ અહિત ન ઈચ્છનાર; જેમના મુખની કાંતિ સદા પ્રસન્ન છે; જેમણે મોહ પમાડનાર એવા અજ્ઞાનને જ્ઞાનરૂપ શસ્ત્ર વડે હણ્યું છે એવાહતમોહ સાધુ મને શરણભૂત હો. (ભ૦ **મહાવીર**સ્વામીના **ત્રિપૃષ્ટ વાસુદેવ**ના ભવમાં સિંહને મારવાથી ઉત્પન્ન થયેલ એ લાંબા કાળનું વેર; **ચંદ્રપ્રદ્યોત** અને ઉદાયન રાજર્ષિ એ બેનો **તેજ** ભવમાં થયેલ લડાઈ અને અપ્રીતિ જે અપ્રીતિ માટે ઉદાયન રાજર્ષિએ **ચંદ્રપ્રદ્યોત**ની સાથે ક્ષમાયાચના કરી તે ક્ષમા.) ॥૩૫॥

**खंडिअसिनेहदामा अकामधामा निकामसुहकामा ।**
**सुपुरिसमणाभिरामा आयारामा मुणी सरणं ॥३६॥**

**આર્દ્ર**કુમારની માફક સ્નેહનાં બંધન તોડનાર; સ્ત્રી આદિ વિકાર હેતુઓ નથી તેવા સ્થાનમાં વસનાર, વિષય-સેવનરૂપ સંતાપ દૂર કરી મોક્ષસુખના અભિલાષી અને **દમદંત** ઋષિએ **યુધિષ્ઠિર** આદિને સંતોષ આપ્યો તેમ સત્પુરુષોને આનંદ ઉપજવનાર, સાંસારિક કાર્યોથી મુક્ત હોઈ આત્મહિતકારી ક્રિયામાં રતિશીલ એવા આત્માનંદી મુનિઓ **મને** શરણભૂત હો. ॥૩૬॥

**मिल्हिअ विसयकसाया उज्झियघरघरंणिसंगसुहसाया ।**
**अकलिअहरिसविसाया साहू सरणं गयपमाया ॥३७॥**

પાંચ ઈન્દ્રિયના તેવીશ વિષયમાંની આસક્તિ તજવાથી વિષયાતીત બનેલા, ક્રોધ આદિ કષાયનો ઉપશમ કરી તેને રોકવાથી કષાયથી મુક્ત, ઘર અને સ્ત્રી સંબંધના મોહથી મૂઢ પ્રાણીઓને પ્રિય એવું પૌદ્ગલિક સુખ જેમણે સ્વેચ્છાએ ત્યજયાં છે; ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં જેમણે રાગ નથી અને અનુપયોગ રૂપ પ્રમાદથી જે રહિત છે એવા સાધુ મને શરણભૂત હો. ॥૩૭॥

**हिंसाइदोससुन्ना कयकारुन्ना सयंभुरुप्पन्ना ।**
**अजरामरपहखुन्ना साहू सरणं सुकयपुन्ना ॥३८॥**

હિંસાદિ દોષ રહિત; સર્વ જીવોના દુઃખ દૂર કરવાની બુદ્ધિ હોવાથી કરૂણાવત્સલ; સ્વયમેવ સમ્યક્ત્વ અને જ્ઞાનનું જેમણે ઉપાર્જન કર્યું છે તે; વૃદ્ધાવસ્થા અને મરણ જ્યાં નથી એવા મોક્ષના માર્ગરૂપ સિદ્ધાંતના અભ્યાસી (પ્રવચનના ઉત્તમ પ્રકારે જાણકાર), સરાગસંયમના અતિઉત્તમ પૂણ્ય-બળે આવતા ભવમાં પણ ચારિત્રની પ્રાપ્તિ જેમણે સરળ બનાવી છે એવા સાધુઓ મને શરણભૂત હો. ॥૩૮॥

**कामविडंबणचुक्का कलिमलमुक्का विविक्क चोरिक्का ।**
**पावरयसुरयरिक्का साहू गुणरयणचच्चिक्का ॥३९॥**

વિષય વિકારનાં કારણે થતી ચેષ્ટારૂપ વિડંબનારહિત, ચારિત્રરૂપ પવિત્ર જળ વડે સમગ્ર પાપ ધોઈ નાંખવાથી નિર્દોષ; અદત્તનો ત્યાગ કરેલ હોવાથી ચોરી આદિ દોષના

ત્યાગી, પાપરૂપ મેલના હેતુભૂત મૈથુન રહિત એવા એવા ગુણરત્નોથી શોભાયમાન મુનિમહારાજ મને શરણભૂત હો. (અદત્ત ત્રણ પ્રકારનું છે. (૧) સ્વામીઅદત્ત (૨) ગુરુઅદત્ત અને (૩) તીર્થંકરઅદત્ત) ।।૩૯।। બત્રીશમી ગાથામાં આચાર્ય આદિ મહાનપદવાળા કહ્યા હોવા છતાં સાધુના શરણ–અધિકારમાં તે સર્વનું ગ્રહણ કરવાનું કારણ મૂળગ્રંથકાર સ્વયં આગળ ગાથામાં જણાવે છે:

**साहुत्तसुट्ठिया जं आयरिआई तओ य ते साहू ।**
**साहुभणिएण गहिया तम्हा ते साहुणो सरणं ।।४०।।**

આચાર્ય, પ્રવર્ત્તક, ઉપાધ્યાય, ગણિ અને સ્થવીર એ પાંચપદવાળા સાધુ સમભાવમાં રહેતા હોવાથી અને મોક્ષની સાધનામાં બીજાને સહાયરૂપ બનતા હોવાથી તેમનામાં તે અતિશય–શક્તિ છે તે હેતુના કારણે તે સાધુનું કાર્ય કરતા હોવાથી સાધુ કહેવાય છે. સાધુ શબ્દોના ઉચ્ચાર સાથે ભૂતકાળમાં થયેલા, વર્ત્તમાનમાં વર્તતા અને ભવિષ્યકાળમાં થનાર એવા ત્રિકાલવર્તી સાધુઓ મને શરણભૂત હો. ।।૪૦।। આ પ્રકારે ત્રીજું શરણ પુરૂં કરી ચોથું ધર્મશરણ વર્ણવે છે:

**पडिवन्नसाहुसरणो सरणं काउं पुणोवि जणधम्मं ।**
**पहरिसरोमंचपवंचकंचुअंचिअतणू भणइ ।४१।।**

ઉપર કહ્યા મુજબ સાધુશરણ સ્વીકાર્યું છે એવા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકામાંના કોઈપણ પ્રકૃષ્ટ હર્ષના બળે વિકસ્વર રોમરાજિના સમૂહવડે સુશોભિત શરીરવાળો બની જિનધર્મનું શરણ અંગીકાર કરવા માટે આગળ આ પ્રકારે બોલે. ।।૪૧।।

## —: ચોથું શરણ—જૈનધર્મનું :—

**पवरसुकएहि पत्तं पत्तेहिवि नवरि केहिवि न पत्तं ।**
**तं केवलिपन्नत्तं धम्मं सरणं पवन्नोऽहं ॥४२॥**

અતિ ઉત્તમ પુણ્યે પ્રાપ્ત કરેલ માનવભવમાં પણ બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવા મહાન પુરુષોએ પણ પ્રાપ્ત ન કરેલ એવો, વિશ્વના ચરાચર સર્વ ભાવો જેમણે જાણ્યા છે એવા કેવલી ભગવાને પ્રરૂપેલ શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ તેને હું શરણ રૂપે અંગીકાર કરૂં છું. ॥૪૨॥ હવે ધર્મનું મહાત્મ્ય જણાવે છેઃ

**पत्तेण अपत्तेण य पत्ताणि अ जेण नरसुरसुहाइं ।**
**मुक्खसुहं पुण पत्तेण नवरि धम्मो स मे सरणं ॥४३॥**

ધન્ના સાર્થવાહના ભવે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ભ૦ **ઋષભદેવે** જેમ ધર્મના બળે દેવ અને મનુષ્યના ભવોમાં સુખપ્રાપ્તિ કરી તેમ (ધન્ના સાર્થવાહના ભવ પહેલાના ભવોમાં સમ્યક્ત્વના અભાવે તેવા સુખનો અભાવ જ હતો) ધર્મની પ્રાપ્તિથી સુખ મળે છે; પરંતુ શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મ વિના મોક્ષસુખ મળતું નથી. માટે શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મનું મને શરણ હો. ॥૪૩॥

**निद्दलिअकलुसकम्मो कयसुहजम्मो खलीकयअहम्मो ।**
**अमयं व बहुमयं जिणमयं च सरणं पवन्नोऽहं ॥४४॥**

ધર્મ આચરનારનાં પાપસમૂહ ધોવાવાથી જેમનો જન્મ શુભ બન્યો છે અને જે સમકીતી જીવોએ અધર્મને

શત્રુ ગણી ચિત્તથી દૂર કર્યો છે એવા ધર્મને રાગદ્વેષને જીતનાર જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલ છે, તેવો ધર્મ મને શરણભૂત હો. (ધર્મ આચરનાર ધમ્મિલ અને આલોક અને પરલોકમાં સુખકર એવા ધર્મ આચરનાર દામનક આદિની માફક). ॥૪૪॥

**कालत्तएवि न मयं जम्मणजरमरणवाहिसयसमयं ।**
**अमयं व बहुमयं जिणमयं च सरणं पवन्नोऽहं ॥४५॥**

(અતીત, અનાગત અને વર્ત્તમાન) ત્રિકાળમાં અર્થથી દ્વાદશાંગીનો નાશ ન હોવાથી અવિનશ્વર; જન્મ, જરા, મરણ; આધિ, વ્યાધિ અને ઉપાધિ શમાવનાર એમ સર્વભાવરોગનો નાશ કરનાર હોઈ અમૃતની માફક સર્વને ઈષ્ટ એવા દ્વાદશાંગી રૂપ શ્રુતધર્મના શરણને હું અંગીકાર કરૂં છું. ॥૪૫॥

**पसमियकामपमोहं दिट्ठादिट्ठेसु नकलिअविरोहं ।**
**सिवसुहफलयममोहं धम्मं सरणं पवन्नोऽहं ॥४६॥**

પોતાના અતિશય-શક્તિવડે વિકારના કારણે ઉત્પન્ન થતો ઉન્માદ જેણે શમાવ્યો છે; દૃષ્ટ અને અદૃષ્ટ અતિપ્રિય પદાર્થના વિષયમાં વિપરીત પ્રરૂપણાનો વિરોધ જેમાં નથી; મોક્ષરૂપ ફળને આપનાર અને તેજ કારણે સફળ એવા ધર્મને હું શરણ રૂપે અંગીકાર કરૂં છું. ॥૪૬॥

**नरयगइगमणरोहं गुणसंदोहं पवाइनिक्खोहं ।**
**निहणिअवम्महजोहं धम्मं सरणं पवन्नोऽहं ॥४७॥**

નરકગતિનાં હેતભૂત કર્મો ક્ષય કરવાથી નરકગતિમાંના ગમનને રોકનાર; ક્ષાંતિ આદિ (નિરહંકારપણુ, સરલતા, નિર્લોભીપણુ, તપ, સંયમ, સત્ય, અલ્પઉપાધિવાળાપણું, પરિગ્રહરહિતતા, બ્રહ્મચર્ય આદિ) ગુણોનો સમૂહ જેનામાં રહેલાં છે; પ્રબળ વાદીઓ પણ જેનો સામનો કરી શકતા નથી, કામના હેતુભૂત સંકલ્પને તજી જેણે કામરૂપ સુભટને પોતાની શક્તિથી હણ્યો છે એવા ધર્મને હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ॥૪૭॥

**भासुरसुवन्नसुंदररयणालंकारगारवमहग्घं ।**
**निहिमिव दोगच्चहरं धम्मं जिणदेसिअं वंदे ॥४८॥**

દેવાદિ પ્રકાશમાન ગતિનું કારણ હોવાથી ભાસ્કર, ઈંદ્ર આદિ દેવોએ સ્તવના કરી હોવાથી સુવર્ણ માફક દિપ્તિમાન, સુંદર ક્રિયાકલાપ અથવા ઇચ્છામિચ્છાદિ સમાચારીરૂપ રચનાથી મનોહર, મહત્વની પ્રાપ્તિના કારણભૂત, ચારિત્રવંતોને આમર્ષૌષધિ આદિ લબ્ધિ પ્રાપ્ત કરાવનાર, મહામૂલ્યવાન, નિધાનના ખજાનારૂપ, અજ્ઞાન અને દુર્ગતિ એ બંનેને હણનાર એવો સર્વજ્ઞ ભગવંતોએ ઉપદેશેલ ધર્મને હું નમસ્કાર કરૂં છું. ॥૪૮॥ હવે દશમી ગાથામાં સૂચવાએલ ચઉસરણની પ્રાપ્તિ, દુષ્કૃતની નિંદા, સુકૃતની અનુમોદના રૂપ ત્રણ અધિકારમાંનો પહેલો અધિકાર પૂરો કરી બીજા અધિકારની શરૂઆત કરે છેઃ

**चउसरणगमणसंचिअसुचरिओरोमंचअंचियसरीरो ।**
**कयदुक्कडगरिहा असुहकम्मक्खयकंखिरो भणइ ॥४९॥**

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીએ ઉપદેશેલ ધર્મ ચારશરણ શરણ કરવા યોગ્ય છે; તેનું શરણ લેવાથી ઉત્પન્ન થયેલ સુકૃત વડે જેનું શરીર રોમાંચિત બન્યું છે, અજ્ઞાન આદિ કારણવશ પરભવ અને આભવમાં કરેલ દુષ્કૃત્યની ગુરુ સમક્ષ નિંદા કરવાથી પોતાના અશુભ કર્મના ક્ષયની ઈચ્છા કરતો આગળ કહેવાય છે તે પ્રકારે ગર્હા-નિંદા કરવા માટે કહે. ।।૪૯।।

## —: પાપગર્હા :—

**इहभविअमन्नभविअं मिच्छत्तपवत्तणं जमहिगरणं ।**
**जिणपवयणपडिकुट्ठं दुट्ठं गरिहामि तं पावं ।।५०।।**

આ ભવને વિષે અથવા પરભવને વિષે મિથ્યાત્વ આદિ બંધ હેતુના કારણે હિંસાઆદિ આશ્રવદ્વારા આચરેલું; કુતીર્થીઓ અને તેમના દેવ આદિના આદરસત્કાર, પૂજા આદિ મિથ્યાત્વના પ્રવર્ત્તનવડે; તળાવ આદિ ખોદાવવાથી તેમજ હળ આદિ શસ્ત્રો બનાવી વેચવાથી થયેલું, આ ઉપરાંત જિનશાસનને વિષે નિર્દેશેલ અન્ય પણ જે જે દુષ્કૃત્ય-પાપ આચર્યું હોય તે સર્વની ગુરુની સાક્ષીએ નિંદા કરૂ છું. ।।૫૦।। આ રીતે સામાન્ય રીતે દુષ્કૃત્યની ગર્હા કરી વિશેષ રીતે ગર્હા કેમ કરવી તે જણાવે છે:

**मिच्छत्ततमंधेणं अरिहंताइसु अवन्नवयणं जं ।**
**अन्नाणेण विरइयं इण्हि गरिहामि तं पावं ।।५१।।**

મિથ્યાત્વરૂપ અંધકારથી ઘેરાયેલ તેવી અજ્ઞાન દશામાં

દૂષણનો અભાવ હોવા છતાં અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મ, તપ, સંયમ આદિના અવર્ણવાદ બોલાયા હોય; વર્તમાન-કાળમાં કે ભવિષ્યકાળમાં આ સર્વ કર્યાં હોય, કરાવ્યાં હોય, અનુમોદ્યાં હોય; આ ઉપરાત જિનેશ્વર ભગવંતના શાસનના શત્રુરૂપે આચર્યું હોય, અચરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તે સર્વની હમણાં વિવેકરૂપ નેત્ર વિકસ્વર થયું છે જેનું એવો હું ગુરુસાક્ષીએ નિંદા કરૂં છું. ॥૫૧॥

**सुयधम्मसंघसाहुसु पावं पडिणीअयाइ जं रइअं।**
**अन्नेसु अ पावेसु इण्हि गरिहामि तं पावं ॥५२॥**

બાર અંગરૂપ શ્રુતના ભણનાર, ભણાવનાર આદિ પ્રત્યે અરૂચિ, તિરસ્કાર, શત્રુ તરીકેની બુદ્ધિ અથવા માષતુષની માફક અજ્ઞાન સારૂં તેમ બોલવા વડે; અથવા હે કુપિલ, જિનશાસનમાં પણ ધર્મ છે અને પરિવ્રાજકમાં પણ ધર્મ છે એમ કહેવાથી મરિચિની માફક ધર્મના શત્રુપણાનું વર્તન; સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રો જે પૂર્વભવમાં ચોર હતા તેમણે સંઘને અડચણ કરી તેના શત્રુ માફક વર્તન કર્યું તેમ, તેમજ અઢાર પાપસ્થાનક માંના જે જે કોઈપણ પ્રકાર વડે પાપ આચરણ કર્યું હોય તે સર્વની હમણાં વિવેકવાન બની ગુરૂની સાક્ષીએ નિંદા કરૂં છુ. ॥૫૨॥ ઉપરની ગાથામાં અઢારપાપસ્થાનક એમ સામાન્યથી કહ્યું તે સ્પષ્ટપણે હવે બતાવે છેઃ

**अन्नेसु अ जीवेसुं मित्तीकरुणाइगोयरेसु कयं।**
**परिआवणाइ दुक्खं इण्हि गरिहामि तं पावं ॥५३॥**

તીર્થંકર આદિ સિવાયના બાકીના જીવો પ્રતિ મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય આદિ ભાવવા યોગ્ય ચાર ભાવનાના વિષયભૂત જીવોને પરિતાપનાદિ દુઃખ આપ્યાં હોય અને તેથી જે પાપબંધ કર્યો હોય તે હમણાં વિવેકવાન બની ગુરૂ સાક્ષીએ નિંદુ છું. (બીજા સર્વ જીવના હિતનું ચિંતન એ મૈત્રી; બીજાના આધિ, વ્યાધિ, ઉપાધિ દેખી તેનો નાશ થાય તેવી ઈચ્છા કરવી એ કરૂણા; આપણા કરતાં અધિક ગુણીજન એવા પ્રતિ પ્રમોદ-હર્ષની ભાવના અને દોષ બતાવવાં છતાં તે ન સ્વીકારનાર અને તેથી પાછા ન ફરનાર એવા અવિવેકી પ્રતિ મધ્યસ્થભાવ-ઉપેક્ષા) ।।૫૩।। દુષ્કૃતગર્હા રૂપ બીજો અધિકાર સમાપ્ત કરતાં જે ઉચ્ચારણા કરવી જોઈએ તે દર્શાવે છે:

**जं मणवयकाएहिं कयकारिअअणुमइहिं आयरियं ।**
**धम्मविरुद्धमसद्धं सव्वं गरिहामि तं पावं ।।५४।।**

આત્માની અશુદ્ધિ પ્રાપ્ત કરી રાગદ્વેષ અને અજ્ઞાન એ પરવશ બની ધર્મવિરૂદ્ધ આચરણ મન, વચન અને કાયા એ ત્રણ પ્રકારે જે કોઈ પાપ કર્યું, કરાવ્યું, અનુમોદ્યું હોય તે સર્વપાપની ગુરૂ સમક્ષ નિંદા કરી તેની આલોચણા કરૂં છું. ।।૫૪।। દુષ્કૃતગર્હારૂપ બીજો અધિકાર સમાપ્ત કરી હવે ત્રીજો સુકૃતઅનુમોદના કેવી ઉત્કૃષ્ટ ભાવનાવાળો બની કરે તેદર્શોવે છે:

**अह सो दुक्कड गरिहा दलिउक्कडदुक्कडो फुडं भणई ।**
**सुकडाणुरायसमुइन्नपुन्नपुलियंकुरकरालो ।।५५।।**

બીજા અધિકાર મુજબ દુષ્ટ કર્મોની ગર્હા-નિંદા-વડે પૂર્વે કરેલ તીવ્ર પાપકર્મો ખપાવ્યાં છે તેથી હલકાકર્મી બનવાથી સુકૃતમાં અનુરાગમસ્ત બનેલ જીવ વિકસ્વર રોમ-રાજી સહિત પ્રકટરીતે સુકૃતની અનુમોદના માટે આગળ જણાવ્યા મુજબ બોલે. ॥૫૫॥ સુકૃતની અનુમોદના બેગાથામાં સૂચવે છેઃ

## —સુકૃત અનુમોદના—

**अरिहंत्तं अरिहंतेसु जं च सिद्धत्तणं च सिद्धेसु ।**
**आयारं आयरिए उज्झायत्तं उवज्झाए ॥५६॥**
**साहूण साहुचरियं च देसविरइं च सावयजणाणं ।**
**अणुमन्ने सव्वेसि सम्मत्तं सम्मदिट्ठीणं ॥५७॥**

ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરનાર એ રીતે તીર્થ પ્રવર્ત્તાવવામાં કાર્યરત જે અરિહંત; નિરંતર કેવલજ્ઞાનના ઉપયોગવાળા, સર્વ કર્મથી મુક્ત, અવ્યાબાધ સુખના ભોગવનાર એવા સિદ્ધ; જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારના પાલનહાર એવા આચાર્ય; સૂત્ર ભણવા ભણાવવા આદિમાં કાર્યરત એવા ઉપાધ્યાય; સામાયિક આદિમાં ચારિત્રશીલ એવા સાધુ સાધ્વી (જેમાં સર્વ દેશના, ત્રણ કાળના, પુલાકલબ્ધિધારી, બકુશ, કુશીલ, જિનકલ્પી, પ્રતિમાધર, યથાલંદક, પરિહારવિ-શુદ્ધિસંયમપાલક, પ્રત્યેકબુદ્ધ આદિ ઉત્તમ ચરણસિત્તરી અને કરણસિત્તરી રૂપ ક્રિયાકલાપને આચારમાં મૂકનાર); સમ્યક્ત્વ, અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, અગિયાર પ્રતિમા-

પડિમા આદિ ધારણ કરનાર દેશવિરત શ્રાવક, શ્રાવિકા; જિનેશ્વર ભગવાને કહેલ તત્ત્વોનું સમ્યક્ પ્રકારે સંદહનાર એવા જીવોનું સમકીત આ સર્વગુણોની હું અનુમોદના કરૂં છું. ॥૫૬-૫૭॥ હવે અનુમોદના યોગ્ય સર્વ સંગ્રહ કરતાં આગળ કહે છે:

**अहवा सव्वंचिअ वीअरायवयणाणुसारि जं सुकयं ।**
**कालत्तएवि तिविहं अणुमोएमो तयं सव्वं ॥५८॥**

અતીત, અનાગત અને વર્ત્તમાન એ ત્રણ કાળમાં વીતરાગના વચનાનુસાર જે કાંઈ સુકત્ મન, વચન અને કાયા એ ત્રણ વડે કર્યું હોય, કરાવ્યું હોય, અનુમોદ્યું હોય એ ત્રિકરણ શુદ્ધિ વડે તેની અનુમોદના કરૂં છું. ॥૫૮॥ આ રીતે સુકૃતની અનુમોદનારૂપ ત્રીજો અધિકાર કહ્યા પછી ચારશરણ કરવાથી થતા ફળનું નિર્દર્શન કરે છે:

**सुहपरिणामो निच्चं चउसरणगमाइ आयरं जीवो ।**
**कुसलपयडीउ बंधइ बद्धाउ सुहाणुबंधाउ ॥५९॥**

નિરંતર શુભ અધ્યવસાયવાળો જે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ઉપર નિર્દેશેલ ચારશરણને અંગીકાર કરે છે, દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના કરે છે તે જીવ પુણ્ય પ્રકૃતિ બાંધે છે અને ભૂતકાળમાં જે અશુભ અનુબંધવાળી પ્રકૃતિઓ બાંધી હોય તેને શુભ અનુબંધવાળી કરે છે. ॥૫૯॥

**मंदणुभावा बद्धा तिव्वाणुभावाउ कुणइ ता चेव ।**
**असुहाउ निरणुबंधाउ कुणइ तिव्वाउ मंदाउ ॥६०॥**

પૂર્વે જે મંદરસવાળી શુભકર્મ પ્રકૃતિઓ બાંધી હોય તેને તીવ્રરસવાળી બનાવે છે. અને પૂર્વે જે મંદરસવાળી અશુભ કર્મપ્રકૃતિઓ બાંધી હોય તેને નિરનુબંધ બનાવે છે. પૂર્વે જે તીવ્રરસવાળી અશુભ કર્મપ્રકૃતિઓ બાંધી હોય તેને મંદરસવાળી કરે છે. ॥૬૦॥ ચારશરણ અંગીકાર કરવાનું મહાફળ બતાવી તે અંગીકાર કરવાં જોઇએ તેમ જણાવે છે:

**ता एयं कायव्वं वुहेहिं निच्चंपि संकिलेसम्मि।**
**होइ तिकालं सम्मं असंकिलेसंमि सुकयफलं ॥६१॥**

ચારશરણ અંગીકાર કરવાથી મહાફળ થાય છે તે ઉપર જણાવ્યું; માટે વિચક્ષણ અને વિવેકી જીવોએ રોગ આદિ કારણોમાં તે નિરંતર કરવા જોઇએ; અને રોગ આદિ ઉપદ્રવના અભાવમાં પણ તેને રોજ જે ત્રણ કાળ ગણે છે તેને પુણ્યાનુબંધી પુણ્યપ્રકૃતિનું તે કારણ બને છે. ॥૬૧॥ મનુષ્યજન્મ આદિ ઉત્તમ ધર્મસામગ્રી જેને પ્રાપ્ત થઈ છે છતાં જે ચારશરણ અંગીકાર કરતો નથી તેની દયા ખાતાં કહે છે:

**चउरंगो जिणधम्मो न कओ चउरंगसरणमवि न कयं ।**
**चउरंगभवुच्छेओ न काओ हा हारिओ जम्भो ॥६२॥**

જે જીવે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર અંગરૂપ ધર્મનું આચરણ ના કર્યું; જેણે અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મરૂપ ચાર અંગરૂપ શરણ ન કર્યું તેમજ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક એ ચાર ગતિરૂપ સંસારનું

આત્યંતિક વિનાશરૂપ છેદન ન કર્યું તે દયાપાત્ર અને ખેદજનક છે. તે જીવે પોતાના મનુષ્યજન્મરૂપ ચિંતામણિ-રત્નને વૃથા હારી દીધો. ।।૬૨।। પ્રસ્તુત ચઉશરણ અધ્યયનની સમાપ્તિ કરતાં બતાવે છેઃ

## ઉપસંહાર

**इअजीवपमाय महारिवीरभद्दंतमेअमज्झयणं ।**
**झाएसु तिसंझमवंझकारणं निव्वुइ सुहाणं ।।६३।।**

ચૌદપૂર્વી જેવા જીવોને પણ પ્રમાદ નિગોદમાં અનંતકાળ પરિભ્રમણ કરાવનાર બને છે એવા પ્રમાદરૂપ મહાશત્રુ પર જય મેળવવા સુભટ સમાન આ પ્રયન્નામાં બતાવેલ પ્રકારે મોક્ષપદપ્રાપ્તિમાં કારણભૂત એવા આ અધ્યયનનું હે જીવ! તું રોજ ત્રિકાળ ધ્યાન કર એમ **વીરભદ્રમુનિ** સૂચવે છે. ।।૬૩।।

શ્રીવીરભદ્રાચાર્યકૃત શ્રીચતુઃશરણપ્રકીર્ણક

સમાપ્ત

: ૨ :

## ત્રીજો સાથી

*

### भत्तपरिण्णा पइन्नयं

नमिऊण महाइसयं महाणुमावं मुणिं महावीरं ।
भणिमो भत्तपरिण्णं निजसरणट्ठा परट्ठा य ॥१॥

મહાઅતિશયવંત અને મહાપ્રભાવવાલા મુનિ **મહાવીર** સ્વામીને વાંદીને પોતાને તથા પરને સ્મરણ કરવાને અર્થે **ભક્તપરિજ્ઞા** પયન્નો હું કહું છું. ૧

### જૈનશાસનનો મહિમા

भवगहणभमणरीणा लहंति निव्वुइसुहं जमल्लीणा ।
तं कप्पदुमकाणण–सुहयं जिणसासणं जयइ ॥२॥

સંસારરુપી ગહન વનમાં ભમતાં પીડાયેલા જીવો જેના આશરે મોક્ષસુખને પામે છે તે કલ્પવૃક્ષના ઉદ્યાન સરખું સુખને આપનારૂં જૈનશાસન જયવંતુ વર્તે છે. ૨

मणुयत्तं जिणवयणं च दुल्लहं पाविऊण सप्पुरिसा ।
सासयसुहिक्करसिएाह नाणवसिएहिं होअव्वं ॥३॥

દુર્લભ મનુષ્યપણું અને જિનેશ્વર ભગવાનનું વચન પામીને સત્પુરૂષોએ શાશ્વતા સુખના એક રસિક એવા અને જ્ઞાનને વશવર્તી થવું જોઇએ. ૩

**जं अज्ज सुहं भविणो संमरणीयं तयं भवे कल्लं ।**
**मगंति निरुवसगं अपवग्गसुहं बुहा तेणं ॥४॥**

જે સુખ આજ થવાનું છે તે કાલ સંભારવા યોગ્ય થવાનું છે, તે માટે પંડિત પુરુષો ઉપસર્ગરહિત મોક્ષનું સુખ વાંછે છે. ૪

**नरविबुहेसरसुक्खं दुक्खं परमत्थओ तयं बिंति ।**
**परिणामदारुणमसासयं च जं ता अलं तेणं ॥५॥**

પંડિત પુરુષો માણસનું અને દેવતાઓનું જે સુખ છે તેને પરમાર્થ થકી દુઃખ જ કહે છે, કેમકે તે પરિણામે દારૂણ અને અશાશ્વત છે. તેથી તે સુખ વડે સર્યું. ૫

**जं सासय-सुह-साहण-माणा-आराहणं जिणिंदाणं ।**
**ता तीए जइयव्वं जिणवयणाविसुद्धबुद्धीहिं ॥६॥**

જિનવચનમાં નિર્મલ બુદ્ધિવાળા માણસોએ શાશ્વતા સુખનું સાધન જે જિનેન્દ્રોની આજ્ઞાનું આરાધન છે તે આજ્ઞા પાળવાને વિષે ઉદ્યમ કરવો. ૬

**तं नाणदंसणाणं चारित्ततवाणं जिणपणीआणं ।**
**जं आराहणमिणमो आणाआराहणं बिंति ॥७॥**

તે જિનેશ્વરોએ કહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ તેઓનું જે આરાધન તેજ. અહિં આજ્ઞાનું આરાધન કહેલું છે. ૭

## આરાધક કોણ ?

**पवज्जाए अब्भुज्जओऽवि आराहओ अहासुत्तं ।**
**अब्भुज्ञायमरणेणं अविगलमाराहणं लहइ ॥८॥**

દીક્ષાપ્રાલનમાં તત્પર (અપ્રમત) આત્મા પણ મરણને અવસરે સૂત્રમાં કહ્યા મુજબ આરાધના કરતો થકો સંપૂર્ણ આરાધકપણું પામે. ૮

## મરણના પ્રકાર

**तं अब्भुज्जुअमरणं अमरणधम्मेहिं वन्नियं तिविहं ।**
**भक्तपरिन्ना इंगिणि पाओवगमं च धीरेहिं ॥९॥**

મરણરૂપી ધર્મ નથી એવા ધૈર્યવંતો (વીતરાગો) એ તે ઉદ્યમવંતનું મરણ ૧ ભક્તપરિજ્ઞા મરણ, ૨ ઇંગિની મરણ, અને ૩ પાદપોપગમ મરણ એમ ત્રણ પ્રકારે કહેલું છે. ૯

## ભક્તપરિજ્ઞા મરણ

**भक्तपरिन्नामरणं दुविहिं सविआरमो य अविआरं ।**
**सपरक्कमस्स मुणिणो संलिहिअतणुस्स सविचारं ॥१०॥**

ભક્તપરિજ્ઞા મરણ બે પ્રકારનું છેઃ- ૧ સવિચાર અને ૨ અવિચાર. સંલેખના વડે દુર્બલ શરીરવાળા ઉદ્યમવંત સાધુનું સવિચાર (ભક્તપરિજ્ઞા મરણ જાણવું.) ૧૦

**अपरक्कमस्स काले अपहुप्पंत्तंमि जं तमविआरं ।**
**तमहं भत्तपरिन्नं जहापरिन्नं भणिस्सामि ॥११॥**

પરાક્રમરહિત સાધુને સંલેખના કર્યા વિના જે મરણ

થાય તે અવિચારભક્તપરિજ્ઞા મરણ કહીએ. તે અવિચાર-ભક્તપરિજ્ઞા મરણને યથામતિ હું કહીશ. ૧૧

**धिइबल–विअलाणमकाल-मच्चुकलियाणमकयकरणाणं ।**
**निरवज्ज–मज्जकालिय–जईण जुग्गं निरूवसग्गं ॥१२**

ધીરજ અને બલ રહિત, અકાલમરણના કરનારા અને (અતિચાર)ના કરનારા એવા નિરવદ્ય વર્ત્તમાનકાલના યતિઓને ઉપસર્ગ રહિત મરણ યોગ્ય છે. ૧૨

**पसमसुहसप्पिवासो असोअहासो सजीविअनिरासो ।**
**विसयसुह–विगयरागो धम्मुज्जम–जायसंवेगो ॥१३॥**

ઉપશમ સુખને વિષે અભિલાષવાળો, શોક અને હાસ્ય રહિત, પોતાના જીવિતને વિષે આશા રહિત, વિષયસુખની તૃષ્ણા રહિત, અને ધર્મને વિષે ઉદ્યમ કરતાં જેને સંવેગ થએલો છે એવો ભક્તપરિજ્ઞામરણને યોગ્ય છે. ૧૩

**निच्छिअमरणावत्थो वाहिग्घत्थो जई गिहत्थो वा ।**
**भविआ भत्तपरिन्नाइ नायसंसारनिग्गुन्नो ॥१४॥**

મરણની અવસ્થા નિશ્ચિત કરી છે જેણે, વ્યાધિગ્રસ્ત અને જાણ્યું છે સંસારનું નિર્ગુણપણું જેણે એવો ભવ્ય યતિ અથવા ગૃહસ્થ ભક્તપરિજ્ઞામરણને યોગ્ય જાણવો. ૧૪

**पच्छायावपरद्धो पियधम्मो दोसदूसणसयण्हो ।**
**अरिहइ पासत्थाईवि दासदोसिल्लकलिओऽवि ॥१५॥**

પશ્ચાતાપથી પીડાયેલો, ધર્મ પ્રિય છે જેને, દોષને નિંદવા તૃષ્ણાવાલો, તથા દોષ અને દુઃશીલ એવા પાસત્થાદિક પણ અણશણને યોગ્ય છે. ૧૫

## સંસારસમુદ્ર

वाहि–जर–मरण–मयरो निरंतरुप्पत्ति–नीर–निकुरंबो ।
परिणाम–दारुण–दुहो अहो दुरंतो भवसमुद्दो ॥१६॥

વ્યાધિ, જરા અને મરણ રૂપી મગરોવાળો, નિરંતર જન્મરુપી પાણીના સમૂહવાળો, પરિણામે દારૂણ દુઃખને આપનારો સંસારરૂપી સમુદ્ર ઘણો દુરંત છે, એ ખેદની વાત છે. ૧૬

## સંસારસમુદ્ર પાર પમાડનાર ભક્તપરિજ્ઞા

इय कलिउण सहरिसं गुरुपायमूलेऽभिगम्म विणएणं ।
भालयल–मिलिअ–कर–कमल–सेहरो वंदिउं भणइ ॥१७॥

આ અણશણ કરીને હર્ષ સહિત વિનય વડે ગુરૂના ચરણકમલ આગલ આવીને હસ્તકમલ મુકુટની પેઠે કપાલે લગાડીને ગુરૂને વાંદીને આ પ્રમાણે કહે. ૧૭

## તેની રીત

आरुहिय–महं सुपुरिस ! भत्तपरिन्ना–पसत्थ–बोहित्थं ।
निज्जामएण गुरुणा इच्छामि भवन्नवं तरिउं ॥१८॥

હે સત્પુરુષ ! ભક્તપરિજ્ઞારૂપ ઉત્તમ વહાણ ઉપર ચઢીને નિયામક ગુરુ વડે સંસારરૂપી સમુદ્રને તરવાને ઈચ્છુ છું. ૧૮

कारुन्नामयनीसंद–सुंदरो सोऽवि से गुरू भणइ ।
आलोअण–वय–खामण–पुरस्सरं तं पवज्जेसु ॥१९॥

ઝરતા દયારુપ અમૃતરસથી સુંદર તે ગુરૂ પણ તેને કહે છે કે-(હે વત્સ !) આલોયણ લઈ વ્રત ઉચ્ચરી, સર્વને ખમાવવાપૂર્વક, ભક્તપરિજ્ઞા અણુશણને અંગીકાર કર. ૧૯

**इच्छामुत्ति भणित्ता भत्ती-बहुमाण-सुद्ध-संकप्पो ।**
**गुरुणो विगयावाए पाए अभिवंदिउं विहिणा ॥२०॥**

ઇચ્છં એમ કહીને ભક્તિ અને બહુમાન વડે શુદ્ધ સંકલ્પવાલો, ગયા છે અપાય જેના એવા ગુરૂના ચરણકમલને વિધિપૂર્વક વાંદીને. ૨૦

**सल्लं उद्धरिउमणो संवेगुव्वेयतिव्वसद्धाओ ।**
**जं कुणइ सुद्धिहेउं सो तेणाराहओ होइ ॥२१॥**

પોતાના શલ્યને ઉદ્ધરવાને ઇચ્છતો, સંવેગ (મોક્ષનો અભિલાષ) અને ઉદ્વેગ (સંસાર છોડવાની ઇચ્છા) થકી તીવ્ર શ્રદ્ધાવાલો શુદ્ધિને માટે જે કંઈ કરે તે વડે માણસ આરાધક થાય. ૨૧

**अह सो आलोअणदोस-वज्जियं उंज्जियं जहाऽऽयरियं ।**
**बालुव्व बालकालाउ देइ आलोअणं सम्मं ॥२२॥**

હવે તે આલોયણના દોષે કરીને રહિત, બાલકની માફક બચપણના વખતથી જેવું આચરણ કર્યું હોય તેવું સમ્યક્ પ્રકારે આલોચન કરે. ૨૨

**ठविए पायच्छित्ते गणिणा गणि-संपया-समग्गेणं ।**
**सम्ममणुमन्निय तवं अपावभावो पुणो भणइ ॥२३॥**

આચાર્યના સમગ્ર ગુણે સહિત આચાર્યે પ્રાયશ્ચિત

આપ્યા પછી, સમ્યક્ પ્રકારે તે પ્રાયશ્ચિત તપ આદરીને નિર્મલ ભાવવાલો તે શિષ્ય ફરીને કહે. ૨૩

दारुण–दुह–जलयर-निअर–भीम–भवजलहि–तारण–समत्थो।
निप्पच्चावायपोए महव्वए अम्ह उक्खिवसु ॥२४॥

દારૂણ દુઃખરુપ જલચર જીવોના સમૂહથી ભયંકર સંસારરૂપી સમુદ્રમાંથી તારવાને સમર્થ એવા ગુરૂ મહારાજ નિર્વિઘ્ન વહાણ સમાન મહાવ્રતને વિષે અમને મૂકો. ૨૪

जइऽवि स खंडियचंडो अखंडमहव्वओ जई जइवि।
पव्वज्जवउट्ठावण–मुट्ठावणमरिहइं तहावि ॥२५॥

જેણે કોપને જીત્યો છે એ અખંડ મહાવ્રતવાલા યતિ છે, તો પણ પ્રવજ્યાવ્રતની ઉપસ્થાપનાને યોગ્ય તે છે. ૨૫

पहुणो सुकयाणत्तिं मिच्चा पच्चप्पिणंति जह विहिणा।
जावज्जीवपइण्णाणत्तिं गुरुणो तहा सोऽवि ॥२६॥

સ્વામીની સારી પાલન કરેલી આજ્ઞાને જેમ ચાકરો વિધિ વડે બજાવીને પાછી આપે છે, તેમ જીવન પર્યંત ચારિત્ર પાલીને તે પણ ગુરૂને એ પ્રમાણે જણાવે છે. ૨૬

जो साइयारचरणो आउट्टिय–दंड–खंडिअवओ वा।
तह तस्सवि सम्मनुवट्टियस्स उट्ठावणा भणिया ॥२७॥

જેણે અતિચાર સહિત વ્રત પાલ્યું તથા આકુટ્ટી (કપડા) દંડે વ્રત ખંડયું એવા સમ્યક્ ઉપસ્થિત થએલા શિષ્યને પણ ઉપસ્થાપના કહી છે. ૨૭

**सत्तो तस्स महव्यय–पव्वयभारोनमंतसीसस्स ।**
**सीसस्स समारोवइ सुगुरूवि महव्वए विहिणा ॥२८॥**

ત્યાર પછી મહાવ્રતરુપ પર્વતના ભારથી નમેલા મસ્તકવાળા તે શિષ્યને સુગુરૂ વિધિ વડે મહાવ્રતનું આરોપણ કરે. ૨૮

**अह हुज्ज देसविरओ संमत्तरओ रओ अ जिणधम्मे ।**
**तस्सवि अणुंव्वयाइं आरोविज्जंति सुद्वाइं ॥२९॥**

હવે દેશવિરતિ શ્રાવક સમકિતને વિષે રક્ત અને જિન ધર્મને વિષે તત્પર હોય તેને પણ શુદ્ધ અણુવ્રતો મરણના વખતે આરોપણ કરાય છે. ૨૯

**अनियाणोदारमणो हरसि–दस–विसट्ट–कंचुय–करालो ।**
**पूएइ गुरुं संघं साहंमिअमाइ भत्तीए ॥३०॥**

નિયાણા રહિત અને ઉદાર ચિત્તવાલો, હર્ષને લીધે વિસ્તાર પામ્યાં છે રોમરાય જેનાં એવો તે ગુરૂની, સંઘની અને સાધર્મિકની નિષ્કપટ ભક્તિ વડે પૂજા કરે. ૩૦

**निअदव्वमपुव्व–जिणिंद–भवए–जिण–बिंब–वर–पइट्ठासु ।**
**विअरइ पसत्थ–पुत्थय–सुतित्थ–तित्थयर–पूआसु ॥३१॥**

પ્રધાન જિનેંદ્રપ્રાસાદ, જિનબિંબ, અને ઉત્તમ પ્રતિષ્ઠાને વિષે તથા પ્રશસ્ત પુસ્તક લખાવવામાં, સુતીર્થમાં અને તીર્થં-કરની પૂજાને વિષે શ્રાવક પોતાના દ્રવ્યને વાપરે. ૩૧

**जइ सोऽवि सव्वविरई–कयाणुराओ विसुद्धमइकाओ ।**
**छिन्नसयणाणुराए विसयविसाओ विरत्तो अ ॥६२॥**

જો તે શ્રાવક સર્વવિરતિ સંયમને વિષે પ્રીતિવાળો, વિશુદ્ધ મન (વચન) અને કાયાવાળો, સ્વજન કુટુંબના અનુરાગ રહિત, વિષય ઉપર ખેદવાળો અને વૈરાગ્યવાળો. ૩૨

**संथारयपव्वज्जं पडिवज्जइ सोऽवि नियम निरवज्जं ।**
**सव्वविरइप्पहाणं सामाइअचरित्तमारुहइ ॥३३॥**

તે શ્રાવક સંથારા રુપ દીક્ષાને અંગીકાર કરે અને નિયમ વડે દોષ રહિત સર્વવિરતિ રૂપ પાંચ મહાવ્રતે પ્રધાન સામયિક ચારિત્ર અંગીકાર કરે. ૩૩

**अह सो सामाइअधरो पडिवन्नमहव्वओ अ जो साहू ।**
**देसविरओ अ चरिमं पच्चक्खामित्ति निच्छइओ ॥३४॥**

હવે તે સમાયિક ચારિત્ર ધારણ કરનારો અને મહાવ્રતને અંગીકાર કરનારો જે સાધુ તથા છેલ્લું પચ્ચખ્ખાણ કરૂં એવા નિશ્ચયવાળો દેશવિરતિ શ્રાવક. ૩૪

**गुरू-गुण-गुरुणो गुरुणो पय-पंकय-नमिअ-मत्थओ भणइ**
**भयवं भत्तपरिन्नं तुम्हाणुमयं पवज्जामि ॥३५॥**

મોટા ગુણો વડે મહાન ગુરૂના ચરણકમલમાં મસ્તક વડે નમસ્કાર કરીને કહે છે કે હે ભગવન્ ! તમારી અનુમતિથી ભક્તપરિજ્ઞા અણશણ હું અંગીકાર કરૂં છું. ૩૫

## અનશન માટે નિમિત્ત

**आरहणाइ खेमं तस्सेव य अप्पणो अ गणिवसहो ।**
**दिव्वेण निमित्तेणं पडिलेहइ इहरहा दोसा ॥३६॥**

આરાધના વડે તેને ( અણુશણુ લેનારને ) અને પોતાને કલ્યાણુ થાય, તેમ દિવ્ય નિમિત્ત વડે જાણીને, આચાર્ય અણુશણુ લેવરાવે; નહિ તો ( નિમિત્ત જોયા વિના લેવાય તો ) દોષ લાગે. ૩૬

**तत्तो भवचरिमं सो पच्चक्खाइत्ति तिविहमाहारं ।**
**उक्कोसिआणि दव्वाणि तस्स सव्वाणि दंसिज्जा ॥६७॥**

ત્યાર પછી તે ગુરૂ ઉત્કૃષ્ટ સર્વ દ્રવ્યો પોતાના શિષ્યને દેખાડીને ત્રણુ પ્રકારના આહારનાં જાવજીવ સુધી પચ્ચકખાણુ કરાવે. ૩૭

**पासित्तु ताइं कोई तीरं पत्तस्सिमेहिं किं मज्ज ? ।**
**देसं च कोई भुच्चा संवेगगओ विचिंतेइ– ॥३८॥**

તે (ઉત્કૃષ્ટ દ્રવ્યોને) જોઇને ભવસમુદ્રના કાંઠે પહોંચેલા મારે આના વડે શું કામ છે એમ જીવ ચિંતવે; કોઇ જીવ દ્રવ્યની ઇચ્છા હોય તે ભોગવીને સંવેગ પામ્યો છતો એ પ્રમાણે ચિંતવે. ૩૮

**किं चत्तं नोवभुत्तं मे परिणामासुई सुई ।**
**दिट्ठसारो सुहं झाइ चोअणेसोऽविसीयओ ॥३९॥**

શું મેં ભોગવીને છોડયું નથી, જે પવિત્ર પદાર્થ હોય તે પરિણામે અશુચિ છે એમ જ્ઞાનમાં તત્પર થયો થકો શુભ ધ્યાન કરે; જે વિષાદ પામે તેને આવી ચોયણા (પ્રેરણા) આપવી. ૩૯

**उअरमलसोहणट्ठा समाहिपाणं मणुन्नमेसोऽवि ।**
**महुरं पज्जेअव्वो मंदं च विरेयणं खमओ ॥४०॥**

ઉદરમલની શુદ્ધિને અર્થે સમાધિપાન ( સાકર વિગેરેનું પાણી ) અને સારૂં હોય, તો તે મધુર પાણી પણ તેને પાવું અને થોડે થોડે વિરેચન કરાવવું. ૪૦

**एल–तय–नागकेसर–तमालपत्तं ससक्करं दुद्धं ।**
**पाऊण कढिय–सीयल समाहिपाणं तओ पच्छा ॥४१॥**

એલચી, તજ, નાગકેસર અને તમાલપત્રે સાકરવાલું દૂધ કઢીને ટાઢું કરી પાઈએ તે સમાધિરૂપ પાણી કહીએ. ( એ પીવાથી તાપ ઉપશમે ) ત્યાર પછીઃ— ૪૧

**महुरविरेयणमेसो कायव्वो फोफलाइदव्येहिं ।**
**निव्वाविओ अ अग्गी समाहिमेसो सुहं लहइ ॥४२॥**

ફોફલાદિક દ્રવ્યે કરીને મધુર ઔષધનું વિરેચન કરાવવું જોઇએ કેમકે એ રીતે ઉદરનો અગ્નિ હોલવાયાથી આ ( અણુશણનો કરનારો ) સુખે સમાધિ પામે છે. ૪૨

**जावज्जीवं तिविहं आहारं वोसिरइ इहं खवगो ।**
**निज्जवगो आयारिओ संघस्स निवेअणं कुणइ ॥४३॥**

અણુશણ કરનાર તપસ્વી જાવજ્જીવ સુધી ત્રણ પ્રકારના આહાર ( અશન, ખાદિમ, અને સ્વાદિમ) ને અહીયાં વોસરાવે છે, એમ નિજામણા કરાવનાર આચાર્ય સંઘને નિવેદન કરે. ૪૩

**आराहणपच्चाइअं खमगस्स य निरुवसग्गपच्चइअं ।**
**तो उस्सग्गो संघेण होइ सव्वेण कायव्वो ॥४४॥**

તે ( તપસ્વી ) ને આરાધના સંબંધી સર્વ વાત

નિરૂપસર્ગપણે પ્રવર્તે તે માટે સર્વ સંઘે બસેંછપ્પન્ન શ્વાસોશ્વાસનો કાઉસ્સગ કરવો. ૪૪

**पच्चक्खाविंति तओ तं ते खमयं चउंव्विहाहारं ।**
**संघसमुदायमज्झे चिइवंदणपुव्वयं विहिणा ॥४५॥**

ત્યાર પછી તે આચાર્ય સંઘના સમુદાયમાં ચૈત્યવંદન પૂર્વક વિધિ વડે તે ક્ષપક(તપસ્વી)ને ચતુર્વિધ આહારનું પચ્ચખાણ કરાવે. ૪૫

**अहवा समाहिहेउं सागारं चयइ तिविहमाहारं ।**
**तो पाणियंपि पच्छा वोसिरिअव्वं जहाकालं ॥४६॥**

અથવા સમાધિને અર્થે ત્રણ પ્રકારના આહારને સાગારપણે પચ્ચખે; ત્યાર પછી પાણીને પણ અવસરે વોસિરાવે. ૪૬

**तो सो नमंतसिरसंघडंतकरकमलसेहरो विहिणा ।**
**खामेइ सव्वसंघं संवेगं संजणेमाणो ॥४७॥**

ત્યાર પછી મસ્તક નમાવીને પોતાના બે હાથને મસ્તકે મુકુટ સમાન કરીને તે ( અણશણ કરનાર ) વિધિ વડે સંવેગ પમાડતો સર્વ સંઘને ખમાવે. ૪૭

## ખમતખામણાં

**आयारियउवज्झाए सीसे साहम्मिए कुलगणे य ।**
**जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥४८॥**

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, કુલ અને ગણના ઉપર

મેં જે કોઈ કષાય કર્યા હોય, તે સર્વે હું ત્રિવિધે (મન, વચન અને કાયા વડે) ખમાવું છું. ૪૮

**सव्वे अवराहपए खामेमि अहं खमेउ मे भयवं ।**
**अहमवि खमामि सुद्धो गुणसंघायस्य संघस्स ॥४९॥**

હે ભગવાન ! મારા સર્વે અપરાધના પદ (વાંક) હું ખમાવું છું માટે મને ખમો અને હું પણ ગુણના સમૂહવાલા સંઘને શુદ્ધ થઈને ખમાવું છું ૪૯

**इय-वंदण-खामण-गरिहणाहिं भवसयसमज्जिअं कम्मं ।**
**उवणेइ खणेण खयं मिगावाई-रायपत्तिव्व ॥५०॥**

આ રીતે વંદન, ખામણાં અને સ્વનિંદા વડે સો ભવનું ઉપાર્જેલું કર્મ એક ક્ષણ માત્રમાં મૃગાવતી રાણીની પેઠે ક્ષય કરે છે. ૫૦

**अह तस्स महव्वयसुट्ठियस्स जिण-वयण-भाविअ-मइस्स ।**
**पच्चक्खायाहारस्स तिव्व-संवेग-सुहयस्स ॥५१॥**

હવે મહાવ્રતને વિષે નિશ્ચલ રહેલા, જિનવચન વડે ભાવિત મનવાળા, આહારનાં પચ્ચક્ખાણ કરનાર અને તીવ્ર સંવેગ વડે મનોહર તે(અણુશણ કરનાર)ને. ૫૧

## ગુરુ મહારાજનો ઉપદેશ

**आराहणलाभाओ कयत्थमप्पाणयं मुणंतस्स ।**
**कलुस-कल-तरण-लट्ठिं अणुसट्ठिं देइ गणिवसहो ॥५२॥**

અણુશણની આરાધનાના લાભથી પોતાને કૃતાર્થ

માનનારા તેને આચાર્ય મહારાજ પાપરૂપી કાદવને ઓળંગવાને લાકડી સમાન શીખામણ આપે છે. ૫૨

**कुग्गह–परूढ–मूलं मूला उच्छिद वच्छ ! मिच्छत्तं ।**
**भावेसु परमतत्तं संमत्तं सुत्तनीईए ॥५३॥**

વધ્યું છે કુગ્રહ (કદાગ્રહ) રુપી મૂલ જેનું એવા મિથ્યાત્વને મૂલ થકી ઉખેડી નાંખીને હે વત્સ! પરમ તત્ત્વ એવા સમ્યક્ત્વને સૂત્રની નીતિએ વિચાર. ૫૩

**भत्ति च कुणसु तिव्वं गुणाणुराएण वीयरायाणं ।**
**तह पंचणमुक्कारे पवयणसारे रइं कुणसु ॥५४॥**

વળી ગુણના અનુરાગ વડે વીતરાગ ભગવાનની તીવ્ર ભક્તિ કર. તથા પ્રવચનના સાર એવા પાંચ નમસ્કારને વિષે અનુરાગ કર. ૫૪

**सुविहिअ–हिय–निज्झाए सज्झाए उज्जुओ सया होसु ।**
**निच्चं पंचमहव्वय–रक्खं कुण आयपच्चक्खं ॥५५॥**

સુવિહિત સાધુને અને હિતના કરનાર સ્વાધ્યાયને વિષે હમેશાં ઉદ્યમવંત થા, અને નિત્ય પાંચ મહાવ્રતની રક્ષા આત્મ સમક્ષ કર. ૫૫

**उज्झसु नियाणसल्लं मोहमहल्लं सुकम्मनिस्सल्लं ।**
**दमसु अ मुणिंदसंदोहनिंदिए इंदिय–मयंदे ॥५६॥**

મોહ વડે કરીને મોટા અને શુભ કર્મને વિષે શલ્ય સમાન નિયાણશલ્યનો તું ત્યાગ કર, અને મુનીંદ્રોના સમૂહમાં નિંદાએલ ઇંદ્રિય રૂપી મૃગેંદ્રોને તું દમ. ૫૬

निव्वाणसुहावाए विइन्न–निरयाइ–दारुणावाए ।
हणसु कसायपिसाए विसयतिसाए सइसहाए ॥५७॥

નિર્વાણ સુખમાં અંતરાયભૂત, નરકાદિકને વિષે ભયંકર પાત કરાવનાર અને વિષયતૃષ્ણામાં સદા સહાય કરનાર કષાયો રૂપી પિશાચોને તું હણ. ૫૭

काले अपहुप्पंते सामन्ने सावसेसिए इण्हिं ।
मोह–महारिउ–दारुण–असिलट्ठिं सुणसु अणुसट्ठिं ॥५८॥

કાલ નહિ પહોંચતે અને હમણાં થોડું ચારિત્ર બાકી રહે છતે, મોહ રૂપી મહાવૈરીને વિદારવાને માટે ખડ્ગ અને લાઠી (ડાંગ) સમાનહિતશિક્ષાને તું સાંભલ. ૫૮

संसार–मूल बीयं मिच्छत्तं सव्वहा विवज्जेहिं ।
सम्मत्ते दढचित्तो होसु नमुक्कारकुसलो अ ॥५९॥

સંસારના મૂલબીજભૂત મિથ્યાત્વનો સર્વ પ્રકારે ત્યાગ કર અને સમ્યક્ત્વને વિષે દૃઢ ચિત્તવાલો થઈ, નમસ્કારના ધ્યાનને વિષે કુશલ થા. ૫૯

मिगतिण्हिआहिं तोयं गन्नंति नरा जहा सतण्हाए ।
सुक्खाइं कुहम्माओ तहेव मिच्छत्त–मूढ–मणो ॥६०॥

જેમ માણસો પોતાની તૃષ્ણા વડે મૃગતૃષ્ણાને વિષે (ઝાંઝવાના જલમાં) પાણી માને છે, તેમ મિથ્યાત્વથી મૂઢ મનવાલો કુધર્મ થકી સુખની ઈચ્છા કરે છે. ૬૦

नवि तं करेइ अग्गी नेअ विसं नेअ किण्हसप्पो अ ।
जं कुणइ महादोसं तिव्वं जीवस्स मिच्छत्तं ॥६१॥

તીવ્ર મિથ્યાત્વી જીવોને જે મહા દોષ કરે છે, તે દોષ અગ્નિ, વિષ કે કૃષ્ણ સર્પ પણ કરતા નથી. ૬૧

**पावेइ इहेव वसणं तुरुमिणिदत्तुव्व दारूणं पुरिसो ।**
**मिच्छत्तमोहिअमणो साहुपउसाउ पावाओ ॥६२॥**

મિથ્યાત્વથી મૂઢ ચિત્તવાળો માણસ સાધુ ઉપર દ્વેષ રાખવા રૂપી પાપથી આલોકમાંજ તુરૂમણિ નગરીના દત્તરાજાની પેઠે તીવ્ર દુઃખ પામે છે. ૬૨

**मा कासि तं पमायं सम्मत्ते सव्व–दुक्ख–नासणए ।**
**जं सम्मत्तपइट्ठाइं नाण–तव–विरिअ–चरणाइं ॥६३॥**

સર્વ દુઃખનો નાશ કરનાર સમ્યક્ત્વને વિષે તું પ્રમાદ ન કરીશ, કારણ કે સમ્યકત્વને આધારે જ્ઞાન, તપ, વીર્ય અને ચારિત્ર રહેલાં છે. ૬૩

**भावाणुराय–पेमाणु–राय–सुगुणाणुराय–रत्तो अ ।**
**धम्माणुराययरत्तो अ होसु जिणसासणे निच्चं ॥६४॥**

જેવો તું પદાર્થ ઉપર અનુરાગ કરે છે, પ્રેમનો અનુરાગ કરે છે અને સદ્‌ગુણના અનુરાગને વિષે રક્ત થાય છે તેવોજ જિનશાસનને વિષે હંમેશાં ધર્મના અનુરાગ વડે રક્ત થા. ૬૪

## સમ્યક્ત્વ મહિમા

**दंसणभट्ठो भट्ठो न हु भट्ठो होइ चरणपब्भट्ठो ।**
**दंसणमणुपत्तस्स हु परिअडणं नत्थि संसारे ॥६५॥**

સમ્યક્ત્વથી ભ્રષ્ટ તે સર્વથી ભ્રષ્ટ જાણવો, પણ ચારિત્રથી ભ્રષ્ટ થએલો બધાથી ભ્રષ્ટ થતો નથી, કેમકે સમ્યક્ત્વ પામેલા જીવને સંસારને વિષે ઝાઝું પરિભ્રમણ નથી. ૬૫

**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति ॥६६॥**

દર્શન થકી ભ્રષ્ટ તે ભ્રષ્ટ જાણવો, કારણ કે સમ્યક્ત્વથી પડેલાને મોક્ષ નથી. ચારિત્રથી રહિત જીવ મુક્તિ પામે છે, પણ સમક્તિથી રહિત જીવ મોક્ષ પામતો નથી. ૬૬

**सुद्धे सम्मत्ते अवरिओऽवि अज्जेइ तित्थयरनामं ।**
**जह आगमेसिभद्दा हरिकुल-पहु-सेणियाईया ॥६७॥**

શુદ્ધ સમકિતવાળો અવિરત જીવ પણ તીર્થંકર-નામકર્મ ઉપાર્જન કરે છે. જેમ આગામી કાલમાં કલ્યાણ થવાનું છે જેમનું એવા હરિવંશના પ્રભુ એટલે કૃષ્ણ મહારાજ અને શ્રેણિક વિગેરે રાજાઓએ તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કર્યું તેમ. ૬૭

**कल्लाणपरंपरयं लहंति जीवा विसुद्धसम्मत्ता ।**
**सम्मद्दंसण-रयणं नऽग्घइ ससुरासुरे लोए ॥६८॥**

નિર્મલ સમ્યક્ત્વવાલા જીવો કલ્યાણની પરંપરાને પામે છે; ( કેમકે ) સમ્યગ્દર્શન રૂપી રત્ન સુર અને અસુર લોકને વિષે અમૂલ્ય છે. ૬૮

**तेलुक्कस्स पहुत्तं लद्धूणवि परिवडंति कालेणं ।**
**सम्मत्ते पुण लद्धे अक्खयसुक्खं लहइ मुक्खं ॥६९॥**

ત્રણ લોકની પ્રભુતા પામીને પણ કાલે કરીને જીવ પડે છે પણ સમ્યક્ત્વ પામ્યા પછી જીવ અક્ષય સુખવાળું મોક્ષ પામે છે. ૬૯

**अरिहंत-सिद्ध-चेइय-पवयण-आयरिअ-सव्वसाहूसुं ।**
**तिव्व करेसु भत्ति तिगरणसुद्धेण भावेणं ॥७०॥**

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, (જિન પ્રતિમા) ૪ પ્રવચન-સિદ્ધાંત, ૫ આચાર્ય, ૬ અને સર્વ સાધુઓને વિષે મન, વચન અને કાયા એ ત્રણ કરણ વડે શુદ્ધ ભાવથી તીવ્ર ભક્તિ કર. ૭૦

## તારનાર ભક્તિ

**एगावि सा समत्था जिणभत्ती दुग्गइं निवारेउं ।**
**दुलहाइं लहावेउं आसिद्धि परंपरसुहाइं ॥७१॥**

એકલી જિનભક્તિ પણ દુર્ગતિને નિવારવાને સમર્થ થાય છે અને સિદ્ધિ પામે ત્યાં સુધી પરંપર દુર્લભ સુખોને મેળવી આપવા સમર્થ છે. ૭૧

**विज्जावि भत्तिमंतस्स सिद्धिमुवयाइ होइ फलया य ।**
**किं पुण निव्वुइविज्जा सिज्झिहिइ अभत्तिमंतस्स? ॥७२॥**

ભક્તિવંતને વિદ્યા પણ સિદ્ધ થાય છે અને ફલને આપનારી થાય છે, તો વળી શું મોક્ષની વિદ્યા અભક્તિવંતને સિદ્ધ થાય ? ૭૨

**तेसिं आराहणनायगाणं न करिज्ज जो नरो भत्तिं ।**
**घणियंपि उज्जमंतो सालिं सो ऊसरे ववइ ॥७३॥**

તે આરાધનાઓના નાયક પણ એ વીતરાગ ભગવાનની ભક્તિ ન કરે તો તે માણસ ઘણો પણ ઉદ્યમ કરે તો પણ તે ડાંગરને ઊખર ભૂમિમાં વાવે છે. ૭૩

बीएण विणा सस्सं इच्छइ सो वासमब्भएण विणा ।
आराहणमिच्छंतो आराहयभत्तिमकरंतो ॥७४॥

આરાધકની ભક્તિ નહિ કરતો છતાં પણ આરાધનાને ઈચ્છતો માણસ બી વિના ધાન્યની અને વાદળાં વિના વરસાદની ઇચ્છા કરે છે. ૭૪

उत्तम-कुल-संपत्ति सुहनिप्फत्तिं च कुणइ जिणभत्ती ।
मणियार-सिट्ठि-जीवस्स दद्दुरस्सेव रायगिहे ॥७५॥

રાજગૃહ નગરને વિષે મણિઆર શેઠનો જીવ જે દેડકો થયો હતો તેની જેમ શ્રીજિનેશ્વરમહારાજની ભક્તિ ઉત્તમ કુલમાં ઉત્પત્તિ અને સુખની નિષ્પત્તિ કરે છે. ૭૫

### નમસ્કાર સ્મરણનો ઉપદેશ

आराहणा-पुरस्सर-मणन्न-हियओ विसुद्धलेसाओ ।
संसारक्खय-करणं तं मा मुंची नमुक्कारं ॥७६॥

આરાધના માટે તત્પર બની બીજે ઠેકાણે ચિત્ત રોકયા વિના, વિશુદ્ધ લેશ્યાથી સંસારના ક્ષયને કરનાર નવકારને તું મૂક નહિ. ૭૬

अरिहंतनमुक्कारोऽवि हविज्ज जो मरणकाले ।
सो जिणवरेहिं दिट्ठो संसारुच्छेयणसमत्थो ॥७७॥

મરણની વખતે જો અરિહંતને એક પણ નમસ્કાર

થાય તો તે સંસારનો નાશ કરવાને સમર્થ છે એમ જિનેશ્વર ભગવાને કહેલું છે. ૭૭

**मिंठो किलिट्ठकम्मो नमो जिणाणंतिसुकयपणिहाणो ।**
**कमलदलक्खो जक्खो जाओ चोरुत्ति सूलिहओ ॥७८॥**

માઠાં કર્મનો કરનારો મહાવત, જેને ચોર કહીને શૂલીએ ચઢાવેલો, તે પણ '**નમો જિણાણં**' એમ કહેતો શુભ ધ્યાને વર્તતો કમલપત્રના જેવી આંખવાલો યક્ષ થયો. ૭૮

**भाव-नमुकार-विवज्जियाइं जीवेण अकयकरणाइं ।**
**गहियाणि य मुक्काणि य अणंतसो दव्वलिंगाइं ॥७९॥**

ભાવ નમસ્કાર રહિત, નિરર્થક દ્રવ્યલિંગો જીવે અનંતી વાર ગ્રહણ કર્યાં અને મૂકયાં છે. ૭૯

**आराहणापडागा-गहणे इत्थो भवे नमोकारो ।**
**तह सुगइ-मग्ग-गमणे रहुव्व जीवस्स अप्पडिहो ॥८०॥**

આરાધના રુપ પતાકા લેવાને નમસ્કાર હાથ રુપ છે, તેમજ સદ્‌ગતિના માર્ગે જવામાં તે જીવને અપ્રતિહત રથ સમાન છે. ૮૦

**अन्नाणीऽवि य गोवो आराहित्ता मओ नमुकारं ।**
**चंपाए सिट्ठिसुओ सुदंसणो विस्सुओ जाओ ॥८१॥**

અજ્ઞાની ગોવાલ પણ નવકાર આરાધીને મરણ પામ્યો તે ચંપાનગરીને વિષે શ્રેષ્ઠી પુત્ર સુદર્શન નામે પ્રખ્યાત થયો. ૮૧

विज्जा जहा पिसायं सुट्ठुवउत्ता करेइ पुरिसवसं ।
नाणं हिअयपिसायं सुट्ठुवउत्तं तह करेइ ॥८२॥

જેમ સારી રીતે આરાધેલી વિદ્યાથી પુરુષ પિશાચને વશ કરે છે, તેમ સારી રીતે આરાધેલું જ્ઞાન મન રૂપી પિશાચને વશ કરે છે. ૮૨

उवसमइ किण्हसप्पो जह मंतेण विहिणा पउत्तेणं ।
तह हियय-किण्ह-सप्पो सुट्ठुवउत्तेण नाणेणं ॥८३॥

જેમ વિધિએ આરાધેલા મંત્રવડે કૃષ્ણ સર્પ ઉપશમે છે, તેમ સારી રીતે આરાધેલા જ્ઞાન વડે મન રૂપી કૃષ્ણ સર્પ વશ થાય છે. ૮૩

जह मक्कडओ खणमवि मज्झत्थो अच्छिउं न सक्केइ ।
तह खणमवि मज्झत्थो विसएहिं विणा न होइ मणो ॥८४॥

જેમ માંકડો ક્ષણ માત્ર પણ નિશ્ચલ રહી શકતો નથી, તેમ વિષયોના આનંદ વિના મન ક્ષણ માત્ર પણ મધ્યસ્થ (નિશ્ચલ) રહી શકતું નથી. ૮૪

तम्हा स उट्ठिउमणो मणमक्कडओ जिणोवएसेणं ।
काउं सुत्तत्तिबद्धो रामेयव्वो सुहज्झाणे ॥८५॥

તે માટે તે ઉઠતા તરંગોરૂપ માંકડાને જિનના ઉપદેશ વડે દોરીથી બાંધીને શુભ ધ્યાનને વિષે જોડવું. ૮૫

सूई जहा ससुत्ता न नस्सई कयवरंमि पडिआवि ।
जीवोऽवि तह ससुत्तो न नस्सइ गओवि संसारे ॥८६॥

જેમ દોરા સહિત સોય કચરામાં પડી હોય તો તે

ખોવાતી નથી, તેમ શુભ ધ્યાન રૂપી દોરા સહિત જીવ પણ સંસારને વિષે પડ્યો હોય તો તે નાશ પામતો નથી. ૮૬

खंडसिलोगेहिं जवो जइ ता मरणाउ रक्खिओ राया ।
पत्तो उ सुसामन्नं किं पुण जिण–उत्तसुत्तेणं ? ॥८७॥

જો લૌકિક શ્લોકો વડે યવ રાજર્ષિએ રાજાને મરણ થકી બચાવ્યો અને તે (રાજા) રૂડું સાધુપણું પામ્યો, તો જિનેશ્વર ભગવાને કહેલા સૂત્રવડે જીવ મરણના દુઃખથી છુટે એમાં શું કહેવું ? ૮૭

अहवा चिलाइपुत्तो पत्तो नाणं तहाऽमरत्तं च ।
उवसम–विवेग–संवर–पय-सुमरण–मित्त-सुयनाणो ॥८८॥

અથવા ઉપશમ, વિવેક, સંવર એ પદના સાંભલવા (સ્મરણ) માત્ર (તેટલા જ) શ્રુતજ્ઞાનવાળો ચિલાતીપુત્ર જ્ઞાન તેમજ દેવપણું પામ્યો. ૮૮

## —જીવદયાનો ઉપદેશ—

परिहर छज्जीवहं सम्मं मण-वयण–काय–जोगेहिं ।
जीवविसेसं नाउं जावज्जीवं पयत्तेणं ॥८९॥

જીવના ભેદને જાણીને પ્રયત્નવડે સમ્યક્ મન, વચન, કાયાના યોગવડે છ કાયાના જીવના વધનો જાવજ્જીવ ત્યાગ કર. ૮૯

जह ते न पियं दुक्खं जाणिअ एमेव सव्वजीवाणं ।
सव्वायरमुवउत्तो अत्तोवम्मेण कुणसु दयं ॥९०॥

જેમ તને દુઃખ વહાલું લાગતું નથી, એમ સર્વ જીવને

પણ દુઃખ ગમતું નથી એવું જાણીને, સર્વ આદરવડે ઉપયોગ રાખી (સાવધાન બની) સર્વ જીવને આત્મા સરખા ગણી દયા કર. ૯૦

**तुंगं न मंदराओ आगासाओ विसालयं नत्थि।**
**जह तह जयंमि जाणसु धम्ममहिंसासमं नत्थि ॥९१॥**

જેમ જગતને વિષે મેરૂ પર્વતસમાન કોઈ ઉંચું નથી અને આકાશ કરતાં કોઇ મોટું નથી, તેમ અહિંસા સમાન ધર્મ નથી એમ તું જાણ. ૯૧

**सव्वेवि य संबंधा पत्ता जीवेण सव्वजीवेहिं।**
**तो मारंतो जीवे मारइ संबंधिणो सव्वे ॥९२॥**

આ જીવ સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો પામ્યો છે; તેથી જીવોને મારતો પોતાના સર્વ સંબંધીઓને મારે છે. ૯૨

**जीववहो अप्पवहो जीवदया अप्पणो दया होइ।**
**ता सव्वजीवहिंसा परिचत्ता अत्तकामेहिं ॥९३॥**

જીવનો વધ તે આપણો જ વધ જાણવો અને જીવની દયા તે આપણી જ દયા છે, તેથી આત્માના સુખને ઇચ્છતા જીવોએ સર્વ જીવહિંસા ત્યાગ કરવી. ૯૩

**जावइआइं दुक्खाइं हुंति चउगइगयस्स जीयस्स।**
**सव्वाइं ताइं हिंसा—फलाइं निउणं वियाणाहि ॥९४॥**

ચાર ગતિમાં રખડતા જીવને જેટલાં દુઃખો થાય છે તે સર્વે હિંસાનાં ફલ છે એમ સુક્ષ્મ બુદ્ધિથી જાણ. ૯૪

**जंकिंचि सुहमुआरं पहुत्तणं पगइसुंदरं जं च।**
**आरुग्गं सोहग्गं तं तमहिंसाफलं सव्वं ॥९५॥**

જે કંઈ મોટું સુખ, પ્રભુતા, જે કંઈ સ્વાભાવિક રીતે સુંદર છે તે, નિરોગપણું, સૌભાગ્યપણું, તે તે સર્વ અહિંસાનું ફલ સમજવું ૯૫

**पाणोऽवि पाडिहेरं पत्तो छूढोवि सुंसुमारदहे।**
**एगेणवि एग-दिणज्जिजएणऽहिंसावयगुणेणं ॥९६॥**

સુંસુમાર દ્રહને વિષે ફેંકાએલો છતાં ચંડાલ પણ એક દિવસમાં એક જીવ બચાવવાથી ઉત્પન્ન થએલા અહિંસાવ્રતના ગુણવડે દેવતાનું સાનિધ્ય પામ્યો. ૯૬

## અસત્યત્યાગનો ઉપદેશ

**परिहर असच्चवयणं सव्वंपि चउव्विहं पयत्तेणं।**
**संजमवंतावि जओ भासादोसेण लिप्पंति ॥९७॥**

ચાર પ્રકારના અસત્ય વચનને પ્રયત્નવડે ત્યાગ કર, કારણકે સંયમવંત પુરૂષો પણ ભાષાના દોષવડે (અસત્ય ભાષણવડે કર્મથી) લેપાય છે. ચાર પ્રકારનાં અસત્ય આ પ્રમાણેઃ- ૧ અછતાનું પ્રગટ કરવું, જેમ આત્મા સર્વગ્રત છે. ૨. બીજો અર્થ કહેવો, જેમ ગો શબ્દે શ્વાન. ૩ છતાંને ઓલવવું, જેમ આત્મા નથી. ૪ નિંદાનું કરવું, જેમ ચોર ન હોય તેને ચોર કહેવો. ૯૭

**हासेण व कोहेण व लोहेण भएण वावि तमसच्चं।**
**मा भणसु भणसु सच्चं जीवहिअत्थं पसत्थमिणं ॥९८॥**

હાસ્ય, ક્રોધ, લોભ, અને ભય એ કોઈપણ કારણે પણ અસત્ય ના બોલ; પણ જીવને હિતકારી અને સુંદર સત્ય વચન બોલ. ૯૮

विस्ससणिज्जो माया व होइ पुज्जो गुरुव्व लोअस्स ।
सयणुव्व सच्चवाई पुरिसो सव्वस्स होइ पिओ ॥९९॥

સત્યવાદી પુરુષ માતાની પેઠે વિશ્વાસ રાખવા લાયક, ગુરૂની પેઠે લોકને પૂજવા યોગ્ય અને સગાંની પેઠે સર્વને વહાલો લાગે છે. ૯૯

होउ व जडी सिहंडी मुंडी वा वक्कली व नग्गो वा ।
लोए असच्चवाई भन्नइ पासंडचंडालो ॥१००॥

જટાવંત હોય અથવા શિખાવંત હોય, મુંડ હોય, વલ્કલ (ઝાડની છાલનાં વસ્ત્ર) પહેરનાર હોય, અથવા નગ્ન હોય તો પણ અસત્યવાદી લોકને વિષે પાખંડી અને ચંડાલ કહેવાય છે. ૧૦૦

अलियं सइंपि भणियं विहणइ बहुआइं सच्चवयणाइं ।
पडिओ नरयंमि वसू इक्केण असच्चवयणेणं ॥१०१॥

એક વાર પણ બોલેલું જૂઠું ઘણા સત્ય વચનોનો નાશ કરે છે, કેમકે એક અસત્ય વચન વડે વસુ રાજા નરકને વિષે પડ્યો. ૧૦૧

### અદત્તપરિહારોપદેશ

मा कुणसु धीर बुद्धिं ! अप्पं व बहुं च परधणं घित्तुं ।
दंतंतरसोहणयं किलिंचमित्तंपि अविदिन्नं ॥१०२॥

હે ધીર! થોડું કે વધારે પારકું ધન (જેવું કે) દાંત ખોતરવાને માટે એક સળી માત્ર પણ અદત્ત (આપ્યા વિના) લેવાનો વિચાર ન કર. ૧૦૨

**जो पुण अत्थं अवहरइ तस्स सो जीवियंपि अवहरइ ।**
**जं सो अत्थकएणं उज्झइ जीयं न उण अत्थं ॥१०३॥**

વળી જે પુરૂષ (પારકું) દ્રવ્ય હરણ કરે છે તે તેનું જીવિત પણ હરણ કરે છે; કારણ કે દરેકજણ પૈસાને માટે જીવનો પણ ત્યાગ કરે છે, પણ પૈસાને છોડતો નથી. ૧૦૩

**तो जीवदया–परमं धम्मं गहिऊण गिण्ह माऽदिन्नं ।**
**जिण–गणहर–पडिसिद्धं लोगविरुद्धं अहम्मं च ॥१०४॥**

તેથી જીવદયા રુપ પરમ ધર્મને ગ્રહણ કરીને અદત્ત ન લે, કેમકે જિનેશ્વર ભગવાને તે નિષેધ્યું છે, તેમજ તે લોકવિરૂદ્ધ અને અધર્મ છે. ૧૦૪

**चोरो परलोगंमि वि नारयतिरिएसु लहइ दुक्खाइं ।**
**मणुयत्तणेवि दीणो दारिद्दोवद्दुओ होइ ॥१०५॥**

ચોર પરલોકમાં પણ નરક, તિર્યંચને વિષે ઘણાં દુઃખો પામે છે; મનુષ્યપણામાં પણ દીન અને દરિદ્રતાથી પીડાએલો રહે છે. ૧૦૫

**चोरिक्कनिवित्तीए सावयपुत्तो जहा सुहं लहई ।**
**किढि मोरपिच्छचिंत्तिअं गुड्डीचोराण चलणेसु ॥१०६॥**

ચોરીથી નિવર્તેલો શ્રાવકનો પુત્ર જેમ સુખ પામ્યો, કીઢી નામની ડોશીને ઘેર ચોર પેઠા. તે ચોરના પગોને

વિષે ડોશીએ અંગુઠો મોરપિંછવડે ચિતર્યો તે એંધાની (નીશા-ની)એ રાજાએ ઓલખીને શ્રાવકના પુત્રને ટાળીને બધા ચોરોને માર્યા. ૧૦૬

## બ્રહ્મચર્યોપદેશ

**रक्खाहि बंभचेरं बंभगुत्तीहिं नवहिं परिसुद्धं ।**
**निच्चं जिणाहि कामं दोसप्पकामं वियाणित्ता ॥१०७॥**

નવ બ્રહ્મચર્યની ગુપ્તિ વડે શુદ્ધ બ્રહ્મચર્યનું તું રક્ષણ કર, અને કામને ઘણા દોષથી ભરેલો જાણીને હંમેશા જીત. ૧૦૭

**जावइया किर दोसा इहपरलोए दुहावहा हुंति ।**
**आवहइ ते उ सव्वे मेहुणसन्ना मणूसस्स ॥१०८॥**

જેટલાદોષો આલોક અને પરલોકને વિષે દુઃખના કરનારા છે, તે બધા દોષો જીવની મૈથુનસંજ્ઞામાં છે. ૧૦૮

**रइ–अरइ–तरल–जीहा–जुएण संकप्प–उब्भड–फणेणं ।**
**विसय–बिल–वासिणा मयमुहेण विब्बोअरोसेणं ॥१०९॥**

રતિ અને અરતિરૂપ ચંચલ બે જીભવાલા, સંકલ્પ વિકલ્પરૂપ પ્રચંડ ફણાવાલા, વિષયરૂપ બિલમાં વસનાર, મદરૂપ મુખવાલા અને ગર્વથી અનાદરરૂપ રોષવાલા. ૧૦૯

**कामभुअंगेण दट्ठा लज्जा–निम्मोय–दप्प–दाढेणं ।**
**नासंति नरा अवसा दुस्सह–दुक्खावहविसेणं ॥११०॥**

લજ્જા રૂપ કાંચલીવાલા, અહંકાર રૂપ દાઢવાલા અને દુઃસહ દુઃખકારક વિષવાલા કામરૂપી સર્પવડે ડસાએલા માણસો પરવશ થએલા દેખાય છે. ૧૧૦

लल्लक्क-निरय-विअणाओ घोर-संसार-सायरुव्वहणं ।
संगच्छइ न पिच्छइ तुच्छत्तं कामिअसुहस्स ॥१११॥

તે રૌદ્ર નરકની વેદનાઓ અને ઘોર સંસારસાગરનું વહન કરવું તેને પામે છે; પરંતુ કામિત સુખનું તુચ્છપણું જોતો નથી. ૧૧૧

वम्मह-सर-सय-विद्धो गिद्धो वणिउव्व रायपत्तीए ।
पाउक्खालयगेहे दुग्गंधेऽणेगसो वसिओ ॥११२॥

જેમ કામના સેંકડો બાણવડે વિંધાએલો અને ગૃદ્ધ થએલો વાણીઓ રાજાની સ્ત્રીએ પાયખાનાના ખાલની અંદર નાંખ્યો ને અનેક દુર્ગંધોને સહન કરતો ત્યાં રહ્યો. ૧૧૨

कामासत्तो न मुणइ गम्मागम्मंपि वेसिआणुव्व ।
सिट्ठी कुबेरदत्तो निअय-सुआ-सुरय-रइ-रत्तो ॥११३॥

કામાસક્ત માણસ વૈશ્યાયન તાપસની પેઠે ગમ્ય અને અગમ્યને જાણતો નથી જેમ કુબેરદત્ત શેઠ તરત બાળકને જન્મ આપનારી પોતાની માતાના ઉપર સુરત (વિષય) સુખથી રક્ત થએલો રહ્યો. ૧૧૩

पडिपिल्लिअ कामकलिं कामग्घत्थासु मुअसु अणुबंधं ।
महिलासु दोसविसवल्लरीसु पयइं नियच्छंतो ॥११४॥

કંદર્પથી વ્યાપ્ત અને દોષરૂપ વિષની વેલડી સરખી સ્ત્રીઓને વિષે પ્રેર્યો છે કામકલહ જેણે એવા પ્રતિબંધને (આસક્તિને) સ્વભાવથી જોતા એવા તમે છોડી દો. ૧૧૪

**महिला कुलं सुवंसं पियं सुअं मायरं च पिअरं च ।**
**विसयंधा अगणंती दुक्खसमुद्दम्मि पाडेइ ॥११५॥**

વિષયમાં અંધ બનેલી સ્ત્રી કુલ, વંશ, પતિ, પુત્ર, માતા તેમજ પિતાને નહિ ગણકારતી દુઃખ રુપી સમુદ્રમાં પાડે છે. ૧૧૫

**नीअंगमाहिं सुपओहराहिं उप्पिच्छमंथरगईहिं ।**
**महिलाहिं निन्नयाहि व गिरिवरगुरूआवि भिज्जंति ॥११६॥**

સ્ત્રીઓને નદી સાથે સરખાવતાં જણાવે છે કે-સ્ત્રીઓ નીચગામીની, (નદી પક્ષે ઢળતી જમીનમાં જનારી) સારા સ્તનવાલી, ( નદી પક્ષે-સુંદર પાણીને ધારણ કરનારી ) દેખવા યોગ્ય સુંદર અને મંદ મંદ ગતિવાલી નદીની પેઠે મેરૂ પર્વત જેવા ભારે(પુરૂષો)ને પણ ભેદી નાખે છે. ૧૧૬

**सुट्ठुवि जिआसु सुट्ठुवि पिआसु सुट्ठुवि परूढपेम्मासु ।**
**महिलासु भुअंगीसु अ वीसंभे नाम को कुणइ ? ॥११७॥**

અતિશય પરિચયવાલી, અતિશય પ્રિય, વળી અતિશય પ્રેમવંત એવી સ્ત્રીઓ રૂપ સાપણોને વિષે ખરેખર કોણ વિશ્વાસ કરે ? ૧૧૭

**विसंभनिब्भरंपिहु उवयारपरं परूढपणयंपि ।**
**कयविप्पिअं पअं झत्ति निंति निहणं हयासाओ ॥११८॥**

હતાશ થયેલી સ્ત્રીઓ અતિ વિશ્વાસવંત, ઉપકારને વિષે તત્પર, ને ગાઢ પ્રેમવાળા પતિને પણ એકવાર અપ્રીતિ થતાં જલદી મરણ પમાડે છે. ૧૧૮

**रमणीअदंसणाओ सोमालंगीओ गुणनिबद्धाओ ।**
**नवमालइमालाउ व हरंति हिअयं महिलिआओ ॥११९॥**

સુંદર દેખાવવાળી, સુકુમાર અંગવાળી અને ગુણથી (દોરીથી) બંધાએલી નવી જાઇની માલા સરખી સ્ત્રીઓ પુરૂષના હૃદયને હરણ કરે છે. ૧૧૯

**किं तु महिलाण तासिं दंसण–सुंदेर–जणिय–मोहाणं ।**
**आलिंगणमइरा देइ वज्झमालाण व विणासं ॥१२०॥**

પરંતુ દર્શનની સુંદરતાથી મોહ ઉત્પન્ન કરનાર તે સ્ત્રીઓની આલિંગન રૂપ મદિરા, કણેરની (વધ્ય પુરૂષને ગળે પહેરાવવામાં આવતી) માલાની પેઠે પુરૂષનો વિનાશ કરે છે. ૧૨૦

**रमणीण दंसणं चेव सुंदरं होउ संगमसुहेणं ।**
**गंधुच्चिय सुरहो मालईइ मलणं पुण विणासो ॥१२१॥**

સ્ત્રીઓનું દર્શન ખરેખર સુંદર છે, માટે સંગમના સુખ વડે સર્યું; માલાનો ગંધ પણ સુગંધીદાર હોય છે, પણ મર્દન વિનાશરૂપ થાય છે. ૧૨૧

**साकेयपुराहिवइ देवरई रज्ज–सुक्ख–पब्भट्ठा ।**
**पंगुलहेतुं छूढो बूढो य नईइ देवीए ॥१२२॥**

સાકેતનગરનો દેવરતિ નામે રાજા રાજ્યના સુખથી ભ્રષ્ટ થયો; કે રાણીએ પાંગલા ઉપરના રાગના કારણે તેને નદીમાં ફેંક્યો અને તે નદીમાં ડૂબ્યો. ૧૨૨

**सोअसरी दुरिअदरी कवटकुडी महिलिया किलेसकरी ।**
**वइर-विरोयण-अरणी दुक्खखणी सुक्खपडिवक्खा ॥१२३॥**

સ્ત્રી શોકની નદી, દુરિતની (પાપની) ગુફા, કપટનું ઘર, કલેશની કરનારી, વૈરરૂપી અગ્નિને સળગાવવાને અરણીના લાકડા સમાન, દુ:ખની ખાણ અને સુખની પ્રતિપક્ષી છે. ૧૨૩

**अमुणिय—मण-परिकम्मो सम्मं को नाम नासिउं तरइ ।**
**वम्मह—सर पसरोहे दिट्ठिच्छोहे मयच्छीणं ?  ॥१२४॥**

કામબાણ ફેંકતી મૃગાક્ષીઓ (સ્ત્રીઓ)નાં કટાક્ષથી કયો મનોનિગ્રહ ન કરનાર સમ્યક્ પ્રકારે નાશી જવાને સમર્થ થાય ? ૧૨૪

**घणमलाओ व दुरून्नमंतसुपओहराउ वड्ढंति ।**
**मोहविसं महिलाओ अलक्कविसं व पुरिसस्स  ॥१२५॥**

અતિ ઉંચાં અને ઘણાં વાદલાંવાળી મેઘમાલા જેમ હડકવાના વિષને વધારે તેમ અતિશય ઉંચા પયોધર (સ્તન)-વાળી સ્ત્રીઓ પુરૂષના મોહવિષને વધારે છે. ૧૨૫

**परिहरसु तओ तासिं दिट्ठिं दिट्ठीविसस्स व अहिस्स ।**
**जं रमणि—नयण—बाणा चरित्तपाणे विणासंति  ॥१२६॥**

તેથી દૃષ્ટિવિષ સર્પની જેવી તે સ્ત્રીઓની દૃષ્ટિનો તમે ત્યાગ કરો; કેમકે સ્ત્રીનાં નેત્રબાણ ચારિત્રરૂપી પ્રાણોનો નાશ કરે છે. ૧૨૬

**महिलासंसग्गीए अग्गी इव जं च अप्पसारस्स ।**
**मयणं व मणो मुणिणोऽवि हंत सिग्घं चिय विलाइ ॥१२७॥**

સ્ત્રીની સોબતથી અલ્પ સત્ત્વવાલા મુનિનું પણ મન અગ્નિથી મીણ ઓગળી જાય તેમ ખરેખર જલદી ઓગળી જાય છે. ૧૨૭

**जइवि परिचत्तसंगो तवतणुयंगो तहावि परिवडइ ।**
**महिलासंग्गीए कोसाभवणूसियव्व रिसी ॥१२८॥**

સર્વ સંગનો ત્યાગ કરનાર અને તપવડે પાતલા અંગવાલા હોય તોપણ કોશાના ઘરમાં વસનાર (સિંહ-ગુફાવાસી) મુનિની જેમ સ્ત્રીના સંગથી મુનિઓ ચલાયમાન થાય છે. ૧૨૮

**सिंगारतरंगाए विलासवेलाए जुव्वणजलाए ।**
**पहसिअफेणाइ मुणी नारिनईए न बुड्डंति ? ॥१२९॥**

શણગાર રૂપી કલ્લોલવાળી, વિલાસ રૂપી ભરતીવાળી, અને યૌવન રૂપી પાણીવાળી, પ્રહસિત ફેણવાળી સ્ત્રી રૂપી નદીમાં શું મુનિ પણ નથી ડૂબતા ? ૧૨૯

**विसयजलं मोहकलं विलास–विब्बोअ–जलयराइण्णं ।**
**मयमयरं उत्तिन्ना तारून्नमहन्नवं धीरा ॥१३०॥**

ધીર પુરૂષો વિષય રૂપ જલવાલા, મોહ રૂપી કાદવવાલા, વિલાસ અને અભિમાન રૂપી જલચરોથી ભરેલા અને મદ રૂપી મગરવાલા, યૌવન રૂપી સમુદ્રને તરી ગયા છે. ૧૩૦

अब्भिंतरबाहिरए सव्वे संगे तुमं विवज्जेहि ।
कयकारिअणुमईहिं काय–मणोवायजोगेहिं ॥१३१॥

કરવા કરાવવા અને અનુમોદવા રૂપ ત્રણ કરણવડે અને મન, વચન અને કાયાના જોગોવડે અભ્યંતર અને બાહ્ય એવા સર્વે સંગોનો તું ત્યાગ કર. ૧૩૧

संगनिमित्तं मारइ भणइ अलिअं करेइ चोरिक्कं ।
सेवइ मेहुण मुच्छं अप्परिमाणं कुणइ जीवो ॥१३२॥

સંજોગના (પરિગ્રહના) કારણે જીવ હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે, અને પરિમાણ રહિત મૂર્છા કરે છે (પરિગ્રહનું પરિમાણ કરતો નથી.) ૧૩૨

### પરિગ્રહના ત્યાગનો ઉપદેશ

संगो महाभयं जं विहेडिओ सावएण संतेणं ।
पुत्तेण हिए अत्थंमि मुणिवई कुंचिएण जहा ॥१३३॥

પરિગ્રહ મોટા ભયનું કારણ છે; કારણ કે પુત્રે દ્રવ્ય ચોરવા છતાં શ્રાવક કુંચિક શેઠે મુનિપતિ મુનિને વહેમથી પીડા કરી. ૧૩૩

सव्वग्गंथविमुक्को सीईभूओ पसंतचित्तो अ ।
जं पावइ मुत्तिसुहं न चक्कवट्टीवि तं लहइ ॥१३४॥

સર્વ (બાહ્ય અને અભ્યંતર) પરિગ્રહથી મુક્ત, શીતલ પરિણામવાલો, અને ઉપશાંત ચિત્તવાલો પુરૂષ નિર્લોભપણાનું

( સંતોષનું ) જે સુખ પામે છે તે સુખ ચક્રવર્તી પણ પામતા નથી. ૧૩૪

## નિયાણ શલ્યના ત્યાગનો ઉપદેશ

**निस्सल्लस्सेह महव्वयाइं अक्खंड–निव्वण–गुणाइं ।**
**उवहम्मंत्ति य ताइं नियाणसल्लेण मुणिणोऽवि ॥१३५॥**

શલ્ય રહિત મુનિનાં મહાવ્રતો અખંડ અને અતિચાર રહિત હોય; તે મુનિના પણ મહાવ્રતો નિયાણશલ્યવડે નાશ પામે છે. ૧૩૫

**अह–राण–दोस–गब्भं मोहग्गब्भं च तं भवे तिविहं ।**
**धम्मत्थं हीणकुलाइपत्थणं मोहगब्भं तं ॥१३६॥**

તે (નિયાણશલ્ય) ૧ રાગગર્ભિત, ૨ દ્વેષગર્ભિત અને ૩ મોહગર્ભિત એમ ત્રણ પ્રકારે હોય છે; (ધર્મને માટે હીન કુળાદિકની પ્રાર્થના કરે તે મોહગર્ભિત નિયાણું સમજવું. રાગને લીધે જે નિયાણું કરવું તે રાગગર્ભિત અને દ્વેષને લીધે જે નિયાણું કરવું તે દ્વેષગર્ભિત જાણવું.) ૧૩૬

**रागेण गंगदत्तो दोसेणं विस्सभूइमाईआ ।**
**मोहेण चंडपिंगल–माईया हुंति दिट्ठंता ॥१३७॥**

રાગગર્ભિત નિયાણાને અંગે ગંગદત્તનું, દ્વેષગર્ભિત નિયાણા અંગે વિશ્વભૂતિ વગેરે (મહાવીર સ્વામીના જીવ) નું, અને મોહગર્ભિત નિયાણાને અંગે ચંડપિંગલ આદિનાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. ૧૩૭

अगणिअ जो मोक्खसुहं कुणइ निआणं असारसुहहेउं ।
सो कायमणिकएणं वेरुलिअमणिं पणासेइ ॥१३८॥

જે મોક્ષના સુખને અવગણીને અસાર સુખના કારણરૂપ નિયાણું કરે છે તે પુરૂષ કાચમણિને માટે વૈડૂર્યરત્નનો નાશ કરે છે. ૧૩૮

दुक्खक्खय कम्मक्खय समाहिमरणं च बोहिलाभो अ ।
एअं पत्थेअव्वं न पत्थणिज्जं तओ अन्नं ॥१३९॥

દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધીબીજનો લાભ એટલાં વાનાંની પ્રાર્થના કરવી, તે સિવાય બીજું કંઇ માગવા યોગ્ય નથી. ૧૩૯

उज्झिय-निआण-सल्लो निसिभत्त-निअत्ति-समिइ-गुत्तीहिं ।
पंचमहव्वय-रक्खं कय-सिव-सुक्खं पसाहेइ ॥१४०॥

નિયાણુશલ્યનો ત્યાગ કરીને, રાત્રિ ભોજનની નિવૃતિ કરી, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિવડે મોક્ષ સુખને કરનાર જીવ પાંચ મહાવ્રતની રક્ષાને સાધે છે. ૧૪૦

## ઇન્દ્રિયોનું અનર્થપણું

इंदिय-विसय-पसत्ता पडंति संसारसायरे जीवा ।
पक्खिव्व छिन्नपक्खा सुसील-गुण-पेहुण-विहूणा ॥१४१॥

ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થએલા જીવો સુશીલ ગુણ રૂપ પીછાં વિનાના અને છેદાએલી પાંખવાલા પક્ષીઓની જેમ સંસારસાગરમાં પડે છે. ૧૪૧

न लहइ जहा लिहंतो मुहिल्लिअं अट्ठियं रसं सुणओ ।
सो तइ तालूअरसिअं विलिहंतो मन्नए सुक्खं ॥१४२॥

જેમ શ્વાન (કુતરો) સુકાઈ ગયેલા હાડકાં ચાટવા છતાં તેના રસને પામતો નથી અને (પોતાના) તાળવાનો રસ શોષવે છે; છતાં તેને ચાટતો તે સુખ માને છે. ૧૪૨

महिलापसंगसेवी न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
सो मन्नए वराओ सय-काय-परिस्समं सुक्खं ॥१४३॥

તેમ સ્ત્રીઓના સંગને સેવનાર પુરૂષ કંઈ પણ સુખ પામતો નથી; તો પણ તે બાપડો પોતાના શરીરના પરિશ્રમને સુખ માને છે. ૧૪૩

सुट्ठुवि मग्गिज्जंतो कत्थवि केलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा नत्थि सुहं सुट्ठुवि गविट्ठं ॥१४४॥

સારી રીતે શોધવા છતાં જેમ કેલના ગર્ભમાં કોઈ ઠેકાણે સાર નથી; તેમ ઇંદ્રિયોના વિષયોમાં ઘણું શોધતાં છતાં સુખ મલતું નથી. ૧૪૪

सोएण पवसिअपिआ चक्खूराएण माहुरो वणिओ ।
घाणेण रायपुत्तो निहओ जीहाह सोदासा ॥१४५॥

શ્રોત્રેંદ્રિય વડે પરદેશ ગએલા સાર્થવાહની સ્ત્રી, ચક્ષુના રાગવડે મથુરાનો વાણીયો, ઘ્રાણને વશે (ગંધપ્રિય) રાજપુત્ર અને જીહ્વારસે સોદાસ રાજા હણાયો. ૧૪૫

**फासिंदिएण दुट्ठो नट्ठो सोमालिआ–महिपालो ।**
**एक्किक्केणवि निहया किं पुण जे पंचसु पसत्ता ? ॥१४६॥**

સ્પર્શેંદ્રિયવડે દુષ્ટ સોમાલિક રાજા નાશ પામ્યો; એકેક વિષયે એ બધા નાશ પામ્યા તો જે પાંચે ઇંદ્રિયોમાં આસક્ત હોય તેનું શું કહેવું ? ૧૪૬

**विसयाविक्खो निवडइ निरविक्खो तरइ दुत्तरभवोहं ।**
**देवीदेवसमागयभाउयजुअलं च भणिअं च ॥१४७॥**

વિષયની અપેક્ષા કરનારો જીવ દુસ્તર ભવસમુદ્રમાં પડે છે; વિષયથી નિરપેક્ષ હોય તે ભવસમુદ્રને તરે છે. (આ ઉપર) રત્નદ્વીપની દેવીને મળેલા (જિનપાલિત અને જિનરક્ષિત નામના) બે ભાઇઓનું દૃષ્ટાંત કહ્યું છે. ૧૪૭

## ગુરુમહારાજનો ઉપદેશ

**छलिया अवयक्खंता निरावयक्खा गया अविग्घेणं ।**
**तम्हा पवयणसारे निरावयक्खेण होअव्वं ॥१४८॥**

રાગની અપેક્ષા રાખનાર જીવો ઠગાયા છે અને રાગની અપેક્ષા વિનાના વિઘ્ન વિના ઇચ્છિતને પામ્યા છે, પ્રવચનના સારને પામેલા જીવોએ રાગની અપેક્ષા વિનાના થવું. ૧૪૮

**विसए अवयक्खंता पडंति संसारसायरे घोरे ।**
**विसएसु निराविक्खा तरंति संसारकंतारं ॥१४९॥**

વિષયમાં આસક્તિ રાખતા જીવો ઘોર સંસારસાગરને

વિષે પડે છે, અને વિષયોમાં આસક્તિ વિનાના જીવો સંસાર-રૂપી અટવીને ઓલંગી જાય છે. ૧૪૯

**ता धीर ! धीबलेणं दुद्दंते दमसु इंदिअमइंदे ।**
**तेणुक्खयपडिवक्खो हराहि आराहणपडागं ॥१५०॥**

તેથી હે ધીર પુરૂષ ! ધીરજ રૂપી બલવડે દુર્દાંત (દુઃખે દમાય તેવા) ઇંદ્રિયો રૂપ સિંહોને દમ; તેથી કરીને અંતરંગ વૈરી રૂપ રાગ અને દ્વેષનો જય કરનાર તું આરાધના-પતાકાનો સ્વીકાર કર. ૧૫૦

## ક્રોધાદિના નિગ્રહનો ઉપદેશ

**कोहाईण विवागं नाऊण य तेसि निग्गहेण गुणं ।**
**निग्गिण्ह तेण सुपुरिस ! कसायकलिणो पयत्तेणं ॥१५१॥**

હે સુપુરૂષ ! ક્રોધાદિકના વિપાકને અને તેના નિગ્રહથી થતા ગુણને જાણીને તું પ્રયત્ન વડે કષાય રૂપી ક્લેશનો નિગ્રહ કર. ૧૫૧

**जं अइतिक्खं दुक्खं जं च सुहं उत्तिमं तिलोईए ।**
**तं जाण कसायाणं वुड्ढि-क्खय-हेउअं सव्वं ॥१५२॥**

જે ત્રણ જગતને વિષે અતિ તીવ્ર દુઃખ છે અને જે ઉત્તમ સુખ છે તે સર્વ અનુક્રમે કષાયની વૃદ્ધિ અને ક્ષયનું કારણ સમજ. ૧૫૨

**कोहेण नंदमाई निहया माणेण फरसुरामाई ।**
**मायाइ पंडरज्जा लोहेणं लोहनंदाई ॥१५३॥**

ક્રોધવડે **નં**દ વિગેરે, અને માનવડે **પ**રશુરામાદિ, માયાવડે **પં**ડરજ્જા ( **પાં**ડુ આર્યા) અને લોભવડે **લો**હાનંદાદિ દુઃખ પામ્યા છે. ૧૫૩

**इय उवएसामयपाणएण पल्हाइअम्मि चित्तंमि ।**
**जओ सुनिव्वओ सो पाऊण च पाणियं तिसिओ ॥१५४॥**

આ પ્રકારના ઉપદેશ રૂપ અમૃતપાનવડે ભીના થએલા ચિત્તને વિષે, જેમ તરસ્યો માણસ પાણી પીને શાંત થાય તેમ તે શિષ્ય અતિશય સ્વસ્થ થઇને કહે છે. ૧૫૪

## ઉપદેશામૃતનું ફળ

**इच्छामो अणुसट्ठिं भंते ! भव–पंक–तरण–दढ–लट्ठिं ।**
**जं जह उत्तं तं तह करेमि विणओणओ भणइ ॥१५५॥**

હે ભગવન્! હું ભવ રૂપી કાદવને ઓલંગવાને દૃઢ લાકડી સમાન આપની હિતશિક્ષાને ઇચ્છું છું; આપે જે કહ્યું તે સ્વીકારી તેનો અમલ કરૂં છું એમ વિનયથી નમેલો શિષ્ય કહે છે. ૧૫૫

**जइ कहवि असुहकम्मो–दएण देहम्मि संभवे विअणा ।**
**अहवा तण्हाईया परीसहा से उदीरिज्जा ॥१५६॥**

જો કોઈ દિવસ (આ અવસરમાં) અશુભ કર્મના ઉદયથી શરીરને વિષે વેદના અથવા તૃષા વિગેરે પરિષહો તેને ઉત્પન્ન થાય ૧૫૬

निद्धं महुरं पल्हायणिज्ज–हिअयंगमं अणलिअं च ।
तो सेहावेअव्वो सो खवओ पन्नवंतेण ॥१५७॥

તો નિર્યામણા કરાવનાર ગુરૂ ક્ષપક (અનશન કરનાર)-ને સ્નિગ્ધ, મધુર, હર્ષ આપનાર, હૃદયને ગમતું, અને સાચું વચન કહેતા શિખામણ આપે. ૧૫૭

संभरसु सुअण ! जं तं मज्झंमि चउव्विहस्स संघस्स ।
वूढा महापइन्ना अहयं आराहइस्सामि ॥१५८॥

હે સત્ પુરૂષ ! તેં ચતુર્વિધ સંઘની વચ્ચે મોટી પ્રતિજ્ઞા કરી હતી કે હું સારી રીતે આરાધના કરીશ તેનું સ્મરણ કર. ૧૫૮

अरहंत–सिद्ध–केवलिपच्चक्खं सव्व–संघ–सक्खिस्स ।
पच्चक्खाणस्स कयस्स भंजणं नाम को कुणइ ? १५९॥

અરિહંત, સિદ્ધ, કેવલી અને સર્વ સંઘની સાક્ષીએ –પ્રત્યક્ષ કરેલા પચ્ચખ્ખાણનો ભંગ કોણ કરે ? ૧૫૯

भालुंकीण करुणं खज्जंतो घोरविअणत्तोवि ।
आराहणं पवन्नो झाणेण अवंतिसुकुमालो ॥१६०॥

શિયાલણીથી અતિશય ખવાતા, ઘોર વેદના પામતા પણ અવંતિસુકુમાલ ધ્યાનવડે આરાધના પામ્યા. ૧૬૦

मुग्गिल्लगिरिंमि सुकोसलोऽवि सिद्धत्थ–दइअओ भयवं ।
वग्धीए खज्जंतो पडिवन्नो उत्तमं अट्ठं ॥१६१॥

સિદ્ધાર્થ (મોક્ષ) છે જ્યાં જેને એવા ભગવાન **સુ**કોશલ પણ **ચિત્ર**કૂટ પર્વતને વિષે વાઘણવડે ખવાતા મોક્ષ પામ્યા. ૧૬૧

**गुट्ठे पाओवगओ सुबंधुणा गोमए पलिविअम्मि ।**
**डज्झंतो चाणक्को पडिवन्नो उत्तमं अट्ठं ॥१६२॥**

ગોકુલમાં પાદોપગમ અણુશણ કરનાર **ચા**ણાક્ય મંત્રી **સુ**બંધુ મંત્રીએ સળગાવેલાં છાણાંથી બળાયા છતાં ઉત્તમ અર્થને (આરાધકપણાને) પામ્યા. ૧૬૨

**अवलंबिऊण सत्तं तुमंपि ता धीर ? धीरयं कुणसु ।**
**भावेसु य नेगुन्नं संसार-महा-समुद्दस्स ॥१६३॥**

તે કારણથી હે ધીર પુરુષ ! તું પણ સત્વને અવલંબીને ધીરતા ધારણ કર અને સંસારરૂપી મહાસમુદ્રનું નિર્ગુણપણું વિચાર. ૧૬૩

## સંસારસ્વરૂપ

**जम्म-जरा-मरणजलो अणाइमं वसणसावयाइन्नो ।**
**जीवाण दुक्खहेऊ कट्ठं रुद्दो भवसमुद्दो ॥१६४॥**

જન્મ, જરા અને મરણ રૂપી પાણીવાળો, અનાદિ, દુઃખ રૂપી શ્વાપદ (જળચર જીવો) વડે વ્યાપ્ત, અને જીવોને દુઃખનો હેતુ એવો ભવસમુદ્ર ઘણો કષ્ટદાયી અને રૌદ્ર છે. ૧૬૪

## ધર્મરૂપી નાવ

धन्नोऽहं जेण मए अणोरपारंमि भवसमुद्दम्मि ।
भव-सय-सहस्स-दुलहं लद्धं सद्धम्मजाणमिणं ॥१६५॥

હું ધન્ય છું, કારણ કે મેં અપાર ભવસમુદ્રને વિષે લાખો ભવમાં દુર્લભ આ સદ્ધર્મ રૂપી નાવ (વહાણ) નહોતો પામ્યો તે આ ભવમાં મેળવ્યું છે. ૧૬૫

एयस्य पभावेणं पालिज्जंतस्स सइ पयत्तेणं ।
जम्मंतरेऽवि जीवा पावंति न दुक्खदोगच्चं ॥१६६॥

એક વાર પ્રયત્નવડે પળાતા સદ્ધર્મના પ્રભાવવડે, જીવો જન્માંતરને વિષે પણ દુઃખ અને દારિદ્ર પામતા નથી. ૧૬૬

चिंतामणी अउव्वो एयमपुव्वो य कप्परुक्खुत्ति ।
एअं परमो मंतो एयं परमामयसरिच्छं ॥१६७॥

આ ધર્મ અપૂર્વ ચિંતામણિરત્ન છે, અને અપૂર્વ-કલ્પવૃક્ષ છે, આ પરમમંત્ર છે, વલી આ પરમઅમૃત સમાન છે. ૧૬૭

## અંતે નવકાર સ્મરણ

अह मणि-मंदिरसुंदरफुरंत-जिणगुण-निरंजणुज्जोओ ।
पंचनमुक्कारसमे पाणे पणओ विसज्जेइ ॥१६८॥

હવે (ગુરૂના ઉપદેશથી) મનરૂપ મંદિરને વિષે સુંદર રીતે સ્ફુરાયમાન જિનગુણ રૂપ અંજનરહિત ઉદ્યોતવાળો વિનયવંત (આરાધક) પંચનમસ્કારના સ્મરણ સહિત પ્રાણોનો ત્યાગ કરે. ૧૬૮

**परिणामविसुद्धीए सोहम्मे सुरवरो महिड्ढीओ ।**
**आराहिऊण जायइ भत्तपरिन्नं जहन्नं सो ॥१६९॥**

તે (શ્રાવક) 'ભક્તપરિજ્ઞાને' જઘન્યથી આરાધીને પરિણામની વિશુદ્ધિવડે સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થાય છે. ૧૬૯

**उक्कोसेण गिहत्थो अच्चुअकप्पंमि जायए अमरो ।**
**निव्वाणसुहं पावइ साहू सव्वट्ठसिद्धिं वा ॥१७०॥**

ઉત્કૃષ્ટપણે 'ભક્તપરિજ્ઞા' આરાધીને ગૃહસ્થ અચ્યુત નામના બારમા દેવલોકમાં દેવતા થાય છે, અને જો સાધુ હોય તો ઉત્કૃષ્ટપણે મોક્ષનું સુખ પામે છે અથવા તો સર્વાર્થસિદ્ધને વિષે જાય છે. ૧૭૦

**इअ जोइसरजिणवीर–भद्दभणियाणुसारिणीमिणमो ।**
**भत्तपरिन्नं धन्ना पढंति निसुणंति भावेंति ॥१७१॥**

એ રીતે યોગીશ્વર જિન **મહાવીરસ્વામી**એ કહેલા કલ્યાણકારી વચનોને અનુસારે કહેલા આ **ભક્તપરિજ્ઞા** પયન્નાને ધન્ય પુરૂષો ભણે છે, સાંભળે છે અને ભાવે છે (તેઓ શું પામે તે આગળની ગાથામાં જણાવે છે.) ૧૭૧

## ભક્તપરિજ્ઞાનું ફળ

**सत्तरिसयं जिणाण व गाहाणं समयखित्तपन्नत्तं ।**
**आराहंतो विहिणा सासयमुक्खं लहइ मोक्खं ॥१७२॥**

મનુષ્ય ક્ષેત્રને વિષે ઉત્કૃષ્ટપણે વિચરતા અને સિદ્ધાંતને વિષે કહેલ એકસો સિત્તેર તીર્થંકરોની પેઠે એકસો સિત્તેર ગાથાઓની વિધિપૂર્વક આરાધન કરતો આત્મા શાશ્વત સુખવાળા મોક્ષને પામે છે. ૧૭૨

ઇતિ શ્રીવીરભદ્રાચાર્યકૃત શ્રીભક્તપરિજ્ઞા પ્રકીર્ણક
સમાપ્ત

: ૩ :

## ચોથો સાથી

*

## आउरपच्चक्खाणपइन्नयं

આ **આઉર પચ્ચક્ખાણ** પયન્નો જે સર્વ આયુષ્યના સારભૂત હોઇ અંત્ય અવસ્થાનું આરાધન છે. **ચતુઃશરણમાં** મંગલ કરેલ હોવાથી આ પયન્નો રચતાં જુદું મંગલાચણ કરેલું નથી.

मुनिसुव्रतजिनराजं, नत्वा स्मृत्वा च गुरुपदद्वंदम् ।
आउरप्रत्याख्याने, पर्यायादित्रयं वच्मि ॥१॥

જિનરાજ **મુનિસુવ્રતસ્વામીને** નમસ્કાર કરી, ગુરૂ મહારાજના ચરણ કમલનું સ્મરણ કરીને **આઉરપ્રત્યાખ્યાન** પયન્નામાં પર્યાય આદિ ત્રણ રૂપે ભાવાર્થને હું રચું છું ॥૧॥

શાસ્ત્રમાં બાલબાલમરણ, બાલમરણ, બાલપંડિતમરણ, પંડિતમરણ, અને પંડિતપંડિતમરણ એમ પાંચ પ્રકારનાં મરણમાંના બાલપંડિતમરણનું સ્વરૂપ કહેતા ગ્રંથકાર પ્રથમ ગાથા કહે છે.

**देसिक्कदेसविरओ सम्मद्दिट्ठी मरिज्ज जो जीवो ।**
**तं होइ बालपंडियमरणं जिणसासणे भणियं ॥१॥**

અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ જીવ તેને જે મરણ હોય છે તેને જૈન શાસનમાં બાલપંડિતમરણ કહેલું છે. (અભિગૃહીતમિથ્યાદષ્ટિને પ્રાયઃ બાલબાલમરણ, ઉપશમમાં તત્પર એવા મિથ્યાદષ્ટિને પ્રાયઃ બાલમરણ, અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિને પ્રાયઃ બાલપંડિત-મરણ, છદ્મસ્થ સાધુને પ્રાયઃ પંડિતમરણ અને કેવલીને હોતું મરણ પંડિતપંડિતમરણ એમ મરણના પાંચ પ્રકાર છે.) (જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વોની અથવા દેવ, ગુરૂ, અને ધર્મરૂપ ત્રણ તત્ત્વની સ્વ અને પર સ્વરૂપની સદ્દહણા–સારી રીતે સમજપૂર્વક સ્વીકારનાર સમ્યગ્દૃષ્ટિ જીવ છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ કાયની હિંસામાંથી તેનો દેશ–અંશથી ત્યાગ અર્થાત મારવાની બુદ્ધિએ નિરપરાધી જીવની નિરપેક્ષ હિંસાનો ત્યાગ; તેજ રીતે મૃષાવાદ, અદત્તાદાન, સ્વદારા યા સ્વદારસંતોષ અને પરિગ્રહ આદિનો અંશતઃ ત્યાગ સ્વીકારનાર જીવ દેશવિરતિ જીવ છે.) ॥૧॥ જૈન શાસનમાં વિરતિ ધર્મ બે પ્રકારે કહ્યો છેઃ (૧) દેશતઃ અને (૨) સર્વતઃ દેશતઃધર્મ-પાળનાર દેશવિરતિ અને સર્વતઃ ધર્મપાળનારને સર્વવિરત કહેવાય છે. દેશવિરત જીવને બાર વ્રત હોય છે તે ગ્રંથકાર બીજી ગાથામાં સૂચવે છેઃ

## સર્વવિરતિ અને દેશવિરતિ

**पंच य अणुव्वयाइं सत्त उ सिक्खा उ देसजइधम्मो ।**
**सव्वेण व देसेण व तेण जुओ होइ देसजई ॥२॥**

પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એમ શ્રાવકના બાર વ્રત કહ્યાં છે; એમાંનાં જીવો યથાશક્તિ એક, બે.... બારવ્રત સુધી પણ સ્વીકારે છે તે દેશવિરતિ ગણાય છે. (ગ્રંથકારે ત્રણ ગુણવ્રતને શિક્ષાવ્રતમાં ગણાવ્યાં છે. કારણ કે એ ગુણવ્રત પણ અભ્યસનીય છે, માટે શિક્ષાવ્રત ગણી શકાય.) ॥૨॥ બાર વ્રતમાંના પાંચ અણુવ્રતનું સ્વરૂપ દર્શાવે છે:

## પાંચ અણુવ્રત

**पाणवहमुसावाए अदत्तपरदारनियमणेहिं च ।**
**अपरिमिइच्छाओऽवि य अणुव्वयाइं विरमणाइं ॥३॥**

પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છવાસ અને આયુષ્ય એ જીવના દશ દ્રવ્યપ્રાણ છે; તેનો વિયોગ કરાવવો તે પ્રાણાતિપાત; ક્રોધ આદિ કષાય અથવા સ્વાર્થવશ બની જુઠું બોલવું એ મૃષાવાદ; લોભ વશ બની વસ્તુના માલિકની રજા વિના વસ્તુ લેવી એ અદત્તાદાન; મોહવશ બની પરસ્રી તરફ રાગદૃષ્ટિ રાખવી અને તે ઉપરાંત કામાભિલાષા રાખવી એ પરદારા સેવન; આથી ઉલટું સ્રીઓ માટે મોહવશ બની પરપુરુષ તરફ વિકારી દૃષ્ટિ અને કામાભિલાષ એ પરદારાસેવન, ઈચ્છાઓ મર્યાદા વિનાની છે અને આકાશ કરતાં પણ અનંત ગુણી છે. તેથી તે ઈચ્છાઓ એ પરિગ્રહ

છે. ઉપરોક્ત પાંચ પર મર્યાદા બાંધવી એ સ્થૂલવ્રત અથવા પાંચ અણુવ્રત છે. (દ્રવ્યાસ્તિક નયે જીવ શાશ્વત છે. એટલે તેનો તો કદી પણ નાશ હોતો નથી; તેથી 'પ્રાણીવધ' કહેવાના બદલે 'પ્રાણવધ' શબ્દ વાપર્યો છે.) ॥૩॥ બારવ્રતમાં ઉપર સાત શિક્ષાવ્રત જણાવ્યાં હતાં; તેમાં ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત નીચે બે ગાથામાં છૂટાં પાડી બતાવે છે.

## ત્રણ ગુણવ્રત

**जं च दिसावेरमणं अणत्थदंडाउ जं च वेरमणं।**
**देसावगासियंपिय गुणव्वयाइं भवे ताइं ॥४॥**

ચારદિશા, ચારવિદિશા, ઉર્ધ્વ અને અધો એ દશ દિશામાં સાવદ્ય વ્યાપાર માટે જવા આવવાની મર્યાદા બાંધવી એ દિગ્‌વિરમણ; હાસ્ય, કુતુહલ, ભાંડચેષ્ટા આદિથી તેમજ અગ્નિ, વિષ, શસ્ત્રાસ્ત્ર આપવામાંથી પાછા હઠવારૂપ અનર્થદંડ; દિશાવ્રતનો સંક્ષેપ અને ઉપલક્ષણથી સર્વ વ્રતોનો સંક્ષેપ કરવારૂપ દેશાવગાસિક. એ દરેકવ્રત પાંચ અણુવ્રતને ગુણકારક હોવાથી ગુણવ્રત કહેવાય છે ॥૪॥

## ચાર શિક્ષાવ્રત

**भोगाणं परिसंखा सामाइयअतिहिसंविभागो य।**
**पोसहविही य सव्वो चउरो सिक्खाउ वुत्ताओ ॥५॥**

અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આદિ એકજ વાર ઉપયોગમાં આવતા પદાર્થો; ઉપલક્ષણથી અલંકાર, બંગલા, સ્ત્રી આદિ વારંવાર ઉપયોગમાં આવતા પદાર્થો; એમ ભોગ ઉપભોગ એ બંન્નેનું પરિમાણ–મર્યાદા બાંધવી તે ભોગોપભોગ-

વિરમણ; પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયમાં સારા મળ્યેથી થતો રાગ અને ખોટા મળ્યાથી થતો દ્વેષ એ તજવારૂપ સામાયિક; ન્યાયોપાર્જિત દ્રવ્યથી પંચમહાવ્રતધારી મુનિમહારાજને કલ્પનીય આહાર આદિ આપવારૂપ અતિથિ-સંવિભાગ; આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણને પુષ્ટ કરનાર એ પૌષધ, એ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. ॥૫॥

દેશવિરતિ શ્રાવક ક્યારે અને કેવી રીતે પૂર્વે સૂચવેલ બાલપંડિતમરણ કરે તે બે ગાથામાં સૂચવે છે.

## બાલપંડિતમરણ

**आसुक्कारे मरणे अच्छिन्नाए य जीवियासाए ।**
**नाएहि वा अमुक्को पच्छिमसंलेहणमकिच्चा ॥६॥**

શૂલ આદિ ભયંકર રોગ કારણે આકસ્મિક મરણ પામવાથી, જીવનની ઇચ્છા હોવા છતાં તેમજ સ્વજનોની રજા ન હોવાથી આયુષ્યના અંતે પણ ઉત્કૃષ્ટથી બાર વર્ષ અને જઘન્યથી છ માસ માટે શરીર અને કષાય એ બન્નેના શોષણ માટે સંલેખના કર્યા પણ વિના ॥૬॥

**आलोइय निस्सल्लो सघरे चेवारुहित्तु संथारं ।**
**जइ मरइ देसविरओ तं वुत्तं बालपंडिययं ॥७॥**

વ્રતમાં લાગેલ દૂષણોની ગીતાર્થ ગુરુપાસે આલોયણ લઈને વ્રતના દૂષણરૂપ ભાવશલ્યથી રહિત બનીને પોતાના ઘરમાંજ દર્ભઆદિ સંથારા પર ચઢીને જે દેશવિરતિધર મરે છે તેને થતું મરણ બાલપંડિતમરણ કહેલું છે. ॥૭॥

બાલપંડિતમરણનો વિધિ **ભક્તપરિજ્ઞા**-પયન્નામાં વિસ્તારથી જણાવ્યો છે તેની ભલામણ નીચેની ગાથાથી કરે છે.

## ભક્તપરિજ્ઞાની ભલામણ

**जो भत्तपरिन्नाए उवक्कमो वित्थरेण निद्दिट्ठो ।**
**सो चेव बालपंडियमरणे नेओ जहाजुग्गं ॥८॥**

બાલપંડિતમરણનો વિધિ પહેલાં **ભક્તપરિજ્ઞાપયન્ના**માં વિસ્તારથી દર્શાવ્યો છે તે ત્યાંથી જાણી લેવો; વિસ્તારના ભયથી તે અહીં બતાવતા નથી, તો પૂર્વસૂચિત બાલપંડિતમરણ પામતાં પ્રાણી કઇ ગતિમાં ઉત્પન્ન થાય તે જણાવે છે. ॥૮॥

**वेमाणिएसु कप्पोवगेसु नियमेण तस्स उववाओ ।**
**नियमा सिज्झइ उक्कोसएण सो सत्तमंमि भवे ॥९॥**

બાલપંડિતમરણ કરતો જીવ બાર દેવલોકરૂપ વૈમાનિક દેવમાં નિશ્ચયથી ઉત્પન્ન થાય છે અને સાતમા ભવમાં નિશ્ચયથી સિદ્ધ થાય છે. ( કોઈક હલવાકર્મી જીવ એકાવતારી પણ હોઈ શકે છે. ) ॥૯॥ બાલપંડિતમરણનો અધિકાર સમાપ્ત કરી પંડિતમરણનો અધિકાર શરૂ કરે છે.

**इय बालपंडियं होइ मरणमरिहंतसासणे दिट्ठं ।**
**इत्तो पंडियपंडियमरणं वुच्छं समासेण ॥१०॥**

પૂર્વના સૂચન અનુસાર જિનશાસનમાં બાલપંડિતમરણ કહ્યું; હવે હું પંડિતપંડિતમરણનું વર્ણન કરીશ ॥૧૦॥

હવે ગીતાર્થ ગુરુ સમક્ષ ભવ્ય જીવ પંડિતમરણુ અંગીકાર કરે તેનો પ્રકાર ગદ્ય પાઠથી જણાવે છે.

## પંડિતમરણુ

इच्छामि भंते ! उत्तमट्ठं पडिक्कमामि,
अईयं पडिक्कामि अणागयं पडिक्कमामि पच्चुप्पन्नं पडिक्कमामि,
कयं पडिक्कमामि कारियं पडिक्कमामि अणुमोइयं पडिक्कमामि,
मिच्छत्तं पडिक्कमामि, असंजमं पडिक्कमामि, कसायं पडिक्कमामि,
पावप्पयोगं पडिक्कमामि,
मिच्छादंसणपरिणामेसु वा इहलोगेसु वा परलोगेसु वा
सच्चित्तेसु वा अच्चित्तेसु वा पंचसु इंदियत्थेसु वा,
अन्नाणं झाणे १ अणायारं० कुदंसणं०३ कोहं०४ माणं०५
मायं०६ लोहं०७ रागं०८ दोसं०९ मोहं०१०
इछं०११ मिच्छं०१२ मुच्छं०१३ सकं०१४ कंखं०१५
गेहिं०१६ आसं०१७ तण्हं०१८ छुहं०१९ पंथं०२०
पंथाणं०२१ निद्दं०५२ नियाणं०२३ नेहं०२४ कामं०२५
कलुसं०२६ कलहं०२७ जुज्झं०२८ निजुज्झं०२९ संगं०३०
संगहं०३१ ववहारं०३२ कयविक्कयं०३३ अणत्थदंडं०३४
आभोगं०३५ अणाभोगं०३६ अणाइल्लं०३७ वेरं०३८
वियक्कं०३९ हिंसं०४० हासं०४१ पहासं०४२ पयोसं०४३
फरूसं०४४ भयं०४५ रुपं०४६ अप्पपसंसं०४७ परिनिंदं०४८
परगरिहं०४९ परिग्गहं०५० परपरिवायं०५१ परदुसणं०५२

**आरंभं०५३ संरंभं०५४ पावाणुभोयणं०५५ अहिगरणं०५६ असमाहिमरणं०५७ कम्मोदयपच्चयं०५८ इठिगारवं०५९ रसगारवं०६० सायागारवं०६१ अवेरमणं०६२ अमुत्तिमरणं०६३ पसुत्तरस वा पडिबुद्धस्स वा**
**जो मे कोइ देवसिओ राइओ उत्तमट्ठे**
**अइक्कमो वइक्कमो अइयारो अणायारो**
**तस्स मिच्छामि दुक्कडं। सू०१।**

હે ભગવન્! હું અણુશન કરવા ઇચ્છું છું, જે કોઈ પાપ થયું હોય તેને સામાન્યપણે પડિક્કમું છું. ભૂતકાલમાં જે કોઈ નિંદવા, ગર્હવા યોગ્ય પાપ કર્યું હોય તે પડિક્કમું છું. અનાગતકાલના પાપવ્યાપારને પચ્ચખ્ખાણ દ્વારા પડિક્કમું છુ. વર્તમાનકાલના પાપવ્યાપારને સંવરદ્વારા પડિક્કમું છું. પોતે કરેલું, બીજા પાસે કરાવેલું કે બીજા જે સાવદ્યવ્યાપાર કરતા હોય તેની અનુમોદના કરતાં જે કાંઈ પાપ થયાં હોય તે સર્વને પડિક્કમું છું અર્થાત્ તે પાપથી પાછો વળું છું.

ઉપર જે સામાન્યરીતે પાપનું પ્રતિક્રમણ કર્યું તેના કારણરૂપ મિથ્યાત્વ આદિને પડિક્કમવા કહે છેઃ-

મિથ્યાત્વને પડિક્કમું છું, અવિરતિને પડિક્કમું છું, કષાયને પડિક્કમું છું, અને પાપ કરવાના અનંતા વ્યાપારોને પણ પડિક્કમું છું.

(જે જે નિમિત્તથી સૂતાં, જાગતાં અતિક્રમ, વ્યતિક્રમ,

અતિચાર અને અનાચાર થયો હોય તેનો મિચ્છામિદુક્કડં દઉં છું.) તે નિમિત્તો જણાવે છે—

(૧) મિથ્યાદર્શનના કારણે આલોક અથવા પરલોક વિષે; સચિત્તમાં અથવા અચિત્તમાં; તેમ પાંચ ઇન્દ્રિયના (આઠ સ્પર્શ, પાંચ રસ, બે ગંધ, પાંચ વર્ણ અને ત્રણ શબ્દ) એ ત્રેવીશ વિષયોમાં; અને પાંચ મૂળ વિષયમાં અજ્ઞાન જ સારૂં એવું અજ્ઞાનવશ ધ્યાન થવાથી; (૨) ખેતરમાંથી તરણાં આદિ નહિ કાઢે તો પુત્રો દુઃખી થશે એવું ચિંતવનાર કોંકણના સાધુની માફક અનાચારધ્યાન થવાથી; (૩) દેવગતિ પામવા છતાં બૌદ્ધદર્શનની ઉન્નતિ ઇચ્છનાર સૌરાષ્ટ્રના શ્રાવકની માફક કુદર્શનનું ધ્યાન થવાથી; (૪) હિત શિખામણ દેનારા ગુરુપર કષાયવાન થતા કુલવાલકની પેઠે ક્રોધવશ ધ્યાન થવાથી; (૫) બાહુબલની માફક નાના ભાઈઓને વંદન કરવું પડે અને પોતાની માનહાનિ આથી તદર્થે કાઉસગ્ગમાં રહેવા છતાં માનવશ ધ્યાન થવાથી;

(૬) ધનશ્રીની માફક પોતાના બે ભાઈઓનો પોતાપરના તેમના સ્નેહની પરીક્ષા અર્થે પોતાની ભોજાઈઓ પર કલંક લાગે તેવાં વચન બોલનાર માયાવશ ધ્યાન થવાથી; (૭) નંદી-સૂત્રમાં કહેલ નિધાનના ઠેકાણે ઠેકાણે અંગારા નાંખી નિધાન લઈ લેનાર વણિકના લોભવશ ધ્યાનથી: (૮) વિષ્ણુશ્રી પર મોહિત બની વિક્રમયશ રાજાની માફક કામરાગવશ ધ્યાન કરવાથી; પોતાના પુત્રના મરણના સમાચાર જાણવા છતાં ડમક (દામનીક)ના સસરાની માફક પોતાના દુષિત દર્શનને સારુ સમજનાર સ્નેહરાગવશ ધ્યાન કરવાથી; અને

બ્રહ્મલોકથી આવી કપિલનું દર્શન સારું છે અને તેનાથી દેવગતિ મલશે એમ કહેનાર કપિલના દષ્ટિરાગજન્ય ધ્યાન થવાથી; (૯) યજ્ઞના બહાને દ્વેષના કારણે માતાપિતાનો વધ કરનાર અનાર્ય વેદ રચનાર પિપ્લાદની માફક દ્વેષવશ ધ્યાન થવાથી; (૧૦) કૃષ્ણ મરણ પામવા છતાં છ માસ સુધી તેમના શબને સાથે ફેરવનાર બલભદ્રની માફક મોહવશ ધ્યાન થવાથી;

(૧૧) એક માસા સુવર્ણની ઈચ્છાવાળાને રાજાએ માગણી કરવાની કહેતાં વિચારમાં ને વિચારમાં ક્રોડ સૌનૈયા સુધીની ઇચ્છાનું ધ્યાન થયું; પરંતુ વિવેક જાગતાં ઈચ્છા અમર્યાદિત છે તેમ જણાતાં સંયમ સ્વીકારનાર કપિલ રાર્જષિની માફક ઈચ્છાવશ ધ્યાન થવાથી; (૧૨) વિપરિત દષ્ટિના કારણે ભ. મહાવીરના વચનને પણ ખોટું કહેનાર જમાલિની માફક મિથ્યાદષ્ટિવશ ધ્યાન થવાથી; (૧૩) રાજ્યની મમતાના કારણે પોતાના જન્મતા પુત્રોના અંગોપાંગ કપાવી તેમને રાજ્ય અયોગ્ય બનાવતાં જતાં કનકધ્વજ રાજાની માફક મૂર્ચ્છાવશ ધ્યાન થવાથી; (૧૪) દેવ છે કે નહિ તેવા સંશયથી અવ્યક્તવાદી આષાઢાચાર્યના શિષ્યની પેઠે વંદન આદિ વ્યવહાર તજનાર સંશયવશ ધ્યાન થવાથી; (૧૫) કપિલની સન્મુખ મારા માર્ગમાં પણ ધર્મ છે અને જૈન ધર્મમાં પણ ધર્મ છે એમ બોલનાર મરિચિની માફક અન્ય દર્શનની વાંચ્છા–ઈચ્છાવશ ધ્યાન થવાથી;

(૧૬) ઘણાં વર્ષ ચારિત્ર પાળી વિષયસુખની લાલસાથી

ચારિત્ર તજી દેનાર કંડરિકની માફક ગૃદ્ધિ-તીવ્ર અભિલાષાવશ ધ્યાન થવાથી; (૧૭) બીજાનાં ધનમાલ, સ્ત્રી, માન, સન્માન, યશ, ખ્યાતિ આદિ જોઇ તે પામવાના ઈચ્છાવશ ધ્યાન થવાથી; (૧૮) નિઘૃણશર્મા બ્રાહ્મણ પાસેના સાથવાની ઈચ્છા કરનાર મૂલદેવની માફક તરસ લાગતાં સાધુના સમુદાયમાં હોવા છતાં સચિત પાણીની ઈચ્છા કરનાર નાના સાધુની પેઠે તૃષાધીન ધ્યાન થવાથી; (૧૯) રાજગૃહી નગરીમાં રહેતા દ્રમક (ભિખારી)ને અનાજ ન આપવાથી સર્વ લોકોને મારવાની ભૂખવશ ધ્યાન કરવાથી; (૨૦) પોતાના નગરનો માર્ગ શોધતા વલ્કલચિરીની માફક માર્ગમાં ભમતાં પંથવશ ધ્યાન થવાથી;

(૨૧) મહાન અટવીમાં સનત્કુમાર ચક્રવર્તીને શોધતા તેના મિત્ર મહેન્દ્રસિંહની માફક મહાન જંગલમાં પંથાનુવશ ધ્યાન થવાથી; (૨૨) થિણદ્ધિ-નિદ્રાના ઉદયે પરવશ બની પાડાના માંસને ભક્ષણ કરનાર સાધુની માફક નિદ્રાવશ-ધ્યાન થવાથી; (૨૩) નંદીષેણના ભવમાં નિયાણુ કરી ત્રિપૃષ્ઠ વાસુદેવ બનેલા એ રીતે નિયાણાવશ ધ્યાન થવાથી; (૨૪) પુત્ર આદિના સ્નેહથી સગર ચક્રવર્તીની માફક સ્નેહવશ ધ્યાન થવાથી; (૨૫) કામાભિલાષમાં લુબ્ધ રાજગૃહના કુમારનંદી સોનીની માફક કામવશધ્યાન થવાથી;

(૨૬) પોતાના અપમાનથી ક્લેશ પામનાર પીઠ, મહાપીઠ, તેમજ સ્થૂલભદ્રના ગુણની પ્રશંસાથી ક્લેશ પામનાર સિંહગુફા પર કાઉસગ્ગધ્યાને રહેનાર મુનિની માફક ક્લેશ-વશ ધ્યાન થવાથી; (૨૭) રુકિમણી અને સત્યભામાને પરસ્પર

ક્લેશ કરાવનાર **દુર્યોધન**ની પેઠે કલહવશધ્યાન થવાથી; (૨૮) પોતાના ભાઈઓનો વિનાશ થવા છતાં **ચેડા** રાજાની સાથે યુદ્ધ કરનાર **કોણિક** રાજાની પેઠે યુદ્ધવશ ધ્યાન થવાથી; (૨૯) પરસ્પર બંધુઓમાં યુદ્ધ ખેલનાર **ભરત** અને **બાહુબલી**ની માફક મહાયુદ્ધવશ ધ્યાન થવાથી; (૩૦) ત્યાગ કરેલા ભોગની ઈચ્છા કરનાર **રથનેમિ**ની માફક વિષયસુખના સંગવશ ધ્યાન થવાથી;

(૩૧) તૃપ્તિ ન પામતાં ધન, માલ આદિ અધિક સંગ્રહની ઇચ્છાવશ ધ્યાન થવાથી; (૩૨) ધનની ઈચ્છાવશ છોકરા માટે ન્યાય માગવા રાજસભામાં જનાર બે સ્ત્રીઓની માફક વ્યવહારવશ ધ્યાન થવાથી; (૩૩) અલ્પ કિંમતે સોનાની કોસ આદિ ખરીદનાર **લોભનંદી**ની માફક ક્રયવિક્રયવશ ધ્યાન થવાથી; (૩૪) **દ્વિપાયન** ઋષિને કોપાવનાર **શાંબ** આદિની માફક પ્રયોજન રહિત અનર્થદંડવશ ધ્યાન થવાથી; (૩૫) વડગુંદાના ફળને પણ બ્રાહ્મણનાં નેત્ર ધારી હાથમાં રાખી મસળનાર **બ્રહ્મદત્ત** ચક્રવર્તીની માફક ઉપયોગપૂર્વક આભોગવશ ધ્યાન થવાથી;

(૩૬) **પ્રસન્નચંદ્ર** રાજર્ષિની માફક ધ્યાનમાં અનુપયોગવશ યુદ્ધ કરવા તલ્લીન બનવા રૂપ અનાભોગ ધ્યાન થવાથી; (૩૭) એક કર્ષક પ્રમાણ તેલ લેવાથી દાસી બનેલી સાધુની બેનની માફક દેવાવશ ધ્યાન થવાથી; (૩૮) સાત વખત નિઃક્ષત્રિય પૃથ્વી કરનાર **પરશુરામ** અને એકવીશ વખત નિઃબ્રાહ્મણ પૃથ્વી કરનાર **સુભૂમ** ચક્રવર્તીની માફક માતા-પિતાદિને મારવાથી વેરવશ ધ્યાન થવાથી; (૩૯) નંદ રાજાના

રાજ્યને નિર્મૂળ કરનાર **ચાણક્ય**ની માફક રાજ્યઆદિના વિતર્કવશ ધ્યાન થવાથી; (૪૦) નિરંતર પાંચસો પાડાનો વધ કરનાર **કાલસૌકરિક** કસાઇની માફક હિંસાવશ ધ્યાન થવાથી; (૪૧) **ચંદ્રાચાર્ય** સન્મુખ હાંસી કરનાર મિત્ર સહિત શિષ્યની માફક હાસ્યવશ ધ્યાન થવાથી; (૪૨) હે નિમિત્તક, હું તને વંદુછું એ રીતે **વારત્રક** ઋષિ પ્રતિ બોલનાર **ચંદ્રપ્રદ્યોત** રાજાના પ્રહાસવશધ્યાન થવાથી; (૪૩) પોતાના પુત્ર **બ્રહ્મદત્ત** ચક્રવર્તીને મારવા ઈચ્છનાર તેની માતા **ચુલણી**ની માફક અતિરોષવશ ધ્યાન થવાથી; (૪૪) કઠોર વચન બોલી અગર બોલતાં ભયવશ ધ્યાન થવાથી; (૪૫) **ગજસુકુમાલ**ના માથે સગડી બનાવી તેમાં ખેરના અંગારા ભરનાર તેના સસરા **સોમિલ** બ્રાહ્મણની માફક કૃષ્ણને જોતાં મરણના ભયવશ ધ્યાન થવાથી;

(૪૬) દર્પણ આદિમાં સ્વમુખ અને પાટીયામાં **અંગારવતી** આદિના ચિતરેલ રૂપને જોતાં **ચંદ્રપ્રદ્યોત** માફક રૂપવશ ધ્યાન થવાથી; (૪૭) **શકડાલ** મંત્રી પાસે સ્વકાવ્યની પ્રશંસા કરાવવા ઇચ્છનાર **વરરૂચિ** બ્રાહ્મણની માફક આત્મ–પ્રશંસાવશ ધ્યાન થવાથી; (૪૮) કુરગડુ મુનિની નિંદા કરનાર ચાર તપસ્વીની માફક પરનિંદાવશ ધ્યાન થવાથી; (૪૯) સંઘ સમક્ષ **દૂર્બલિકાપૂષ્યમિત્ર**ની નિંદાગર્હા કરનાર **ગોષ્ઠામાહિલ**-નિન્હવની માફક પરગર્હાવશ ધ્યાન થવાથી; (૫૦) ધનધાન્ય આદિ પરિગ્રહની પ્રાપ્તિ માટે દેશ દેશાંતર ભમતા **ચારૂદત્ત**ની માફક પરિગ્રહવશ ધ્યાન થવાથી;

(૫૧) સતી**સુભદ્રા**ને ખોટું કલંક આપનાર તેની સાસુ

નણંદ આદિની માફક પરપરિવાદવશ ધ્યાન થવાથી; (૫૨) જ્યોતિર્યશાને હણી તેનો દોષ બીજા (અંગઋષિ)પર ચઢાવનાર રુદ્રકની માફક પરદૂષણવશ ધ્યાન થવાથી; (૫૩) દ્વિપાયનની માફક કોઈના દ્વેષે પ્રાણીઓના નાશને માટે આરંભવશ ધ્યાન થવાથી; (૫૪) વિષના તીવ્ર અભિલાષી, પરંતુ માતાની આજ્ઞાથી દીક્ષા પાળનાર ક્ષુલ્લક સાધુની માફક સંરભવશ ધ્યાન થવાથી; (૫૫) રાજાના અંતઃપુરમાં જઈ પરસ્ત્રીસેવનમાટે અલંકાર સહિત હણાયેલ માણસના મૃત્યુને સારૂં માનનાર લોકની માફક પાપાનુમોદનાવશ ધ્યાન થવાથી;

(૫૬) પાપ માટે હિંસાના કારણભૂત વસ્તુઓ બનાવનાર નંદમણિયારની માફક અધિકરણવશ ધ્યાન થવાથી; (૫૭) સ્કંધક આચાર્યને અસમાધિમરણ ઈચ્છનાર અને તે કારણે ક્ષુલ્લક સાધુને પહેલાં ઘાણીમાં પીલનાર પાલકની માફક અસમાધિ-મરણવશ ધ્યાન થવાથી; (૫૮) પહેલાં શુભ ધ્યાન હોવા છતાં અશુભ કર્મોદયે અશુભધ્યાનવાળા કૃષ્ણની માફક કર્મોદયવશ ધ્યાન થવાથી, (૫૯) માન, પૂજાના અભિલાષથી આર્યમંગુની માફક ઋદ્ધિગારવવશ ધ્યાન થવાથી; (૬૦) સારૂં ભોજન મળવારૂપ રસગારવવશ ધ્યાન થવાથી;

(૬૧) પૌદ્‌ગલિક સુખની અભિલાષાએ સાતાગારવવશધ્યાન થવાથી; (૬૨) અવિરતિ સારી માની મેતાર્ય મુનિની માફક અવિરતિવશ ધ્યાન થવાથી; (૬૩) ચિત્રનામના પોતાના જ સાધુના વારવા છતાં બ્રહ્મદત્ત ચક્રવર્તીના જીવ સંભૂતિએ ચક્રવર્તીની ઋદ્ધિ ભોગવ્યા વિના મોક્ષ પણ ઇચ્છતો નથી,

એ પ્રકારે અમુક્તિવશ ધ્યાન થવાથી;

એ રીતે સૂતાં અગર જાગતાં જે કાંઈ દિવસ સંબંધી રાત્રીસંબંધી, જ્ઞાનાદિ આચારમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર લાગ્યો હોય તેનો મિચ્છામિ દુક્કડં દઉં છું.

(અતિક્રમ આદિનું સ્વરૂપ રાત્રીભોજનત્યાગ ઉપર આપેલ દૃષ્ટાંન્તથી સમજવું. રાત્રીભોજન વ્રત જેને લીધું છે તેવો મનુષ્યને કોઈ રાતના ભોજન માટે નિમંત્રણ કરે ત્યારે નિષેધ ન કરે તો અતિક્રમ થાય, ખાવાની જગાએ જવા ડગલાં ભરે ત્યારે વ્યતિક્રમ થાય, ખાવાની વસ્તુ લે ત્યારે અતિચાર થાય, અને તે વસ્તુ ખાતાં અનાચાર થાય,

દૃષ્ટાન્તો દ્વારા ધ્યાનોનું સ્વરૂપ અને અતિક્રમ આદિનું વિશેષ સ્વરૂપ અન્ય ગ્રંન્થોથી જાણી લેવું. વિસ્તારના ભયથી અહીં અધિક જણાવ્યું નથી.)

ધ્યાન સંબંધમાં ‘ મિચ્છામિ દુક્કડં ’ નો વિધિ બાલ-પંડિતમરણુ અને પંડિતમરણુ એ બેયમાં સમાન છે.

હવે દેવતાઆદિની આપત્તિમાં અથવા નદી કે રોગાદિની આપત્તિમાં પડેલા એવા જીવો તેમજ જીવન સંબંધમાં સાપેક્ષ એહવો ઉગ્રવિહારી સાધુ જે રીતે ‘સાકાર પ્રત્યાખ્યાન’ કરે તે વિધિ બતાવતાં પહેલાં મંગળાચરણુની ગાથા કરે છે.

## સાગારિક અનશન

एस करेमि पणामं जिणवरवसहस्स वद्धमाणस्स ।
सेसाणं च जिणाणं सगणहराणं च सव्वेसिं ॥११॥

અવધિજ્ઞાન આદિ સહિત જન્મનાર અને સામાન્ય કેવલીમાં પણ શ્રેષ્ઠ એવા જિનવર અને તેમાં પણ વૃષભ-સમાન વર્ધમાનસ્વામીને, બાકીના સર્વ તીર્થંકરોને, તેમના ગણધરોના સમૂહ સહિત વંદન કરી હું સાગારિક અનશન કરવા તૈયાર થયો છું. ॥૧૧॥ આમ મંગળાચરણ કરી વ્રતનો ઉચ્ચાર કરતાં કહે છે.

**सव्वं पाणारंभं पच्चक्खामित्ति अलयवयणं च ।**
**सव्वमदिन्नादाणं मेहुण्णपरिग्गहं चेव ॥१२॥**

સુક્ષ્મ અને બાદર એ બે પ્રકારનાં સર્વ પ્રાણીઓના આરંભનું, સુક્ષ્મ અને બાદર એ બન્ને પ્રકારના સર્વ મૃષાવાદનું, સુક્ષ્મ અને બાદર એ બન્ને પ્રકારના કોઇએ ન આપેલ સર્વ વસ્તુને ન લેવાનું પચ્ચક્ખાણ કરું છુ; દેવતા મનુષ્ય અને તિર્યંચ સંબંધી સર્વ પ્રકારના મૈથુનનું ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરું છું; ધન ધાન્ય આદિ નવ પ્રકારના સર્વ પરિગ્રહનું તેમજ મિથ્યાત્વ આદિ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહનું પણ પચ્ચક્ખાણ કરું છું, ‘ ચ ’ શબ્દથી બીજાં પણ શેષ રહેલ સર્વ પાપસ્થાનકોનું પચ્ચક્ખાણ કરું છું ॥૧૨॥ આમ વ્રતોચ્ચાર પછી પોતાને થયેલ વેરવિરોધને વોસરાવી આકાશથી અંનતગુણ એવી આશાઓને વોસરાવી સમાધિ અંગીકાર કરે છે.

## ખમતખામણાં

**सम्मं मे सव्वभूयेसु वेरं मज्झ न केणई ।**
**आसाउ आसिरित्ताणं समाहिमणुपालए ॥१३॥**

સર્વ જીવો પ્રત્યે મારે મૈત્રી છે; કોઈ જીવ પ્રત્યે મારે વેર નથી; સર્વ ઉપકરણ, સ્વજનગણ, શરીર આદિ સંબંધી અભિલાષાઓનો ત્યાગ કરી વિનય, શ્રુત, તપ એ આચાર રૂપ ચાર પ્રકારની સમાધિને અંગીકાર કરું છું. ।।૧૩।। હવે આચારાદિ તેમજ મમતા વોસરાવી સર્વને ખમાવે છે.

**सव्वं चाहारविहिं सन्नाओ गारवे कसाए य ।**
**सव्वं चेव ममत्तं चएमि सव्वं खमावेमि ॥१४॥**

ચાર પ્રકારના સર્વ આહારનો, આહાર આદિ ૧૦ સંજ્ઞાનો, ત્રણ ગારવનો, ચાર કષાયનો અને સર્વ પ્રદાર્થ પરની મમતાનો ત્યાગ કરું છું અને સર્વ જીવોને ખમાવું છું. ।।૧૪।। સર્વ જીવોને ખમાવ્યા પછી આરાધનાની ગાથા શરૂ થાય છેઃ-

## અંતસમયની તૈયારી

**हुज्जा इमंमि समए उवक्कमो जीवियस्स जइ मज्झ ।**
**एयं पच्चक्खाणं विउला आराहणा होउ ॥१५॥**

આ અવસરના વિષે જો કદી મારા આયુષ્યનો અંત થાય તો આ પૂર્વે કરેલ સર્વ પચ્ચક્ખાણ અને વિસ્તારથી જણાવેલ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિની આરાધના મને થાઓ. ।।૧૫।। સાગાર પચ્ચક્ખાણ કરનાર સાધુ શું કહે તે દર્શાવે છે :

**सव्वदुक्खपहीणाणं सिद्धाणं अरहो नमो ।**
**सद्दहे जिणपन्नत्तं पच्चक्खामि य पावगं ॥१६॥**

જન્મ, મરણ આદિ સાંસારિક દુઃખ જેના ક્ષય થયા છે એવા સિદ્ધોને અને ચોત્રીસ અતિશય રૂપ લક્ષ્મી અને ઈન્દ્ર આદિ દેવોએ કરેલ પૂજાને યોગ્ય એવા અરિહંતને નમસ્કાર હો. જીનેશ્વર ભગવંતોએ કહેલ દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપ તત્ત્વને સદ્દહું છું અને સર્વ પાપોના કાર્યનું પચ્ચક્ખાણ કરું છું. ।।૧૬।। હવે વિશેષમાં શું કહે તે દર્શાવે છે.

**नमुत्थु धुयपावाणं सिद्धाणं च महेसिणं ।**
**संथार पडिवज्जामि जहा केवलिदेसियं ।।१७।।**

જેમના પાપ નાશ પામ્યા છે એવા સિદ્ધોને અને મહાઋષિઓને તેમજ ઉપલક્ષણથી તીર્થંકરોને નમસ્કાર હો. અનશન કરતી વખતે દાભ આદિનો સંથારો જેમ કેવલી ભગવાને બતાવ્યો છે તેમ હું સંથારાને અંગીકાર કરું છું. ।।૧૭।।

**जं किंचिवि दुच्चरियं तं सव्वं वोसिरामि तिविहेणं ।**
**सामाइयं च तिविहं करेमि सव्वं निरागारं ।।१८।।**

આ જન્મે અગર બીજા પૂર્વના જન્મમાં જે કોઇ દુરાચરણ કર્યું હોય તે સર્વને મન, વચન અને કાયાએ વોસરાવું છું. જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયા અર્થાત્ સમ્યક્ત્વ, શ્રુત અને સર્વવિરતિ એ ત્રણે પ્રકારનાં સામાયિક આગાર સહિત હું અંગીકાર કરૂં છું. ।।૧૮।। અનશન કરતાં બીજું પણ તે શું વોસરાવે તે સૂચવતાં ગાથા કહે છે :

## સર્વને સર્વ પ્રકારે વોસરાવવું

**बज्झं अब्भिंतरं उवहिं सरीराइ सभोयणं ।**
**मणसावयकाएहिं सव्वभावेण वोसिरे ॥१९॥**

પાત્રાદિ ઉપકરણરૂપ બાહ્ય ઉપધિ અને કષાયાદિક અભ્યંતર ઉપધિ તેમજ ભોજન સહિત શરીરાદિ ઉપધિ તે સર્વે મન, વચન, કાયાએ કરીને ભાવથી વોસરાવું છું. ॥૧૯॥ ફરી પણ અનશન અંગીકાર કરતાં શું વોસરાવે તે કહે છે.

**सव्वं पाणारंभं पच्चक्खामित्ति अलियवणं च ।**
**सव्वमदिन्नादाणं मेहुन्नं परिग्गहं चेव ॥२०॥**

**सम्मं मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ।**
**आसाओ वोसिरित्ताणं समाहिमणुपालए ॥२१॥**

જુઓ ગા. ૧૨-૧૩ પહેલા સાગારિક પચ્ચખ્ખાણના અધિકારમાં બીજી અને ત્રીજી ગાથામાં કહ્યું છતાં અહીં નિરાગાર પચ્ચખ્ખાણનો અધિકાર હોવાથી ફરી કહેવામાં પુનરૂકિત દોષ નથી. ॥૨૦-૨૧॥ વળી આગળ ઉમેરે છે.

**रागं बंधं पओसं च हरिसं दीणभावयं ।**
**उस्सुगत्तं भयं सोगं रइं अरइं च वोसिरे ॥२२॥**

પ્રીતિ થવા રૂપ રાગ, બંધનમાં કારણભૂત બંધ, માન, પૂજાનો સંભવ મનમાં રાખી જે હર્ષ થાય તે, અપમાનના પ્રસંગમાં પ્રદ્વેષ, શત્રુ આદિથી પરાભવ થતાં ઉદ્‌ભવતો દીન-ભાવ, અતિ દુઃખ અનુભવતાં મરણની ઉત્સુકતા, દેવઆદિના

ઉપસર્ગો થતાં ભય, કષ્ટ, શોક; ઇષ્ટની પ્રપ્તિમાં રતિ અને અનિષ્ટની પ્રાપ્તિમાં અરતિ એ સર્વનો ત્યાગ કરૂં છું. ॥૨૨॥ અનશન અંગીકાર કરનાર સંસારના કારણભૂત મમતા આદિ વોસરાવી મોક્ષના કારણભૂત નિર્મમત્વ સ્વીકારી જે વોસરાવે તે જણાવે છે.

**ममत्तं परिवज्जामि निम्ममत्तं उवट्ठिओ ।**
**आलंबणं च मे आया अवसेसं च वोसिरे ॥२३॥**

આ મારું એ પ્રકારનો મમત્વભાવ તજી 'કોઈપણ મારું નથી' એ પ્રકારે નિર્મમત્વ ભાવ સ્વીકારું છું. સંસારમાં દુર્ગતિના દુઃખથી અને તેમાંના પરિભ્રમણથી મૂકાવનાર મારો આત્મા આલંબન-ટેકા રૂપે છે; બાકી જે ધન, કુટુંબ, શરીર આદિ છે તે સર્વનો ત્યાગ કરું છું. ॥૨૩॥ હવે આત્માને કયા કયા કાર્યમાં આલંબનભૂત કરવો તે નિર્દેશે છે.

**आया हु महं नाणे आया मे दंसणे चरित्ते य ।**
**आया पच्चक्खाणे आया मे संजमे जोगे ॥२४॥**

જ્ઞાનગુણ મેળવવામાં, સમ્યગદર્શનગુણ મેળવવામાં, ચારિત્રગુણ મેળવવામાં, પચ્ચખ્ખાણગુણ મેળવવામાં, સંયમ-ગુણ મેળવવામાં અને જુદા જુદા શુભયોગમાં પણ જોડનાર મારો આત્મા આલંબનભૂત હો. ॥૨૪॥ મમત્વભાવ રહિત બનતાં એકત્વભાવના ભાવે તે દર્શાવે છે.

## આત્માની એકતા

**एगो वच्चइ जीवो एगो चेवुववज्जई ।**
**एगस्स चेव मरणं एगो सिज्जइ नीरओ ॥२५॥**

અન્ય ગતિમાં જીવ એકલો જ જાય છે. મનુષ્યપણે પણ તે એકલોજ ઉત્પન્ન થાય છે. મરણુ પણ એકલાનેજ હોય છે. કર્મરૂપ રજ રહિત બનતાં એકલોજ સિદ્ધિપદને પામે છે. ॥૨૫॥

**एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिराभावा सव्वे संजोगलक्खणा ॥२६॥**

જ્ઞાન, દર્શન એ ગુણયુક્ત આત્મા એકલો અને શાશ્વત છે. ધન, કુટુંબ, પરિવાર, શરીર આદિ સર્વ બીજા ભાવો ક્ષણભંગુર અને અશાશ્વત છે; અને તે સંજોગાધીન છે. ॥૨૬॥ પૌદ્ગલિક સંબંધ દુઃખકારક છે તે નિર્દેશે છેઃ

**संजोग[illegible] जीवेण पत्ता दुक्खपरंपरा ।**
**[illegible]संबंधं सव्वं तिविहेण वोसिरे ॥२७॥**

જીવ સંસારમાં દુઃખની શ્રેણિ પામ્યા કરે છે તેનું મૂળ કારણુ પૌદ્ગલિક પદાર્થોના સંબંધ છે; તે કારણે પૌદ્ગલિક સર્વ પદાર્થોનો સંયોગ મન, વચન અને કાયાએ ત્રિવિધે વોસિરાવવા કહે છેઃ

## પાપનિંદા-ગર્હા

**मूलगुणे उत्तरगुणे जे मे नाराहिया पमाएणं ।**
**तमहं सव्वं निंदे पडिक्कमे आगमिस्साणं ॥२८॥**

પાંચ મહાવ્રત મૂળગુણ અને રાત્રિભોજન આદિ ઉત્તરગુણ આદિની પ્રયત્નપૂર્વક મેં આરાધના ન કરી હોય

તેનું, તેમજ ભવિષ્યકાળના મૂલ અને ઉત્તરગુણની વિરાધનાનું હું પ્રતિક્રમણ કરૂં છું. ॥૨૮॥ બીજા દોષોનું પ્રતિક્રમણ કરતાં કહે છે કેઃ—

**सत्त भए अट्ठ मए सन्ना चत्तारि गारवे तिन्नि ।**
**आसायण तेत्तीसं रागं दोसं च गरिहामि ॥२९॥**
**अस्संजममन्नाणं मिच्छत्तं सव्वमेव य ममत्तं ।**
**जीवेसु अजीवेसु य तं निंदे तं च गरिहामि ॥३०॥**

સાતભય, આઠમદ, ચારસંજ્ઞા, ત્રણગારવ, તેત્રીશ આશાતના અને રાગ દ્વેષ એ સર્વની ગુરૂની સાક્ષીએ નિંદા કરું છું, બાર પ્રકારની અવિરતિ, સર્વ અજ્ઞાન, સર્વ પ્રકારનું મિથ્યાત્વ અને સચિત અને અચિત પદાર્થોમાં મમત્વબુદ્ધિ એ સર્વની આત્માની અને ગુરૂની સાક્ષીએ નિંદા અને ગર્હા કરું છું; ॥૨૯–૩૦॥ દુકાળ આદિ સમયમાં આજીવિકા કેમ થશે તે આજીવિકાભય; મનુષ્યને મનુષ્યથી ભય એ આલોકભય; મનુષ્યને દેવતા આદિથી ભય તે પરલોકભય; પોતાની માલમિલ્કત કોઇ ચોર ન લઈ જાય તે આદાનભય; સ્વસ્થાને બેઠાં છતાં નિમિત્ત વિના ઉપજતો અકસ્માતભય; તીવ્ર રોગાદિમાં ઉપજતો મરણભય અને અકાર્યના કારણે લોક અપકીર્તિ કરશે તે અપયશભય એ સાત પ્રકારના ભય. પોતાની જાતનું અભિમાન એ જાતિમદ; પોતાના કુળનું અભિમાન એ કુલમદ; પોતાના બળનું અભિમાન એ બળમદ; પોતાના સુંદર રૂપનુ અભિમાન એ રૂપમદ; ધનધાન્યાદિ અનુકુળતાઓ મળે એ લાભમદ; પોતાની બુદ્ધિનું અભિમાન

એ બુદ્ધિમદ; પોતાની વલ્લભતાનું અભિમાન એ વાલ્લભ્યક-મદ; પોતાના શ્રુતજ્ઞાનનું અભિમાન એ શ્રુતમદ અને પોતાના તપનું અભિમાન એ તપમદ એ આઠ પ્રકારના મદ. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞા, ઋદ્ધિ, રસ અને શાતા એ દરેકની તીવ્ર અભિલાષા–લાલસા એ ત્રણ ગારવ. નિંદવા અને ગર્હવા યોગ્ય કરણીનો સંગ્રહ કરતાં જણાવે છેઃ-

**निंदामि निंदणिज्जं गरिहामि य जं च मे गरहणिज्जं ।**
**आलोएमि य सव्वं सब्भिंतरबाहिरं उवहिं ॥३१॥**

નિંદા કરવા યોગ્ય જે જે દુરાચરણ કર્યું હોય તેની હું નિંદા કરૂં છું; નિંદા કરવા યોગ્ય અને ગર્હા કરવા યોગ્ય જે જે કાર્ય મેં કર્યું હોય તેને ગુરૂ સમક્ષ આલોઉં છું–ગુરૂની સાક્ષીએ આલોચના કરું છું. ॥૩૧॥ આચરેલ દૂષણ ગુરૂ સમીપ કેમ આલોવવાં તે નિર્દેશે છે :—

**जह बालो जंपंतो कज्जमकज्जं च उज्जुयं भणइ ।**
**तं तह आलोइज्जा मायामोसं पमुत्तूणं ॥३२॥**

બાળક જેમ પોતાના માતાપિતા સમક્ષ કાર્ય અકાર્યના ભેદ પડયા વિના પોતાની સર્વ કરણી નિવેદન કરે તેમ આત્મહિતાર્થી યોગ્ય અયોગ્ય ભેદ પાડયા વિના થોડું અથવા ઘણું જે પાપ જે રીતે સેવ્યું હોય તેને માયામૃષાવાદ તજી દઇને યથાસ્થિત રૂપે ગુરૂ સમક્ષ જાહેર કરે; આલોચના લેતી વખતે પોતાના ઉત્તમ કુળ અથવા પોતાની ગુણી તરીકેની પ્રસિદ્ધિને નજર સમીપ રાખી આવું પાપ કેમ પ્રગટ કરૂં તેમ વિચારે નહિ, અને આલોયણ લેતી વખતે

તે પાપ છૂપાવે પણ નહિ. ॥૩૨॥ આલોયણા આપનાર કપટરહિત ગુરૂના ગુણ દર્શાવે છેઃ—

**नाणंमि दंसणंमि य तवे चरित्ते य चउसुवि अकंपो ।**
**धीरो आगमकुसलो अपरिस्सावी रहस्साणं ॥३३॥**

મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ પાંચ પ્રકારના જ્ઞાનમાં; ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને કારક, રોચક અને દીપક એવા ત્રણ ત્રણ પ્રકારનાં સમ્યગ્ દર્શનમાં; છ પ્રકારનાં બાહ્ય અને છ પ્રકારનાં અભ્યંતર એમ બાર પ્રકારના તપમાં; પાંચ આશ્રવને રોકવા, પાંચ ઇંદ્રિયની ગુપ્તિ, ચાર કષાય પર વિજય, અને ત્રણ યોગ એમ સત્તર પ્રકારના સંયમમાં; ચાર પ્રકારનાં ગુણમાં સ્થિરબુદ્ધિવાળાઃ બુદ્ધિમાન, ધૈર્યવાન, ઉત્સર્ગ અને અપવાદ એ બંન્ને માર્ગને જાણનાર, છ છેદસૂત્ર અને ચૂર્ણિ આદિમાં જ્ઞાનકુશલ, આલોચના લેનારનાં પાપોને પોતાના પેટમાં સંગ્રહી શકે તેવા ગંભીર એવા ગુરૂ આલોયણ આપવા માટે લાયક ગણાય છે. આ ઉપરથી ફલિત એ થાય છે કે જ્ઞાન, દર્શન ગુણમાં અસ્થિર, ચારિત્ર અને તપ ગુણમાં મંદ, આગમના રહસ્યના અજાણ અને વસ્તુને પેટમાં ન રાખી શકે તેવા ક્ષુદ્ર ગુરૂ પાસે આલોયણ ન લઇ શકાય. ॥૩૩॥ આલોયણ લેતાં પહેલાં પોતાથી ગુરૂનો કોઇ અપરાધ બન્યો હોય તો તે પહેલાં ખમાવે છેઃ—

## અપરાધ ખામણાં

**रागेण व दोसेण व जं मे अकयन्नुया पमाएणं ।**
**जो मे किंचिवि भणिओ तमहं तिविहेण खामेमि ॥३४॥**

શિક્ષા કરતાં કોપવશ બની કરેલા ઉપકારની અકૃતજ્ઞતાથી, અથવા પ્રમાદવશ જે કાંઈ આપનું અનિષ્ટ ચિંતવ્યું હોય, કર્યું હોય અથવા રાગદ્વેષ આદિ કારણે કોઇને કહ્યું હોય તે સારૂ મન, વચન અને કાયા એમ ત્રિવિધે ક્ષમા પ્રાર્થું છું ।।૩૪।। અનશન કરનાર હવે મરણના સ્વરૂપનું ચિંતન કરે તે દર્શાવે છેઃ—

## ત્રણ પ્રકારનું મરણ

**तिविहं भणंति मरणं बालाणं बालपंडियाणं च ।**
**तइयं पंडितमरणं जं केवलिणो अणुमरंति ॥३५॥**

તીર્થંકર ભગવંત જૈન શાસનમાં મરણના ત્રણ પ્રકાર જણાવે છેઃ (૧) બાલમરણ, (૨) બાલપંડિતમરણ અને (૩) પંડિતમરણ. અવિરત મિથ્યાત્વી જીવને બાલમરણ હોય છે. સમ્યગ્દર્શન વાળા અને દેશવિરત જીવને બાલપંડિતમરણ હોય છે અને કેવલી જીવને પંડિતમરણ હોય છે. આત્મહિતાર્થીએ પંડિતમરણ માટે ઉદ્યમ કરવો ઈષ્ટ છે કારણ કે તે શ્રેષ્ઠ છે. ।।૩૫।। આગળ પાંચ પ્રકારનાં મરણ બતાવ્યાં છે અને અહીં ત્રણ પ્રકારનાં કહે છે; તેથી બાલબાલમરણનો સમાવેશ બાલમરણમાં અને પંડિતપંડિતમરણનો સમાવેશ પંડિતમરણમાં કરવામાં આવ્યો છે. અસમાધિપૂર્વક મરણ થતાં જે દોષ લાગે તેનો નિર્દેશ કરે છેઃ—

## વિરાધક ભાવ

**जे पुण अट्ठमईया पयलियसन्ना य वंकभावा य ।**
**असमाहिणा मरंति न हु ते आराहगा भणिया ॥३६॥**

આઠ મદને ધારણ કરનાર, વિવેકરૂપ જ્ઞાનવિનાના અને વક્ર એવા જીવો પોતે સ્વસ્થ નથી અને મોહાધીન છે, તે રીતે મૃત્યુ પામતા જીવ આરાધક નથી; પરંતુ વિરાધક છે એમ જિનેશ્વર ભગવાને કહ્યું છે. ॥૩૬॥ અસાધિમરણપ્રાપ્ત જીવને શું દુર્લભ બને છે તે જણાવે છે.

**मरणे विराहिए देवदुग्गई दुल्लहा य किर बोही ।**
**संसारो य अणंतो होइ पुणो आगमिस्साणं ॥३७॥**

મરણસમયે વિરાધના કરનારને અજ્ઞાનકષ્ટના પરિણામે ઢેડ સરિખા કલ્બિષક જાતિનાં દેવ તરિકે ઉત્પન્ન થવાનું થાય છે; તેને સમ્યક્ત્વની દુર્લભતા થાય છે અને ભવિષ્યમાં અનંતપુદ્ગલપરાવર્ત સુધી સંસારમાં પરિભ્રમણ કરવાનું થાય છે. સારાંશ એ છે કે મરણસમયે ચિત્ત સ્વસ્થ રાખી આરાધના રૂડી રીતે કરવી. ॥૩૭॥ શિષ્ય ચાર પ્રશ્ન રજૂ કરે છે.

## શિષ્યના ચાર પ્રશ્ન

**का देवदुग्गई का अबोहि केणेव वुज्झई मरणं ।**
**केण अणंतमपारं संसारे हिंडई जीवो ॥३८॥**

(૧) દેવની દુર્ગતિ કયા પ્રકારની છે? (૨) અબોધિ એટલે શું ? (૩) શા કારણે સંસારમાં વારંવાર જન્મમરણ

કરવાં પડે? અને (૪) કયા જીવ સંસારમાં અનંતકાળ રખડે? ॥૬૮॥ પહેલા પ્રશ્નનો ઉત્તર આપે છે:-

## દુર્ગતિનું કારણ

**कंदप्पदेवकिब्बिस अभिओगा आसुरी य संमोहा ।**
**ता देवदुग्गईओ मरणंमि विराहिए हुंति ॥३९॥**

સંયમ પાળતાં જે હાસ્ય કરવાના સ્વભાવવાળા હોય તેમને દેવતાદિ ગતિ તો મળે છે, પરંતુ તે કંદર્પ (મશ્કરા) દેવની હોય કે જે દુર્ગતિરૂપ છે. સંયમ પાળતા કેવલી, વ્રત, સંઘ, ચારિત્ર, ધર્મઆદિની આશાતના કરનારને જે દેવગતિ મળે છે તે કિલ્બિષક (ઢેડસરખા) દેવની હોય કે જે દુર્ગતિરૂપ છે. સંયમ પાળતાં ઉચ્ચાટણ આદિ મંત્રો કરનારને જે દેવગતિ મળે છે તે આભિયોગિક (ચાકરીકરનાર) દેવની હોય કે જે દુર્ગતિરૂપ છે. સંયમ પાળતાં કોપ કરવાથી દેવગતિ મળે છે તે અસુરી (દાસ) દેવની હોય કે જે દુર્ગતિરૂપ છે. સંયમ પાળતાં ઉન્માર્ગની દેશના આપનારને સંમોહાનામની દેવની દુર્ગતિ મળે છે. મરણ સમયે વિરાધના કરનારને પ્રાયઃ ઉપરોક્ત પાંચ દેવ સંબંધી દુર્ગતિ હોય છે. ॥૩૯॥ અબોધિની વ્યાખ્યા કરતાં બીજા પ્રશ્નનો ઉત્તર આપે છે:-

## બોધિ દુર્લભ

**मिच्छादंसणरत्ता सनियाणा कण्हलेसमोगाढा ।**
**इय जे मरंति जीवा तेसिं दुलहं भवे बोही ॥४०॥**

મિથ્યાદર્શનમાં રત, નિયાણું કરનાર, કૃષ્ણલેશ્યાના અધ્યવસાયમાં જે જીવો મરણ વખતે આલોચના કર્યા વિના મૃત્યુ પામે છે તેઓને બીજાભવમાં બોધીબીજ (સમકીત) દુર્લભ બને છે. ॥૪૦॥ જીવ સુલભબોધી કેમ બને તે દર્શાવે છેઃ-

## સુલભ બોધિક

**सम्मदंसणरत्ता अनियाणा सुक्कलेसमोगाढा ।**
**इय जे मरंति जीवा तेसिं सुलहा भवे बोही ॥४१॥**

જિનેશ્વર ભગવાને જે પ્રકારે નવ તત્ત્વનું સ્વરૂપ કહ્યું છે તે પ્રકારે શ્રદ્ધા રાખવા રૂપ સમ્યગ્દર્શનમાં રત, નિયાણારહિત અને શુકલલેશ્યાના અધ્યવસાયમાં જે જીવ સમાધિમરણ કરે છે તેને બોધિબીજ સુખે પ્રાપ્ત થાય છે. ॥૪૧॥ ત્રીજા પ્રશ્નનો ઉત્તર લંબાણમાં છે તેથી શુચિકટાહ ન્યાયે ચોથો પ્રશ્નઃ-જીવ સંસારમાં અનંત કાળ શા કારણે રખડે તેનો ઉત્તર આપે છેઃ

## અનંત સંસારી

**जे पुण गुरुपडिणीया बहुमोहा ससबला कुसीला य ।**
**असमाहिणा मरंति ते हुंति अणंतसंसारी ॥४२॥**

ગુરુના અવગુણ બોલનાર, ગુરુને શત્રુ ગણનાર, તીવ્ર મોહ ને માયામાં મૂઢ બનેલા, શાસ્ત્રોક્ત હસ્તકર્માદિના શંબલ આદિ એકવીશ દોષવાળા, કુશીલ (દુષ્ટ આચરણ કરનાર) અને અસમાધિથી (અસ્વસ્થચિત્ત) મરણ પામે છે તે

અનંત સંસારી થાય છે. ।।૪૨।। અનંતસંસારના પ્રતિપક્ષી એવા .અલ્પસંસારી કેમ બનાય તે બતાવે છેઃ

## પરિત્તસંસારી

जिणवयणे अणुरत्ता गुरुवयणं जे करंति भावेणं ।
असबल असंकिलिट्ठा ते हुंति परित्तसंसारी ॥४३॥

ઉત્સર્ગ અને અપવાદ માર્ગસહિત જિનપ્રવચનમાં અનુરાગવાળા, આદરસહિત ગુરૂના વચન અમલમાં મુકનાર, શંબલના (મેલા ચારિત્રના) એકવીશ દોષ રહિત અને ક્લેશ રહિત મનવાળા એવા સમાધિસ્થ ચિત્તવાળા એ જીવોનો સંસાર પરિમિત્ત–મર્યાદિત બને છે. ।।૪૩।। હવે ' સંસારમાં વારંવાર શા કારણે જન્મમરણ થયા કરે છે?' એ ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપે છેઃ

## બાલમરણનાં કારણ

बालमरणाणि बहुसो बहुयाणि अकामगाणि मरणाणि ।
मरिहंति ते वराया जे जिणवयणं न याणंति ॥४४॥

सत्थग्गहणं विसभक्खणं च जलणं च जल पवेसो य ।
अणयार भंडसेवी जम्मणमरणाणुबंधीणि ॥४५॥

उड्ढमहे तिरियंमिवि मयाणि जीवेण बालामरणाणि ।
दंसणनाणसहगओ पंडिअमरणं अणुमरिस्सं ॥४६॥

જે જીવો જિનેશ્વર ભગવંતનાં રૂડાં વચન સારી રીતે જાણતા નથી તે રાંક જીવો ઇચ્છારહિત ઘણી વખત બાહ્ય મરણ કરે છે' ।।૪૪।। સંસાર સુખ મેળવવાની લાલસાથી

અજ્ઞાનપણાએ તીર્થસ્થાનોએ જઇ શસ્ત્રથી આપઘાત કરવો, નિયાણાસહિત અથવા સંસારિક લાલસાથી અથવા ક્રોધવશ મરણ પામવું, પૌદ્ગલિક સુખની લાલસાથી સુવર્ણનંદી સોનીની માફક અગ્નિપ્રપાતથી મરવું, જળપ્રપાત કરવો, પંચાગ્નિથી ધુણીનો તાપ સહન કરી મરવું, દેવતા અથવા રાજાની ઋદ્ધિ મેળવવા પાણીમાં બૂડી મરવું અથવા શિયાળામાં પાણીમાં પ્રવેશી સ્નાન કરી કષ્ટ મેળવવું, વિષ લઈ મરણ પ્રાપ્ત કરવું આ સર્વ બાલમરણના પ્રકાર છે. પાખંડી વેશ લઈ લોકોને છેતરવા, જૈન સાધુના વેષ લઈ જિનેશ્વરના તત્ત્વોના રહસ્ય મેળવ્યા વિના હાસ્યાદિ અનાચારો સેવી મરવું, એ સર્વ જન્મમરણની પરંપરાને વધારનાર છે અને તેવા ઉર્ધ્વ અધો અને તિર્યક્ લોકમાં મેં અનંત વાર કર્યાં છે. આ સર્વ વિચારો બાહ્યમરણ અને જન્મમરણ પ્રતિ દોરી જનાર છે એમ વિચારી ઉત્તમ સાધુ જ્ઞાનદર્શનયુક્ત એવો હું પંડિતમરણ વડે મરીશ એમ ભાવના ભાવે. ॥૪૪-૪૫-૪૬॥

બાલમરણનો ભય દર્શાવી પંડિતમરણ કરવા અનશન કરનારને ગુરૂ ઉપદેશ આપે છેઃ

## પંડિત મરણ

उव्वेयणयं जाई मरणं नरएसु वेयणाओ य ।
एयाणि संभरंतो पंडितमरणं मरसु इण्हि ॥४७॥

બાલમરણ કરીકરીને ઉદ્વેગજન્ય જન્મમરણ જેજે કર્યાં અને નારકને વિષે અનંત પ્રકારની વેદનાઓ પણ ભોગવી તે સર્વ સંભારતા સંભારતા હવે સાવધાન બનીને પંડિત-

મરણ મરવું નક્કી કર કે જેથી ઉદ્વેગજન્ય જન્મમરણ અને નારક વેદનાઓ ફરીફરી સહન ન કરવી પડે. ॥૪૭॥ આવો ઉપદેશ સાંભળતાં દુઃખ ન થાય તે માટે શું ચિંતવવું તે દર્શાવે છે.

## પંડિતમરણ ઇચ્છનાર શું સંભારે ?

**जह उप्पज्जइ दुक्खं तो दट्ठवो सहावओ नवरं ।**
**किं किं मए न पत्तं संसारे संसरंतेणं ॥४८॥**

દુઃખ ઉત્પન્ન થાય તો મુનિજને રાગદ્વેષની પરિણતિ મંદ મંદતર મંદતમ કરતા રહી આત્મસ્વભાવમાં રમણ કરતાં રહી તટસ્થતાથી જોયા કરવું અને વિશેષ કરી વિચારવું કે આ સંસારમાં ભ્રમણ કરતાં મેં શા દુઃખો નથી ભોગવ્યાં ? પરવશપણે આવા દુઃખો અનંતવાર ભોગવ્યાં છે, તોપણ આત્મ કલ્યાણ થયું નહિ; તો હવે સ્વવશ બનીને તે દુઃખો સ્વસ્થતાથી સમભાવે અનુભવી આત્માનું કલ્યાણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, ત્યારે તું શા માટે ખેદ કરે છે ? ॥૪૮॥ આમ જન્મમરણ કરતાં વેદનાજ સહન કરી એમ નથી, પરંતુ સંસારમાં વર્તતા સર્વ પદાર્થો પણ આહારરૂપે ગ્રહણ કરવા છતાં આત્માને તૃપ્તિ થઈ નથી તે જણાવે છે.

**संसारचक्कवालंमि सव्वेऽविय पुग्गला मए बहुसो ।**
**आहारिया य परिणामिया य नाहं गओ तित्तिं ॥४९॥**

અનેક જન્મો કરતાં કરતાં ચૌદરાજ્યલોકમાં રહેલા સર્વ પુદ્‌ગલો આહારરૂપે મેં અનેક વખત ગ્રહણ કર્યા; તો પણ મારો આત્મા હજુ સુધી તૃપ્તિ પામ્યો નથી; હવે

વારંવાર પુદ્ગલગ્રહણ કરવાથી તો તૃપ્તિ ક્યાંથી થવાની હતી ? માટે હે ચેતન ! પૌદ્ગલિક ભાવોની ઇચ્છા કરવી એ જરાપણ ઉચિત નથી. ।।૪૯।। પુદ્ગલ ભેગા કરવાના અને તેનો ભોગવટો કરવાના ઉદ્યમથી જીવને જરાપણ તૃપ્તિ થતી નથી તે ગ્રંથકાર દૃષ્ટાંત આપી સ્પષ્ટ કરે છે:

**तणकट्ठेहि व अग्गी लवणजलो वा नईसहस्सेहिं ।**
**न इमो जीवो सक्को तिप्पे उ कामभोगेहिं ।।५०।।**

તરણાં અને લાકડાંથી જેને અગ્નિ તૃપ્ત થતો નથી, હજારો નદીઓનાં જળ આવવા છતાં લવણ સમુદ્ર તૃપ્ત થતો નથી તેમ આ જીવ કામભોગદ્વારા જરાપણ તૃપ્તિ પામતો નથી અર્થાત્ કામભોગ દુઃખરૂપ માની તેનો ત્યાગ કરવાથીજ તૃપ્તિ થાય છે. એટલે કામભોગથી તૃપ્ત બનવા સારૂ જીવે કામભોગથી નિવૃત્તિ લેવી જોઇએ. ।।૫૦।। આહારમાં આસક્ત પ્રાણી કેવાં દુઃખ અનુભવે તે દર્શાવે છેઃ

**आहारनिमित्तेणं मिच्छा गच्छंति सत्तमिं पुढविं ।**
**सच्चित्तो आहारो न खमो मणसावि पत्थेउं ।।५१।।**

મોટા મત્સયની પાંપણમાં રહેલા પંચેન્દ્રિય જાતિના તંદુલિયા મત્સ્ય પણ એમ વિચારે છે કે 'જો હું મોટો મત્સ્ય હોઉં તો આં બધાં માછલામાંના કોઇપણ એકને હું મારા મુખમાંથી છટકી જવાં દઉં નહિ;' આહારની આવી તીવ્ર આસક્તિથી થતી ભાવહિંસાના કારણે તે સાતમી નરકે જાય છે. આમ સમજી વિવેકી જીવોએ સચિત આહારની મનથી પણ ઈચ્છા કરવી તે યોગ્ય નથી. ।।૫૧।।

આમ ગુરૂપદેશથી વિરામ પામી સમજુ જીવે શું ચિંતવવું તેનું નિરૂપણ કરે છે :

**पुव्विं ' कयपरिकम्मो ' अनियाणो ऊहिऊण मइबुद्धि ।**
**पच्छा मलियकसाओ सज्जो मरणं पडिच्छामि ॥५२॥**

જઘન્યથી છ માસ, મધ્યમથી એક વર્ષ અને ઉત્કૃષ્ટથી બારવર્ષ સુધીના સંલેખનાના અભ્યાસીએ નિયાણારહિત (વર્તમાનકાલીન પદાર્થ જાણનાર અને ભવિષ્યકાલના પદાર્થ જાણનાર) આ બુદ્ધિ વડે કષાય આદિના સ્વરૂપને અવધારીને તેનો નાશ કરી જલ્દીથી અનશન અંગીકાર કરવું જોઈએ. ॥૫૨॥ અવસર અને અભ્યાસ વિના એકદમ અનશન અંગીકાર કરનારની શું અવસ્થા થાય તે દર્શાવે છે :

**अवक्कंडेऽचिरभाविय ते पुरिसा मरणदेसकालम्मि ।**
**पुव्वकयकम्मपरिभावणाएँ पच्छा परिवडंति ॥५३॥**

આયુષ્યનો અંત આવ્યા વિના, અકાળે આયુષ્યનો અંત આવતા સંલેખનાના ઉપરોક્ત અભ્યાસ વિના અનશન કરનારને મરણ અવસરે પૂર્વે કરેલ અશુભ કર્મના ઊદયે નિયાણુ કરી મરણની વિરાધના કરવાથી મિથ્યાત્વને પામી દુર્ગતિમાં જાય છે. ॥૫૩॥ આમ અત્યંત અવસ્થા સુધરવી મુશ્કેલ છે, તેથી ગુરુ શિષ્યને ઉપદેશ દેતાં જણાવે છે.

**तम्हा चंदगविज्झं सकारणं उज्जुएण पुरिसेणं ।**
**जीवो अविरहियगुणो कायव्वो मुक्खमग्गंमि ॥५४॥**

મરણની અવસ્થા ન બગડે તે સારૂ, રાજ્ય આદિની ઇચ્છાથી જેમ તે સધાય છે; તેમ પોતાનો આત્મા મોક્ષ-

માર્ગને સાધવા માટે બને તે સારૂ તેને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય આદિ ગુણવાળો બનાવવો. ।।૫૪।। આત્મા જ્ઞાન આદિ ગુણવાળો કેમ બને તે બતાવે છે :

**बाहिरजोगविरहिओ अब्भिंतरझाणजोगमल्लीणो ।**
**जह तंमि देसकाले अमूढसन्नो जयइ देहं ।।५५।।**

મરણ અવસરે સંસારના વ્યાપાર અંગેની ચિંતા તજવી, આત્માના હિતની ચિંતવના કરવી, મનની જાગૃતિ રાખવી અને એ રીતે શરીરનો ત્યાગ કરવો. ।।૫૫।। આ આ રીતે શરીરત્યાગ કરતાં જીવને શું ચિંતન કરે તે નિરૂપે છે :

**हंतूण रागदोसं छित्तूण य अट्ठकम्मसंघायं ।**
**जम्ममरणऽरहट्टं भित्तूण भवा विमुच्चिहिसि ।।५६।।**

હે જીવ ! રાગદ્વેષને હણીને આઠકર્મના સમૂહનો ક્ષય કરીને, જન્મમરણ રૂપ અરહટ્ટ (ઘટમાળ) છેદીને સંસારનો ત્યાગ કરતાં તું મુક્તિપદ પામીશ. ।।૫૬।। ઉપરોક્ત ઉપદેશ અનશન કરનાર કેવા આદરપૂર્વક સ્વીકારે તે દર્શાવતાં કહે છે :

## સંસારના પારને પમાડનાર શ્રદ્ધા

**एवं सव्वुपवएसं जिणदिट्ठं सद्दहामि तिविहेणं ।**
**तसथावरखेमकरं पारं निव्वाणमग्गस्स ।।५७।।**

આ પયન્નામાં કહેલો જિનેશ્વર ભગવંતે બતાવેલ ત્રસ અને સ્થાવર એ બંન્ને પ્રકારના જીવોને કલ્યાણકારી અને

મોક્ષને પમાડનાર એવો સર્વ ઉપદેશ મન વચન અને કાયા એ ત્રિકરણ વડે સદ્દહું છું (સ્વીકારૂ છું). ।।૫૭।। જીવને જ્ઞાનાદિ ગુણવાસિત બનાવવા ઉપર જણાવ્યું; તે જ્ઞાન આદિ શ્રુતની વિચારણાથી થાય છે. તેથી મરણ અવસરે કેટલા શ્રુતની ચિંતવના કરવી તે દર્શાવે છે.

**न हु तम्मि देसकाले सक्को बारसविहो सुअक्खंधो ।**
**सव्वो अणुचिंतेउं धणियंपि समत्थचित्तेणं ।।५८।।**

મરણાવસરે ચિન્તના સામર્થ્યવાળા પ્રાણીને પણ બાર અંગરૂપ સર્વ શ્રુતજ્ઞાન ચિંતવી શકાતું નથી. ।।૫૮।। સર્વ શ્રુતનું ચિંતન કરી ન શકાય માટે શું કરવું તેનો નિર્દેશ કરે છે.

## એકપદથી મોક્ષ મળે તેવું પણ ચિંતવવું

**एगंमिवि जम्मि पए संवेगं वीयरायमग्गंमि ।**
**गच्छइ नरो अभिक्खं तं मरणं तेण मरिअव्वं ।।५९।।**

વીતરાગના માર્ગમાં મનુષ્ય વૈરાગ્ય પામે તેવા એક પણપદનું વારંવાર સ્મરણ કરવા સહિત મરણ કરવું એ ઉત્તમ મરણ છે; આવા ઉત્તમ મરણે કરી સમાધિપૂર્વક હોવું મરવું. ।।૫૯।। બાર અંગરૂપ શ્રુતનો વિચાર ન થઇ શકે તેથી એક બે શ્લોકનું ચિંતન શકય છે તે કરવું.

**ता एगंपि सिलोगं जो पुरिसो मरणदेसकालम्मि ।**
**आराहणोवउत्तो चिंतंतो आराहगो होई ।।६०।।**

આરાધનાના ઉપયોગવાળા મુનિમહારાજ મરણ અવસરે શ્રુત ચિંતવી શકતા નથી; તેથી વૈરાગ્યને કરનાર એવા

કોઈપણ એક શ્લોકને વિચારતાં આરાધક થાય છે. ॥૬૦॥ આરાધનાનું ફળ દર્શાવે છે.

## ત્રણ ભવમાં મોક્ષ

**आराहणोवउत्तो कालं काउण सुविहिओ सम्मं ।**
**उक्कोसं तिन्नि भवे गंतूण लहइ निव्वाणं ॥६१॥**

આરાધનાના ઉપયોગવાળા મુનિમહારાજ રૂડી રીતે સમાધિ સહિત મરણ કરતાં વધારેમાં વધારે ત્રણ ભવે સિદ્ધ થાય છે. ॥૬૧॥ અનશન સ્વીકારનાર મુનિ શું ચિંતવે અને શું વોસિરાવે તે જણાવે છે.

## જૈન શાસનનો સાર

**समणोत्ति अहं पढमं बीअं सव्वत्थ संजओमित्ति ।**
**सव्वं च वोसरामि एअं भणियं समासेणं ॥६२॥**

પહેલાં હું મહાવ્રત વાળો છું. બીજું હું સર્વ પદાર્થોમાં રાગદ્વેષની પરિણતિને રોકનાર એવા સંયમવાળો છું. આ હેતુએ મારે પુદ્ગલ પદાર્થ પરમમત્વભાવ રાખવાથી શું લાભ ? તેથી મારા શરીર સહિત સર્વપુદ્ગલ પદાર્થોને હું વાસિરાવું છું. સંક્ષેપમાં જૈન શાસનનું આ રહસ્ય જણાવી દીધું. ॥૬૨॥ હવે મરણાવસરે કરવામાં આવતી ભાવના બતાવે છે.

## ભાવના

**लद्धं अलद्धंपुव्वं जिणवयणसुभासिअं अभयभूअं ।**
**गहिओ सग्गइमग्गो नाहं मरणस्स बीहेमि ॥६३॥**

જિનેશ્વર ભગવંતના આગમમાં બતાવેલ અમૃત સમાન અને પૂર્વે કદી ન પામેલ એવું આત્મતત્ત્વજ્ઞાન હું પામ્યો અને મોક્ષ ગતિનો જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ માર્ગ પણ ગ્રહણ કર્યો; તો હવે હું મરણથી જરા પણ બીતો નથી. ॥૬૩॥ વધારાની ચિંતવવા યોગ્ય ભાવના બતાવે છે.

## ધીરપણું વિચારવું

**धीरेणवि मरिअव्वं काउरिसेणवि अवस्स मरियव्वं ।**
**दुण्हं पि हु मरियव्वं वरं खु धीरत्तेणे मरिउं ॥६४॥**

ધીર અને કાયર એ બંન્નેને મરવું તો પડે જ છે; પરંતુ ધીરપણે મરતાં ફરી ફરી વધારે વખત જન્મમરણ કરવાં પડતાં નથી. જ્યારે કાયરપણે મરતાં ફરી ફરી અંનત જન્મમરણ કરવાં પડે છે. આમ ધીરજથી મરવામાં લાભ અને કાયરપણે મરવામાં ગેરલાભ સમજી નિશ્ચયથી ધીરજથી મરવું એ જ ઉત્તમ ઉપાય છે. ધીરપણે મરતાં તે જન્મમાં કરેલ ધાર્મિક કાર્યો પણ સફળ થાય છે. ॥૬૪॥ મરણની અનેક પીડા છતાં સ્વીકારેલ શીલવ્રતોને જરાપણ દૂષણ ન લાગે તેમ વર્તવું એમ દર્શાવે છે.

## શીલપણું

**सीलेणवि मरियव्वं निस्सीलेणवि अवस्स मरियव्वं ।**
**दुण्हंपि हु मरियव्वे वरं खु शीलत्तणे मरिउं ॥६५॥**

શીલવાન અને નિઃશીલવાન એ દરેકને મરવાનું તો

છે જ; પરંતુ શીલ સહિત મરનારને જન્મમરણનાં અનંત દુઃખ નાશ પામે છે, જ્યારે નિઃશીલ મરનારને અનંત જન્મ મરણનાં દુઃખ સહેવા પડે છે એમ સમજી જે જે બ્રહ્મચર્ય આદિ વ્રત લીધાં હોય તેમાં દોષ ન લગાડતાં શીલસહિત મરવું એ ઉત્તમ છે ॥૬૫॥ ઉપરોક્ત ઉપદેશથી અનશન કરનાર મુનિ સ્વસ્વરૂપમાં સ્થિર થતાં ચાર ગાથા વડે સમાધિમરણનો તેને ગુરૂ ઉપદેશ કરે છે.

## જ્ઞાન આદિ સંસારથી મુકાવનાર

**नाणस्स दंसणस्स य सम्मत्तस्स य चरित्तजुत्तस्स ।**
**जो काही उवओगं संसारा ' सो ' विमुच्चिहिसि ॥६६॥**

જે જીવ મરણ અવસરે સાવધાન રહી આ જન્મે જે જ્ઞાન મેળવ્યું તેમાં, આ જન્મે જે દર્શન વિશુદ્ધ કર્યું તેમાં; પાંચ સમિતિ, ત્રણગુપ્તિ, એ આઠ પ્રવચન માતારૂપ વ્યવહારિક ચારિત્ર પાલનમાં, નિજગુણમાં સમતા–સ્થિરતા રૂપ નૈશ્ચિયિક ચારિત્રમાં ઉપયોગ રાખે છે અને તેમાં જરા પણ દૂષણ લાગવા દેતાં નથી તે પ્રાણી સંસારના દુઃખોથી જલ્દી મૂકાશે. ॥૬૬॥

## અંતે સિદ્ધિ

**चिरउसियबंभयारी पप्फोडेउण सेसयं कम्मं ।**
**अणुप्पुव्वीइ विसुद्धो गच्छइ सिद्धिं धुयकिलेसो ॥६७॥**

લાંબા કાળ સુધી બ્રહ્મચર્યનું સેવન જેણે કર્યું છે એવો પ્રાણી બ્રહ્મચર્યના સેવનથી ખપાવેલા કર્મથી બાકી

રહેલાં ઘાતી કર્મનો ક્ષય કરી અનુક્રમે અતિ વિશુદ્ધિવાળો થયો છતો ભવોપગ્રાહી કર્મથી થતા કલેશનો પણ જેણે નાશ કર્યો છે એહવો થઇ સિદ્ધિગતિમાં જાય છે. ॥૬૭॥

## રૂડું પચ્ચક્ખાણ કોનું ?

**निक्कसायस्स दंतस्स सूरस्स ववसाइणो ।**
**संसारपरिमीअस्स पच्चक्खाणं सुहं भवे ॥६८॥**

જે કષાયરહિત છે, પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને જિતનાર, છે આત્માનું વીર્ય પ્રકટાવવામાં શૂરવીર છે, આત્માએ કરી પ્રવૃત્તિમાં ઉદ્યમવંત છે, પ્રમાદવશ નથી, જે સંસારમાં થતાં પાપથી તેમજ જન્મમરણથી ભયભ્રાંત છે એ પ્રમાણેનું ઉપયોગવાળા પુરુષનું પચ્ચક્ખાણ રૂડું છે. ॥૬૮॥

## શાશ્વતસ્થાનપ્રાપ્તિ

**एअं पच्चक्खाणं जो साही मरणदेसकालंमि ।**
**धीरो अमूढ सन्नो जो गच्छइ सासयं ठाणं ॥६९॥**

ઉપર વિસ્તારથી બતાવેલા પચ્ચક્ખાણ જે જીવ મરણ અવસરે ધૈર્યતાથી અને મૂંઝવણ અનુભવ્યા વિના કરશે તે ઉત્તમ સ્થાન એવા મોક્ષને પામશે. ॥૬૯॥ આ ઉપર પચ્ચક્ખાણના અંત્ય મંગલની ગાથા શાસ્ત્રકાર કહે છે.

## સર્વ દુઃખના ક્ષયની પ્રાર્થના

**धीरो जरमरण विउ वीरो विन्नाणनाणसंपन्नो ।**
**लोगस्सुज्जोयगरो दिसउ खयं सव्वदुक्खाणं ॥७०॥**

ત્રણ જ્ઞાનસહિત જન્મ ધારણ કરી તે ત્રણ જ્ઞાનરૂપ બુદ્ધિથી સુશોભિત અને જન્મ જરા અને મરણના સ્વરૂપને તેમજ જન્મમરણના નાશના ઉપાયને જાણનાર એવા ભવ્ય પ્રાણીઓને મોક્ષના સાધનોની બુદ્ધિ આપનાર એવો ધીર (પાઠાંતરે વીર શબ્દથી ભગવાન **મહાવીર** અને બીજા અર્થમાં આ પયન્નાના રચનાર **વીર**ભદ્ર એ પોતાનું નામ દર્શાવ્યું) તેમજ કેવળજ્ઞાન વિજ્ઞાન અને કેવળ દર્શનરૂપ જ્ઞાન ગુણવાળા એવા પોતાના પાંચે કલ્યાણક પ્રસંગોમાં દ્રવ્ય પ્રકાશથી લોકમાં ઉદ્યોતના કરનાર, કેવળ જ્ઞાન પ્રાપ્તિ પછી જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય એ પંચાસ્તિકાય રૂપ લોકના સાચા સ્વરૂપને બતાવનાર એવા જિનેશ્વર ભગવંત સર્વ દુઃખનો ક્ષય કરો. ॥૭૦॥

ઇતિ શ્રીવીરભદ્રાચાર્યકૃત શ્રીભક્તપરિજ્ઞા પ્રકીર્ણક
સમાપ્ત

: ૪ :

## પાંચમો સાથી

*

### રોજનું રાત્રિક કૃત્ય

### संथारापोरिसी

**निसिहि निसिहि निसिहि, नमो खमासमणाणं गोयमाईणं महामुणीणं ॥**

નિષેધ-નિષેધ-નિષેધ

ગૌતમાદિ મહા ક્ષમાશ્રમણ મુનિઓને નમસ્કાર હો.

**अणु जाणह जिट्ठिजा अणुजाणह परमगुरु ! ।**
**गुरूगुणरयणेहिं मंडियसरीरा !**
**बहुपडिपुन्ना पोरिसि, राईय संथारए ठामि ॥१॥**

હે જયેષ્ઠ આર્યો ! અનુજ્ઞા આપો.

હે મોટા ગુણોરૂપી રત્નો વડે શોભાયમાન શરીરવાળા પરમ ગુરુઓ ! અનુજ્ઞા આપો. પૌરુષી બહુ પ્રકારે પૂરી થયેલ છે.

રાત્રિ સંબંધી સંથારામાં સ્થિર થાઉં. ॥૧॥

**अणुजाणह संथारं बाहुवहाणेण वामपासेणं ।**
**कुक्कुडि पायपसारणअतरंत पमज्जए भूमिं ॥२॥**

હાથને ઓશીકે-ડાબે પડખે, કુકુડીની માફક પગ ઉંચા પસારીને સુઇ ન શકાય, તો ભૂમિ પ્રમાર્જીને સંથારો પાથરી સૂવાની અનુજ્ઞા આપો. ॥૨॥

**संकोइअसंडासा उव्वट्टंते अ कायपडिलेहा ।**
**दव्वाईउवओगं, ऊसासिनरुंभणा लोए ॥३॥**

સંદંશક સ્થાનો સંકોચવાં, પડખું ફરતાં શરીર પડિલેહવું, (જાગતાં) દ્રવ્યાદિનો વિચાર કરવો, શ્વાસ રોકવો, અને (બારણા સામે) પ્રકાશ તરફ જોવું. ॥૩॥

**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ।**
**आहारमुवहिदेहं सव्वं तिविहेण वोसिरिअं ॥४॥**

આ રાતમાં આ દેહ સંબંધી મારો પ્રમાદ થાય તો આહાર ઉપધિ અને શરીર એ સર્વનો ત્રણ પ્રકારે ત્યાગ કરું છું. ॥૪॥

**चत्तारि मंगलं, अरिहंता मंगलं, सिद्धा मंगलं,**
**साहु मंगलं, केवलिपन्नत्तो धम्मो मंगलं ॥५॥**

અરિહંત ભગવંતો મંગળરૂપ છે. સિદ્ધ ભગવંતો મંગળરૂપ છે, સાધુ ભગવંતો મંગળ રૂપ છે, અને કેવલી-ભગવંતોએ ઉપદેશેલો ધર્મ મંગળ રૂપ છે, આ ચાર મંગળોને (સ્વીકારુ) છું. ॥૫॥

**चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा,**
**साहु लोगुत्तमा, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो ॥६॥**

અરિહંત ભગવંતો લોકમાં ઉત્તમ છે. સિદ્ધ ભગવંતો લોકમાં ઉત્તમ છે, સાધુ ભગવંતો લોકમાં ઉત્તમ છે, અને કેવલિ ભગવંતોએ ઉપદેશેલો ધર્મ લોકમાં ઉત્તમ છે, એમ ચાર લોકમાં અનન્ય ઉત્તમોને (સ્વીકારૂં) છું. ॥૬॥

**चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरणं पवज्जामि,**
**सिद्धे सरणं पवज्जामि, साहु सरणं पवज्जामि,**
**केवलिपन्नतं धम्मं सरणं पवज्जामि ॥७॥**

અરિહંત ભગવંતોનું શરણ સ્વીકારૂં છું, સિદ્ધ ભગવંતોનું શરણ સ્વીકારૂં છુ, સાધુ ભગવંતોનું શરણ સ્વીકારૂં છું, કેવલિભગવંતોએ ઉપદેશેલા ધર્મનું શરણ સ્વીકારૂં છું આવા ચાર શરણો સ્વીકારૂ છું. ।૭।

**पाणाइवायमलियं चोरिक्कं मेहुणं दविणमुच्छं ।**
**कोहं माणं मायं लोभं पिज्जं तहा दोसं ॥८॥**
**कलहं अब्भक्खाणं पेसुन्नं रइअरइसमाउत्तं ।**
**परपरिवायं मायामोसं मिच्छत्तसल्लं च ॥९॥**
**वोसिरिसु इम्माइं मुक्खमग्गसंसग्गविग्घभूआइं ।**
**दुग्गइनिबंधणाई, अट्ठारस पावठाणाइं ॥१०॥**

પ્રાણાતિપાત, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ. ॥૮॥

કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અને અરતિ પરનિંદા, માયા–મૃષાવાદ, અને મિથ્યાત્વ શલ્ય. ॥૯॥

મોક્ષ માર્ગના સંજોગોમાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણભૂત આ અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરૂં છું ।।૧૦।।

**एगोऽहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सई ।**
**एवं अदीणमणसो, अप्पाणमणुसासई ।।११।।**

**एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिराभावा, सव्वे संजोगलक्खणा ।।१२।।**

**संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।**
**तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरिअं ।।१३।।**

હું એકજ છું, મારૂં કોઈ નથી, હું પણ કોઇનો નથી.

એ પ્રકારે દીનતા વિના-ઉત્સાહવાળા મનવાળા થઇને આત્માને સમજાવવો ।।૧૧।।

જ્ઞાન દર્શન યુક્ત મારો આત્મા શાશ્વત અને એકલો જ છે. તે સિવાયના માત્ર સંજોગોથી ઉત્પન્ન થયેલા, મારા ગણાતા સર્વ ભાવો-સંબંધો-પદાર્થો વગેરે બાહ્ય છે. ।।૧૨।।

બાહ્યભાવોથી સંજોગોથી ઉત્પન્ન થયેલા ઉપરા ઉપરી દુઃખોને જીવ પામ્યો છે, માટે મન-વચન-કાયાથી સર્વ સંજોગસંબંધનો ત્યાગ કરું છું. ।।૧૩।।

**अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।**
**जिणपन्नत्तं तत्तं, इय सम्मत्तं मए गहिअं ।।१४।।**

અરિહંત ભગવંત મારા દેવ છે, ઉત્તમ સાધુઓ મારા ગુરુઓ છે, અને જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલું તત્ત્વ

છે. એ પ્રમાણે સમ્યક્ત્વ મેં યાવત્ જીવ સુધી સ્વીકાર્યું છે. ॥૪૧॥

**खमिअ खमाविअ मई खमिअ, सव्वह जीवनिकाय ।**
**सिद्धह साख आलोयणह, मुज्जह वइर न भाव ॥१५॥**

ક્ષમા આપવી અને ક્ષમા માંગવી:-

૧ સર્વ જીવનિકાય મારા ઉપર ક્ષમા કરો.

૨ અને સિદ્ધ ભગવંતોની સાક્ષીએ હું મારા અપરાધો જાહેર કરૂં છું અને મારે કોઇનીયે સાથે વૈરભાવ નથી. ॥૧૫॥

**सव्वे जीवा कम्मवस, चउदह राज भमंत ।**
**ते मे सव्व खमाविआ, मुज्झवि तेह खमंत ॥१६॥**

કર્મને વશ થઇને સર્વ જીવો ચૌદ રાજ્જુ લોકમાં રખડે છે તે સર્વને હું ક્ષમા આપું છું અને તેઓ પણ મારા ઉપર ક્ષમા કરે. ॥૧૬॥

**जं जं मणेण बद्धं, जं जं वाएण भासिअं पावं ।**
**जं जं काएण कयं, मिच्छामि दुक्कडं तस्स ॥१७॥**

મેં જે જે પાપ કર્મ મનવડે બાંધ્યું હોય, વચને ઉચ્ચાર્યું હોય અને કાયાએ કરીને કર્યું હોય તે સર્વ સંબંધી મારું દુષ્કૃત્ય-મિથ્યા હો. ॥૧૭॥

* —રોજનું રાત્રિક કૃત્ય ૫

## છટ્ઠો સાથી

(શ્રીવીતરાગ-મહાદેવ સ્તોત્ર પ્રકાશ ૧૭)

**स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।**
**नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥१॥**

હેનાથ! કરેલાં દુષ્કૃત્યોની ગર્હા કરતો અને કરેલાં સુકૃત્યની અનુમોદના કરતો, અન્યના શરણથી રહિત એવો હું આપના ચરણોના શરણને અંગીકાર કરું છું ॥૧॥

**मनोवाकायजे पापे, कृतानुमतिकारतैः ।**
**मिथ्या मे दुष्कृतं भूयादपुनः क्रिययान्वितम् ॥२॥**

હે ભગવન્! કરવા, કરાવવા અને અનુમોદવા વડે મનવચનકાયાથી થએલા પાપને વિષે જે દુષ્કૃત લાગ્યું હોય, તે આપના પ્રભાવવડે ફરી વાર નહીં કરવાની પ્રતિજ્ઞા પૂર્વક તે દુષ્કૃત્ય મિથ્યા થાઓ ॥૨॥

**यत्कृतं सुकृतं किंचिद्रत्नत्रितयगोचरम् ।**
**तत्सर्वमनुमन्येऽहं मार्गमात्रानुसार्यपि ॥३॥**

હે નાથ રત્નત્રયીના માર્ગને માત્ર અનુસરવાવાળું એવું જે કોઈ સુકૃત મેં કર્યું હોય તે સર્વની હું અનુમોદના કરું છું. ॥૩॥

**सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।**
**अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥४॥**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને વિષે જે જે અરિહંતપણુ, સિદ્ધપણું, પંચાચાર પાલવામાં પ્રવીણપણુ, સૂત્રોનું ઉપદેશપણુ અને રત્નત્રયીનું સાધકપણુ વગેરે જે જે ગુણો છે તે તે ગુણોની હું અનુમોદના કરું છું ॥૪॥

**त्वां त्वत्फलभूतान् सिद्धान् त्वच्छासनरतान् मुनीन् ।**
**त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥५॥**

હે ભગવન્! ભાવ અરિહંત એવા આપનું, આપના ફળભૂત ( અરિહંતોનું ફળ સિદ્ધ છે) સર્વ કર્મથી મુક્ત થયેલા અને લોકના અગ્ર ભાગ ઉપર રહેલા સિદ્ધ–ભગવંતોનું, આપના શાસનમાં રક્ત થએલા મુનિવરોનું અને આપના શાસનનું શરણ મેં ભાવથી સ્વીકાર્યું છે. ॥૫॥

**क्षमयामि सर्वान्सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।**
**मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥६॥**

હે નાથ! સર્વ પ્રાણીઓને હું ખમાવું છું–ક્ષમા આપું છું. સર્વપ્રાણીઓ મને ખમાવો–મારા ઉપરના ક્લેષને

તજીને ક્ષમા આપો. આપના જ એક શરણને પ્રાપ્ત થએલા મને તે સર્વને વિષે મૈત્રી–મિત્રભાવ–હેતુબુદ્ધિ હો. ॥૬॥

**एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कास्यचित् ।**
**त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ॥७॥**

હે નાથ! હું એકલો છું, મારૂં કોઇ નથી અને હું પણ કોઇનો નથી; છતાં પણ આપના ચરણના શરણમાં રહેલાને કોઈ પણ દીનતા નથી ॥૭॥

**यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।**
**तावन्मयि शरण्यत्वं, मा मुञ्चः शरणं श्रिते ॥८॥**

હે વિશ્વવત્સલ! આપના પ્રભાવથી મળનારી ઉત્કૃષ્ટ પદવી–મુક્તિ સ્થાન, મને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપના શરણે આવેલા મારા ઉપર શરણ્યપણાને–શરણને ઉચિત પાલકપણાને મુકશો નહિ ॥૮॥

ઇતિ પ્રકાશ ૧૭

## સાતમો સાથી

*

## પાપપ્રતિઘાત અને ગુણબીજ આધાન સૂત્રના અર્થ

વીતરાગ, સર્વજ્ઞ, સુરેન્દ્રપૂજિત, યથાસ્થિત વસ્તુતત્વ-વાદી, અને ત્રૈલોકય ગુરૂ એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !

તેઓ એમ આખ્યાન કરે છે કે નિશ્ચે આ લોકમાં જીવો અનાદિ કાળથી છે અનાદિ કર્મના સંયોગથી જન્મ, જરા, મરણ, રોગ, શોક, દુઃખરૂપ, દુઃખ ફળવાળો અને દુઃખની પરંપરાવાળો અનાદિ સંસાર છે.

એ અનાદિ સંસારભ્રમણનો અંત શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આગમોક્ત ધર્મનું વિધિપૂર્વક સેવન કરવાથી થાય છે. તે શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ મિથ્યાત્વમોહનીય પ્રમુખ પાપ કર્મનો વિનાશ, તથાવિધ ભવ્યત્વ (સ્વભાવ) કાળ, નિયતિ (ભાવીભાવ), પૂર્વકૃત કર્મ ને પુરૂષાતન (ઉદ્યમ) વડે થવા પામે છે.

તથાવિધ ભવ્યત્વ પરિપાકના સાધન અરિહંતાદિક ચાર શરણ, દુષ્કૃત નિંદા, ગર્હા અને સુકૃતકરણોનું અનુમોદન કરવારૂપ કહ્યાં છે.

તેથી મોક્ષાર્થી જનોએ સદા સુપ્રણિધાન સંક્લેશ સમયે વારંવાર અને અસંક્લેશ સમયે સામાન્ય રીતે ત્રિકાળ કર્યા કરવું.

## ચાર શરણ

પરમ ત્રિલોકનાથ, પ્રધાન પુણ્યના ભંડાર, રાગ–દ્વેષ–મોહથી સર્વથા રહિત, અચિન્ત્ય ચિંતામણિરૂપ, ભવસાગરમાં પોત સમાન અને એકાન્ત શરણ કરવા યોગ્ય એવા અરિહંત ભગવંતોનું મ્હારે જીવિત પર્યંત શરણ હો.

જન્મ, જરા, મરણથી મુક્ત, અજરામર, કર્મકંલક-રહિત, સર્વ પ્રકારની પીડારહિત, કેવળજ્ઞાનદર્શનયુક્ત, શિવપુરનિવાસી, નિરૂપમસુખસંયુક્ત, અને સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધોનું મને શરણ હો.

પ્રશાન્ત, ગંભીર આશયવંત, સાવદ્ય (પાપ) વ્યાપારથી વિરમેલા, પંચ પ્રકારના આચારમાં કુશળ, પરોપકારમાં રક્ત (ઉજમાળ), પદ્મકમળ જેવા નિર્લેપ, શરદ જળ જેવા સ્વચ્છ હૃદયવાળા, જ્ઞાનધ્યાનમાં વિશુદ્ધ પરિણામવાળા સંત સાધુઓનું મને શરણ હો.

સુર અસુર અને મનુષ્યોવડે પૂજિત, મોહ અંધકારને ટાળવા સૂર્ય સમાન, રાગ–દ્વેષરૂપ વિષને ટાળવા પરમ મંત્ર સમાન, સમસ્ત કલ્યાણના હેતરૂપ, કર્મવનને બાળવા અગ્નિ સમાન, અને પરમ મોક્ષરૂપ સિદ્ધિ સાધક સર્વજ્ઞપ્રણિત ધર્મનું મને જાવજ્જીવ શરણ હો.

## પાપ ગર્હા-નિંદા

ઉક્ત ચારે શરણો આદરી હું દુષ્કૃત્ય(પાપ)ની નિંદા-ગર્હા કરૂં છું અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, સાધ્વીઓ કે બીજાં અનેરાં પૂજનીય ગુણાધિક આત્માઓ વિષે તથા માતા, પિતા, બંધુઓ, મિત્રો કે ઉપકારીજનો વિષે, અથવા ઓઘે (સામન્યતઃ) સમકિત-આદિયુક્ત કે તેથી રહિત જીવો વિષે, પુસ્તકો વિગેરે કે ખડ્ગાદિક વિષે મેં જે જે કાંઈ વિપરીત અવિધિ ભોગાદિકવડે નહિં આચરવા યોગ્ય, નહિ ઈચ્છવા યોગ્ય પાપાનુબંધી પાપ-સૂક્ષ્મ કે સ્થૂળ મન વચન કે કાયાવડે, રાગ, દ્વેષ કે મોહ વડે, આ જન્મ કે અન્ય જન્મોમાં કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તે દુષ્કૃત્ય કલ્યાણમિત્ર ગુરૂદેવના વચનથી નિંદા-ગર્હા યોગ્ય અને છંડવા યોગ્ય જાણ્યું. શ્રદ્ધાવડે એ વાત મને ગમી એટલે અરિહંત, સિદ્ધની સમક્ષ એ છંડવા યોગ્ય દુષ્કૃત્યને નિંદુ-ગર્હું છું. એ સંબંધે કરેલું પાપ મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, અર્થાત મારા પાપ નિવેદન કરી તેની માફી માગું છું.

## પુણ્ય અનુમોદના

ઉક્ત પાપની આલોચના મારે ભાવરૂપ થાઓ! ફરી તેવાં ફરી પાપ ન થવા પામે એમ બનો! એ બન્ને વાત બહુ પસંદ પડી છે; તેથી અરિહંત ભગવંતો તથા કલ્યાણમિત્ર એવા ગુરૂ મહારાજની હિતશિક્ષાને ઈચ્છું.

મને એમની જોડે ઉચિત યોગરૂપ સમાગમ થાઓ!

મને એવી રૂડી પ્રાર્થના કરવાનું પ્રાપ્ત થાઓ ! એ પ્રાર્થના કરતાં મને પ્રેમ જાગો ! અને એ પ્રાર્થનાથી મને મોક્ષબીજ (કલ્યાણકારક સફલ સાધનમાર્ગ) પ્રાપ્ત થાઓ.

અરિહંતાદિકનો સુયોગ પ્રાપ્ત થયે છતે હું તેમની સેવા કરવા લાયક થાઉં આજ્ઞા પાળવા લાયક થાઉં, ભક્તિયુક્ત થાઉં અને દોષરહિત તેમની આજ્ઞાનો પારગામી થાઉં અર્થાત તેમની આજ્ઞાને યથાર્થ રીતે પાળી પાર ઉતારી શકું.

મુમુક્ષુ-કેવળ મોક્ષાર્થી છતો; શક્તિને ગોપવ્યા (છૂપાવ્યા) વગર સુકૃત્યને હું સેવું. સર્વ અરિહંતો સંબંધી અનુષ્ઠાન-ધર્મ દેશનાદિકને અનુમોદું છું, તેમજ સર્વ સિદ્ધોના સિદ્ધભાવને, સર્વ આચાર્યોના આચારને, સર્વ ઉપાધ્યાયોના સૂત્રપદાનને, સર્વ સાધુજનોની સાધુક્રિયાને, સર્વ શ્રાવકોના મોક્ષ સાધન યોગોને તેમજ ઇન્દ્રાદિક સર્વ દેવોના અને નિકટભવી એવા શ્રદ્ધાશયવાળા સર્વ જીવોના માર્ગસાધનયોગો(માર્ગાનુસારીપણા)ને હું અનુમોદું છું-પ્રશસું છું.

ઉક્ત સુકૃત-અનુમોદના મારે સમ્યગ્ વિધિપૂર્વક (સૂત્રાનુસારે), ખરા શુદ્ધ આશયવાળી આચરણરૂપે યથાર્થ પાલન કરવારૂપ તેનો યથાર્થ નિર્વાહ કરવાવડે નિરતિચાર ભાવે પરમ ગુણયુક્ત અરિહંતાદિકના પ્રભાવથી હો ! કેમકે અચિન્ત્ય શક્તિવાળા તે ભગવંતો વીતરાગ, સર્વજ્ઞ, પરમ કલ્યાણરૂપ હોઇ ભવ્યજનોને પરમકલ્યાણના હેતુભૂત થાય

છે. મૂઢ પાપી, અનાદિ મોહવાસિત, વસ્તુતઃ હિતાહિતનો અજાણ એવો હું હિતાહિતને સમજતો થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં, હિતમાર્ગમાં પ્રવૃત્ત થાઉં અને સર્વ સત્વ-પ્રાણીવર્ગ સંબંધી સેવા વડે આરાધક થાઉં. (સ્વહિતરૂપ) સુકૃત(અનુમોદના)ને અંતઃકરણથી ઇચ્છું છું-ઇચ્છું છું-ઇચ્છું છું.

આ રીતે આ સૂત્રને ખૂબ વૈરાગ્યપૂર્વક, ભણનાર, સાંભળનાર અને ચિંતવનારના અશુભ કર્મના અનુબંધ ઢીલા પડે છે, ઓછા થાય છે ને ક્ષીણ થાય છે. અથવા ઉક્તસૂત્રના અભ્યાસજનિત શુભ પરિણામવડે બાકી રહેલા અશુભકર્મ અનુબંધ રહિત ફળપરંપરા આશ્રીને સામર્થ્ય(સત્વ)વગરના થઈ જાય છે. મંત્ર સામર્થ્યવડે વિષની પેરે અલ્પ વિપાકવાળા, સુખે ટાળી શકાય એવા અને ફરી પાછા ન બંધાય એવા થવા પામે છે.

શુભકર્મના અનુબંધ સ્હેજે એકઠા થવા પામે છે, ભાવની વૃદ્ધિવડે ખૂબ યાને સંપૂર્ણ થવા પામે છે; તથા પ્રધાન, શુભ ભાવાર્જિત, નિશ્ચય ફળદાયી સાનુબંધ શુભકર્મ, સારી રીતે પ્રયોજેલા મહા વૈદ્યની પેઠે એકાંત કલ્યાણકારી, શુભપ્રવર્ત્તક અને પરંપરાએ પરમસુખ, મોક્ષસાધક થાય છે. આ કારણથી પ્રતિબંધરહિત, નિયાણારહિત, અશુભ ભાવના નિરોધવડે શુભ ભાવનાના બીજરૂપ જાણીને આ સૂત્રને પ્રશાન્ત આત્માએ રૂડી એકાગ્રતા-સ્થિરતાથી સારી

રીતે ભણવું, વ્યાખ્યાન વિધિવડે સાંભળવું અને તેના અર્થ-રહસ્યનું ચિંતવન કરવું.

દેવર્ષિવંદિત પરમગુરૂ વીતરાગ પરમાત્માઓને નમસ્કાર હો ! તેમજ શેષ નમસ્કાર કરવા યોગ્ય ગુણાધિક આચાર્યાદિક પ્રત્યે નમસ્કાર હો ! સર્વજ્ઞશાસન જયવંતુ વર્તો ! પરમ સંબોધિ–વરબોધિના લાભવડે મિથ્યાત્વ દોષની નિર્વૃત્તિયોગે પ્રાણીઓ સુખી થાઓ; સુખી થાઓ, સુખી થાઓ !

ઇતિ પંચસૂત્રગત પાપપ્રતિઘાત ગુણબીજાધાન સૂત્રના સંક્ષિપ્ત અર્થ સમાપ્ત

: ૭ :

## આઠમો સાથી

*

## ચતુર્ગતિ જીવ ક્ષામણાકુલકના અર્થ

નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ, ચાર ગતિ (જન્મ-મરણ રૂપ) ભવચક્ર તેમાં ભટકતાં મેં મોહના વશથી જે કોઈ જીવને દુઃખ દીધું હોય તેને હું મન-વચન-કાયાયે કરી ખમાવું છું. ॥૧॥

સાતે નારકીની પૃથ્વીમાં નારકીપણે ઉત્પન્ન થઇને મેં નારકીના ભવમાં કોઇ પણ નારકી જીવને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું ॥૨॥

વળી નારકીના ભવમાં મેં કર્મના વશથી નારકીના જીવોને પરસ્પર મસળવું, ચૂરવું, ફેંકવું, મારવું આદિથી દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ॥૩॥

નિર્દય પરમાધામીના રૂપને ધારણ કરનાર (પરમાધામીના ભવમાં) મૂઢ અજ્ઞ મારા જીવે નારકીના જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું ॥૪॥

હા ! હા !! પરમાધામીના ભવમાં મૂઢતાના કારણે જીવે ક્રીડાનિમિત્તે કરવત, તરવાર, ભાલાદિથી છેદન, ભેદન,

તાડન, મારણ, યંત્રપીલન, વૈતરણીતારણ, કુંભીપાચન રૂપ ઘણાં દુઃખ નારકી જીવોને દીધાં તે દુઃખોને હું જાણતો નથી. ॥૫॥

પરમાધામીના ભવમાં તામસભાવમાં પ્રાપ્ત થયેલા મેં જે કાંઇ નારકી જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું મન વચન કાયાએ કરી ખમાવું છું. ॥૬॥

તિર્યંચને વિષે ક્ષારાદિ પૃથ્વી, અપૂ, તેઉ, વાઉ, પ્રત્યેક, સાધારણ વનસ્પતિકાયનાં ભવોમાં મેં સ્વ-અન્ય અને પરસ્પર શસ્ત્રથી પૃથ્વીકાયાદિક જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ॥૭॥

શંખ પ્રમુખ બેઇંદ્રિય, જુ પ્રમુખ તેઇંદ્રિય, માખી પ્રમુખ ચૌરિંદ્રિયના ભવોમાં મેં જે જીવોને ભક્ષણ અને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ॥૮॥

ગર્ભજ, સંમૂર્ચ્છિમ જલચર પંચેંદ્રિયના ભવોમાં મચ્છ, કાચબા, સુસુમાર આદિ અનેક રૂપને ધારણ કરનાર મેં આહારને માટે જીવોનો વિનાશ કર્યો હોય તેને હું ખમાવું છું ॥૯॥

વળી જલચરના ભવોમાં ગયેલ મેં ઘણા પ્રકારના જીવોને દેખીને છેદનભેદન કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૧૦॥

ગર્ભજ સંમૂર્ચ્છિમ સર્પ પ્રમુખ, ઉરપરિસર્પ ઘો વાનર પ્રમુખ, ભુજપરિસર્પ, કુતરા બિલાડા પ્રમુખ થલચર પંચેંદ્રિય

તિર્યંચના ભવોમાં મેં જે જીવો છિન્નભિન્ન કરી દુઃખી કીધાં અને ખાધાં તેને પણ હું ખમાવું છું. ॥૧૧॥

જીવઘાતકાદિ અશુભકર્મથી શાર્દુલસિંહ, સંડક, વાઘ, ચિત્તા, ગેંડા, રીંછ આદિ હિંસક શ્વાપદ જાતિમાં ઉત્પન્ન થએલ મારા જીવે જે જીવોને છિન્નભિન્ન વિનાશ કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૧૨॥

હોલા, ગૃદ્ધ, કૂકડા, હંસ, બગલા, સારસ, કાગડા, બાજ, કબરી, ચકલાદિ, સમૂર્છિમ, ગર્ભજ ખેચર, પંચેંદ્રિય, ભવોને વિષે, મેં ભૂખને વશ થઈ કરમિયા પ્રમુખ જીવોને ભક્ષણ કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૧૩॥

મનુષ્યના ભવોમાં રસનેંદ્રિયલંપટ મૂઢ પારધીની ક્રીડા (શિકાર)ને કરનારા મેં જે જીવોનો નાશ કીધો તેને પણ હું ખમાવું છું. ॥૧૪॥

વળી સ્પર્શેંદ્રિયમાં લંપટ થએલા મેં કન્યા, સધવા, વિધવા રૂપ પરસ્ત્રી અને વેશ્યાદિકને વિષે ગમન કરવાથી જે જીવોને દુઃખી અને વિનાશ કીધો હોય તેને પણ હું ખમાવું છું. ॥૧૫॥

વળી ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેંદ્રિય, શ્રોત્રેંદ્રિયના વશમાં પડેલા મેં જે જીવોને દુઃખને વિષે પાડયા તેને પણ હું ખમાવું છું. ॥૧૬॥

વળી મારે જીવે માનભંગથી, ક્રોધના વશથી આક્રમણ (દબાણ) કરીને જે જીવોને મારી આજ્ઞા મનાવી તેને પણ હું ખમાવું છું. ॥૧૭॥

સ્વામી( રાજ્યાદિ અધિકારી )પણું પામીને મેં અપરાધી નિરપરાધી જીવોને બાંધ્યા, ઘાયલ કર્યા, માર્યા તેને પણ હું ખમાવું છું. ॥૧૮॥

દુષ્ટ એવા મેં ક્રોધથી અથવા લોભથી કોઈ પણ મનુષ્યને કુડું કલક દીધું હોય તેને પણ ખમાવું છું. ॥૧૯॥

હમણાં ઈર્ષાભાવમાં પ્રાપ્ત થએલા મેં કોઈ પણ જીવ સાથે પરપરિવાદાદિ કીધાં હોય, કોઇની ચુગલી કીધી હોય તેને પણ હું ખમાવું છું. ॥૨૦॥

અનેક મ્લેચ્છ જાતિઓમાં રૌદ્ર અને ક્ષુદ્ર સ્વભાવવાળા મેં જ્યાં ધર્મ એ શબ્દ કાનેથી પણ ન સાંભળ્યો; ॥૨૧॥

વળી પરલોકની પિપાસાવાળા મેં અનેક જીવોના ઘાત કર્યા જેથી હું અનેક જીવોના દુઃખનો હેતુ થયો તેને પણ હું ખમાવું છું. ॥૨૨॥

આર્યદેશમાં પણ કસાઈ, પારધિ, ડુંબ ધીવરાદિ હિંસક જાતિમાં ઉત્પન્ન થએલા મેં જે જીવોનો વિનાશ કર્યો તેને હું ખમાવું છું. ॥૨૩॥

મિથ્યાત્વમોહિત અધિકરણના કારણભૂત મેં ધર્મની બુદ્ધિએ જે જીવોના વધ કરાવ્યા તેને પણ હું ખમાવું છું. ॥૨૪॥

વેલડી આદિ વનને દવાગ્નિ દઇને જે જીવોને મેં બાળ્યાં હોય; દ્રહ, તલાવ આદિ જલસ્થાનને શોષાવીને જે જીવોનો વિનાશ કર્યો તેને, પણ હું ખમાવું છું. ॥૨૫॥

ઉલંઠપણે કર્મભૂમિ અંતરદ્વીપાદિને વિષે જે જીવોનો વિનાશ કર્યો તેને પણ હું ખમાવું છું. ॥૨૬॥

દેવના ભવોને વિષે પણ મેં ક્રીડાના પ્રયોગથી, લોભ-બુદ્ધિથી જે જીવોને દુઃખી કીધાં તેને પણ ત્રિવિધે ખમાવું છું. ॥૨૭॥

ભવનપતિને વિષે તામસભાવમાં વર્તતા નિર્દયપણે હણતા એવા મેં જે જીવોને દુઃખી કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૨૮॥

વ્યંતરના ભવમાં પણ મેં ક્રીડાના પ્રયોગથી જીવોને દુઃખ ઉત્પન્ન કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૨૯॥

જ્યોતિષમાં ગયેલો પણ વિષયમાં મોહિતમૂઢ મેં જે કોઈ જીવને દુઃખી કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૩૦॥

આભિયોગિક દેવમાં પ્રાપ્ત થયેલ પરરિદ્ધિમાં મત્સરવાળા લોભથી પરાભવ પામેલા મોહમાં વશીભૂત મેં જે જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ॥૩૧॥

આ ચાર ગતિમાં ભટકતાં મેં જે કોઈ જીવને પ્રાણથકી મુક્ત કીધાં, દુઃખમાં પાડયાં તે બધાને હું ખમાવું છું. ॥૩૨॥

મેં જે જે અપરાધ કીધાં છે તે તે બધાં અપરાધોને હે જીવો! મધ્યસ્થ થઇને વેરને, ભૂકીને, ખમો અને હું પણ ખમું છું. ॥૩૩॥

આ સંપૂર્ણ જીવલોકમાં મારો કોઈ પણ દોષી નથી;

હું જ્ઞાન-દર્શન સ્વભાવવાળો છું, એક છું, નિત્ય, મમત્વ-ભાવરહિત છું. ॥૩૪॥

મને અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીભાષિત ધર્મ શરણ થાઓ અને શ્રેષ્ઠ પંચપરમેષ્ઠિ મને કર્મક્ષયના કારણભૂત થાઓ. ॥૩૫॥

ચાર ગતિમાં રહેલા જીવોને ભાવશુદ્ધિ અર્થે આ આ ક્ષામણા મારા કર્મક્ષયનું કારણ થાવ. ॥૩૬॥

ઇતિ ક્ષામણાકુલકના અર્થ સમાપ્ત

૮

## નવમો સાથી

*

### પર્યન્ત-આરાધનાના અર્થ

શ્રીગુરૂ મહારાજને નમસ્કાર કરીને શિષ્ય આ પ્રમાણે કહે કે-હે ભગવન્ ! મને સમયને ઉચિત આદેશ કરો (આરાધના કરાવો.) ત્યારે ગુરૂ મહારાજ છેવટની આરાધના આ પ્રમાણે કહે છે. ॥૧॥

### આરાધનાના ૧૦ પ્રકાર

૧ અતિચાર આલોવવો. ૨ વ્રત ઉચ્ચારો. ૩ જીવોને ખમાવો. ૪ આત્માને ભાવીને અઢાર પાપ સ્થાનક વોસિરાવો. ॥૨॥

૫ ચાર શરણ આદરો. ૬ પાપની નિંદા કરો. ૭ સુકૃતની અનુમોદના કરો. ૮ શુભ ભાવના ભાવો. ૯ અનશન કરો અને ૧૦ પંચપરમેષ્ટિનું ધ્યાન કરો. ॥૩॥

### જ્ઞાનાદિ આચાર આલોચના

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તેમજ વીર્ય એ પાંચ પ્રકારના આચારને વિષે લાગેલા અતિચારની આલોયણા કરો. ॥૪॥

૧ કાલ. ૨ વિનય. ૩ બહુમાન. ૪ ઉપધાન. ૫ ગુરૂને ન ઓલવવા. ૬ શુદ્ધ સૂત્ર. ૭ અર્થ શુદ્ધ. ૮ સૂત્ર તથા અર્થ બંન્ને શુદ્ધ એ આઠ પ્રકારના (જ્ઞાનના) આચાર રહિત હુ જે કાંઇ ભણ્યો હોઉં તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. (તે મારૂં પાપ મિથ્યા થાઓ.) ાાપાા

છતી શક્તિએ મેં જ્ઞાનીઓને જે અન્નાદિ ન આપ્યું હોય અને જે મેં તેમની અવજ્ઞા કરી હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ાા૬ાા

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ જ્ઞાનના પાંચ પ્રકારની મેં જે નિંદા કરી હોય, અને વલી તેમની જે હાંસી કરી હોય તથા વલી જે મેં તેમનો ઉપઘાત કર્યો હોય તેનો મિચ્છામિ દુક્કડં હો. ાા૭ાા

જ્ઞાનોપકારણ રૂપ જે કવલી, પાટી, પોથી વગેરેની જે કાંઇ આશાતના મેં કરી હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ાા૮ાા

## દર્શનાચારની આલોચણા

નિઃશંકિત નિકંખિત, નિવિતિગિચ્છા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ પ્રકારના ગુણવાળું, જે સમકિત મેં સમ્યક્ પ્રકારે ન ધારણ કર્યું તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ાા૯ાા

અરિહંતોની તથા જિન પ્રતિમાઓની મેં ભાવનાથી જે પૂજા કરી ન હોય તથા જે અભક્તિ કરી, તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ાા૧૦ાા

ચૈત્યદ્રવ્યનો જે મેં વિનાશ કર્યો હોય અને જે વિનાશ કરતાં બીજા માણસને ઉવેખ્યો હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૧॥

જિનમંદિરની આશાનતા કરતા જે કોઈ માણસને છતી શક્તિએ મેં નિષેધ્યો ન હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૨॥

જે પાંચ સમિતિ વડે અને ત્રણ ગુપ્તિ વડે સહિત એવું ચારિત્ર નિરંતર મેં ન પાલ્યું હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૩॥

## ૨–પ્રાણાતિપાતાદિકની આલોચના

પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ એ (પાંચ પ્રકારના) એકેંદ્રિય જીવોનો મેં કોઇ પણ રીતે વધ કર્યો હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૪॥

કરમીયા, શંખ, છીપ, પોરા, જલો, ગંડોલા, અલસિયાં પ્રમુખ બેઇંદ્રિય જીવોને જે મેં હણ્યા હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૫॥

ગધેયાં, કંથુઆ, જુ, માંકણ, મંકોડી તથા કીડી, વગેરે તેઇંદ્રિય જીવોને જે મેં હણ્યા હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૬॥

કરોલિયા, કુંતી, વિંછી, માંખી, પંતગિયા, તીડ, ભમરા વિગેરે જે ચૌરેંદ્રિય જીવોને મેં હણ્યા હોય તેનો મિચ્છામિ દુક્કડં હો. ॥૧૭॥

જલચર, સ્થલચર, ખેચર વિગેરે જે પંચેંદ્રિ જીવ

૧ નિઃશંકપણે ૨ ઉપયોગ શૂન્યતાથી અને ૩ દર્પ વિગેરેથી મેં હણ્યા હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ॥૧૮॥

જે ક્રોધ, લોભ, ભય અને હાસ્યના પરવશપણાથકી અસત્ય વચન મેં મૂખે ભાખ્યું હોય તેને હું નિંદુ છું અને ગહુઁ છું. ॥૧૯॥

જે કપટવ્યાપારવડે મેં પરને ઠગીને થોડું પણ ધન આપ્યા વિના લીધું હોય તેને હું નિંદુ છું અને ગહુઁ છું. ॥૨૦॥

દેવ સંબંધી અથવા મનુષ્ય સંબંધી અથવા તિર્યંચ સંબંધી સરાગ હ્રદયવડે જે મૈથુન મેં સેવ્યું હોય તેને હું નિંદુ છું અને ગહુઁ છું. ॥૨૧॥

જે ધન, ધાન્ય, સુવર્ણ પ્રમુખ નવવિધ પરિગ્રહ [ધન, ધાન્ન, ક્ષેત્ર, વાસ્તુક, (ઘર, હાટ) સોનું, રૂપું, કુપ્ય (તાંબુ આદિ હલકી ધાતુ) દ્વિપદ, ચતુષ્પદ] ને વિષે જે મમતાભાવ કીધો હોય તે હું નિંદુ છું અને ગહુઁ છું. ॥૨૨॥

રાત્રિભોજન વિરમણાદિ વિવિધ પ્રકારના નિયમોને વિષે મને જે દોષ લાગ્યો હોય તે હું નિંદુ છું અને ગહુઁ છું. ॥૨૩॥

જિનેશ્વર ભગવંતે કહેલા બાહ્ય અને અભ્યંતર મલી બાર પ્રકારના તપને જે યથાશક્તિ ન કર્યા હોય તેને હું નિંદુ છું અને ગહુઁ. છું. ॥૨૪॥

મોક્ષમાર્ગના સાધક યોગોને વિષે મન વચન કાયાએ કરી જે વીર્ય ન ફોરવ્યું હોય તે હું નિંદુ છું અને ગહુઁ છું. ॥૨૫॥

પ્રાણાતિપાતવિરમણ પ્રમુખ બાર વ્રતોને સમ્યક્ પ્રકારે રૂડી રીતે ભાવતા તમે જે ભાંગા વડે લીધા હોય તે ભાંગાએ કહો. ॥૨૬॥

## ૩-સર્વસાથે ખમતખામણાં

તમે કોપ રહિત થઈને સર્વ પ્રાણીમાત્રને ખમાવો અને તેમને તમે ખમો. પૂર્વ(આગલ)નું વૈર ત્યાગ કરીને સર્વ મિત્ર છે એમ ચિંતવો. ॥૨૭॥

## ૪-અઢાર પાપસ્થાનકનો ત્યાગ

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ ચોરી, ૪ મૈથુન, ૫ દ્રવ્યની મૂર્ચ્છા (પરિગ્રહની લાલસા), ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ ૧૦ પ્રેમ (રાગ) તથા, ૧૧ દ્વેષ, ॥૨૮॥

૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન (આલ દેવું), ૧૪ ચાડી, ૧૫ રતિ અરતિ સહિત, ૧૬ પરપરિવાદ (પારકી નિંદા), ૧૭ માયામૃષા અને ૧૮ મિથ્યાત્વશલ્ય. ॥૨૯॥

મોક્ષ માર્ગના વિઘ્નભૂત અને દુર્ગતિના કારણરૂપ અઢાર પાપસ્થાનકોને વોસિરાવું. ॥૩૦॥

## ૫-અરિહંત આદિ ચારનું શરણ

ચોત્રીસ અતિશય યુક્ત, આઠ મહાપ્રાતિહાર્યસહિત અને દેવતાએ રચેલું છે સમવસરણ જેમનું એવા તે અરિહંત ભગવાનો મને શરણ હો. ॥૩૧॥

ચાર પ્રકારના (ક્રોધ, માન, માયા, લોભરૂપ) કષાય જેમણે ત્યાગ કર્યા છે, ચાર મુખવાલા, ચાર પ્રકારની ધર્મકથા કહેનાર અને ચાર ગતિના દુઃખનો નાશ કરનારા અરિહંતો મને શરણ હો. ॥૩૨॥

આઠ કર્મથી મૂકાએલા, પ્રધાન કેવલજ્ઞાને કરી પરમાર્થ જાણનાર અને આઠ મદના સ્થાનરહિત જે અરિહંતો તે મને શરણ હો. ॥૩૩॥

જેઓ સંસારરૂપ ક્ષેત્રમાં ઉપજતા નથી, અને ભાવ શત્રુ( રાગ અને દ્વેષ )ને હણીને અરહિંત થાય છે અને ત્રણ જગતમાં પૂજનીક છે એવા અરિહંતો તે મને શરણ હો. ॥૩૪॥

રૌદ્ર અને દુઃખની લાખો લહેરોથી નહિ ઓલંઘાય એવા સંસારસમુદ્રને તરીને જેઓ સિદ્ધિ સુખ પામ્યા છે તે સિદ્ધો માને શરણ હો. ॥૩૫॥

તપ રૂપી સાધન વડે ગાઢ ( મજબુત ) કર્મરૂપ બેડીને તોડીને મોક્ષ સુખને પામ્યા તે સિદ્ધો મારે શરણ હો. ॥૩૬॥

ધ્યાન રૂપી અગ્નિના યોગથી જેમનો સકલ કર્મરૂપ મેલ બળી ગયો છે અને સોનાની પેઠે જેમનો આત્મા નિર્મળ થયો છે તે સિદ્ધો મારે શરણ હો. ॥૩૭॥

જેમને જન્મ, જરા ( ઘડપણ ), રોગ, મરણ, બાધા (પીડા ) અને ક્રોધાદિક કષાયો નથી તે સિદ્ધો માંરે શરણ હો. ॥૩૮॥

મધુકરી ( ભમરો ફૂલમાંથી થોડો થોડો રસ લે તેની પેઠે ) વૃત્તિ કરીને જે બેંતાલીશ દોષે કરીને શુદ્ધ એવું ભોજન અને પાણી લે છે તે મુનિયો મારે શરણ હો. ॥૩૯॥

પાંચ ઇંદ્રિયોને દમવામાં તત્પર, કંદર્પના દર્પ (કામદેવનો અંહકાર) અને તેના બાણના પ્રસારને જિતનાર અને બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનાર મુનિઓ મારે શરણ હો. ॥૪૦॥

જે પાંચ સમિતિએ સમિતા, પાંચ મહાવ્રતના ભારને ઉપાડવાને વૃષભ સરખા, અને પંચમી ગતિ(મોક્ષ)માં અનુરક્ત છે તે મુનિઓ મારે શરણ હો. ॥૪૧॥

જેમણે સકલ સંગ ત્યાગ કર્યો છે, મણિ અને તરણું, મિત્ર અને શત્રુ એ જેમને સમાન છે, જેઓ ધીર છે અને જેઓ મોક્ષ માર્ગને સાધે છે તે મુનિઓ મારે શરણ હો. ॥૪૨॥

કેવલજ્ઞાને કરીને સૂર્ય સમાન તીર્થંકરોએ કહેલ અને સર્વ જગતના જીવને હિતકારી જે ધર્મ તે મારે શરણ હો. ॥૪૩॥

ક્રોડ કલ્યાણને ઉત્પન્ન કરનારી અને અનર્થના સમૂહને નાશ કરનારી જીવદયા જ્યાં વર્ણન કરાય છે તે ધર્મ મારે શરણ હો. ॥૪૪॥

પાપના ભારથી આક્રાંત થએલા જીવને, ભયંકર કુગતિરૂપ કૂવામાં પડતાં ધારણ કરી રાખે છે (બચાવે છે) તે ધર્મ મારે શરણ હો. ॥૪૫॥

દેવલોક અને મોક્ષરૂપ નગરના માર્ગમાં જાનારા લોકોને સાર્થવાહ સમાન અને ભવરૂપી અટવી ઓલંઘાવવાને સમર્થ તે ધર્મ મારે શરણ હો. ॥૪૬॥

એ પ્રકારે ચાર શરણને અંગીકાર કરનારા અને ભવ રૂપી બંદિખાનાથી ઉદાસીન ચિત્તવાળા મેં, જે કાંઇ

દુષ્કૃત કર્યું હોય તે સર્વ અહિં એમના સમક્ષ નિંદું છું. ॥૪૭॥

## ૬–દુષ્કૃત્યની નિંદા

જે મિથ્યાત્વથી મુંઝાએલા મેં સંસારમાં ભમતાં મન, વચન અને કાયાવડે કુતીર્થ સેવ્યું તે સર્વને અહીં નિંદું છું. ॥૪૮॥

જે જિનધર્મના માર્ગને ઢાંકી દીધો અને જે કુમાર્ગ મેં પ્રગટ કર્યો, વળી પારકાને પાપનું કારણ હું થયો તે સર્વને હું અહિયાં નિંદું છું. ॥૪૯॥

જીવોને દુઃખ કરનારા જે હલ અને ઉખલ (ખાંયણીઓ) વિગેરે યંત્રો મેં કરાવ્યાં, વળી પાપે કરીને કુટુંબને પોષ્યું તે સર્વને અહિંયા હું નિંદું છું. ॥૫૦॥

## ૭–સુકૃત્ અનુમોદના

૧. જિનભવન (દેરાસર). ૨ જિનપ્રતિમા. ૩ પુસ્તક. ૪–૭ચતુર્વિધ સંઘ આદિ સાત ક્ષેત્રોને વિષે જે ધનરૂપી બીજ વાવ્યું હોય તે સુકૃત્‌ને હું અનુમોદું છું. ॥૫૧॥

ભવરૂપી સમુદ્રમાં વહાણ સમાન જે શુદ્ધ જ્ઞાન, દર્શન, અને ચારિત્રને સમ્યક્ પ્રકારે મેં પાલ્યાં હોય તે સુકૃત્‌ને હું અનુમોદું છું. ॥૫૨॥

જિન–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને પ્રવચનને વિષે જે બહુમાન મેં કર્યું હોય તે સુકૃત્‌ને હું અનુમોદું છું. ॥૫૩॥

સામાયિક, ચઉવિસત્થો વગેરે છ પ્રકારના આવશ્યકને વિષે સમ્યક્ પ્રકારે જે ઉદ્યમ કર્યો હોય તે સુકૃતને હું અનુમોદું છું. ।।૫૪।।

## ૮ શુભ ભાવ

લોકને વિષે પૂર્વકૃત પુણ્ય અને પાપ, સુખ અને દુઃખના કારણ છે; પણ બીજો કોઈ પ્રાણી કારણ નથી, એમ જાણીને શુભ ભાવ કર. ।।૫૫।।

પૂર્વે કરેલાં દુષ્ટ કર્મ તેનું જે વેદવું (કર્મોનો નાશ કરવો) તેજ મોક્ષ કહેવાય; પણ તેને નહિ ભોગવતાં કર્મની સત્તા તે મોક્ષ નહિ એમ જાણી શુભ ભાવ કર. ।।૫૬।।

નરકને વિષે નારકીપણે જે અત્યંત તીખાં દુઃખ સહ્યાં તેથી આ દુઃખ કેટલામે હિસ્સે છે એમ જાણીને શુભ ભાવ કર. ।।૫૭।।

કારણ કે ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીલ વગેરે સર્વ પણ કાસના ફૂલની (આ ફૂલને ફળ થતાં નથી) પેઠે નિષ્ફલ છે એમ જાણીને શુભ ભાવ કર. ।।૫૮।।

મેરૂ પર્વતના જેવડા ઢગલાથી પણ વધારે આહાર ઘણી રીતે ભોગવ્યા; તો પણ તે વડે તૃપ્તિ થઈ નહિ, માટે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કર. ।।૫૯।।

જે આહાર જીવોને દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિઓને વિષે સુલભ છે; પણ વિરતિપણું દુર્લભ છે માટે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કર. ।।૬૦।।

છ જીવનિકાયનો વધ કર્યા વિના જે આહાર કોઈ પણ રીતે થતો નથી અને જે ભવભ્રમણરૂપ દુઃખના આધાર રૂપ છે તે માટે ચાર પ્રકારના આહારનો ત્યાગ કર. ॥૬૧॥

જે આહારનો ત્યાગ કર્યે છતે જીવોની હથેલીમાં ઈંદ્રપણું આવે છે અને સિદ્ધિનું સુખ પણ નક્કી સુલભ થાય છે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કર. ॥૬૨॥

## ૧૦ નમસ્કાર મહામંત્ર સ્મરણ

નાના પ્રકારના પાપમાં તત્પર થયેલો એવો પણ જીવ અંત સમયે જે નવકાર પામીને દેવતાપણું પામે છે તે નવકારને મનને વિષે સ્મરણ કર. ॥૬૩॥

સ્ત્રીઓ સુલભ છે, રાજ્ય અને દેવપણું એ પણ સુલભ છે, પણ એક નવકાર જે દુર્લભ છે તેનું મનને વિષે સ્મરણ કર. ॥૬૪॥

જેની સહાય પામેલા ભવ્યજીવોને પરભવ વિષે મનોવાંછિત સુખો મલે છે તે નવકાર મંત્રનું મનને વિષે સ્મરણ કર. ॥૬૫॥

જે નમસ્કાર પામે છતે જીવોને સંસારસમુદ્ર ગોપદ (ગાબડા-ખાબોચિયા) જેવો થાય છે અને જે મોક્ષસુખનો સાક્ષાત્કાર છે તે નવકારમંત્રનું મનને વિષે સ્મરણ કર. ॥૬૬॥

એ પ્રકારે ગુરૂએ ઉપદેશેલી છેલ્લી આરાધના સાંભળીને સર્વ પાપ જેણે વોસરાવ્યું છે એવો પુરુષ આ નવકારમંત્રને તથાપ્રકારે સેવે. ॥૬૭॥

## આરાધનાનું ફળ

પંચપરમેષ્ઠીસ્મરણમાં તત્પર થએલો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકને વિષે ઈંદ્રપણાને પામ્યો. ॥૬૮॥

તેની સ્રી રત્નવતી તેનીજ પેઠે નવકારને આરાધીને દેવલોક વિષે ઇંદ્રના સામાનિક દેવપણાને પામી અને ત્યાંથી ચ્યવીને બંન્ને મોક્ષે જશે. ૬૯

શ્રીસોમસૂરિએ રચેલી પર્યન્ત આરાધના-છેવટની આરાધના તે ઉપશમને ઉત્પન્ન કરનાર છે, માટે જેઓ તેને સમ્યક્પ્રકારે આદરે છે તેઓ શાશ્વતા સ્થાનકને (મોક્ષને) પામે છે. ૭૦

* ઇતિ પર્યન્ત આરાધના ૯

## દશમો સાથી

*

## ચાર શરણાં

મુજને ચાર શરણ હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી;
કેવલીધર્મ પ્રકાશિયો, રત્નત્રય અમૂલખ લાધુજી. મુ૦ ૧

ચઉગતિતણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એ હોજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં તે હોજી. મુ૦ ૨

સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી;
ગણિ સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગળ કારોજી. મુ૦ ૩

૨

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી,
મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહિએ ટેકજી–લા૦ ૧

સાત લાખ ભૂ દગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી;
ખટ વિગલ સુર તિરિ નારકી, ચઉ ચઉ ચઉદે નરના ભેદોજી.
લા૦ ૨

જીવ જોનિ એમ જાણીને, સઉ સઉ મિત્ર સંભાવોજી;
ગણિ સમયસુંદર એમ કહે, પામીયે પુન્ય પ્રભાવોજી–લા૦ ૩

૩

પાપ અઢારે જીવ પરિહરો, અરહંત-સિદ્ધની સાખેજી.
આલોવ્યાં પાપ છૂટીએ, ભગવંત એણી પેરે ભાખેજી–પા૦ ૧

આશ્રવ કષાય દોય બંધના, વળી કલહ અભ્યાખ્યાનજી;
રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોહ મિથ્યાતજી–પા૦ ૨

મન વચ કાયાએ જે કર્યાં, મિચ્છામિ દુક્કડં તે હોજી;
ગણિ સમયસુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એ હોજી–પા૦ ૩

૪

ધન ધન તે દિન મુજ કદિ હોસ્યે, હું પામીશ સંજમ સુધોજી
પૂર્વઋષિપંથે ચાલશું, ગુરૂ વચને પ્રતિબુધોજી–ધન૦ ૧
અંત પંત ભિક્ષા ગોચરી, રણુવણે કાઉસ્સગ્ગ કરશુંજી;
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગે સુધો ધરશુંજી–ધન૦ ૨
સંસારના સંકટ થકી, હું છુટીશ અવતારોજી;
ધન ધન સમયસુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી.
ધન૦ ૩

ચાર શરણા

૧૦

## અગિયારમો સાથી

*

## પદ્માવતીની આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે । જાણપણું જગતે ભલું, ઈણ વેળા આવે. ॥૧॥

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની શાખ, જે મેં જીવ વિરાધિયા, ચઉરાશી લાખ; તે મુજ. ॥૨॥

સાત લાખ પૃથ્વીતણા, સાતે અપૂકાય । સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય; તે. ॥૩॥

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ । બી ત્રિ ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર; તે. ॥૪॥

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી । ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી; તે. ॥૫॥

ઈણ ભવ પરભવે સેવિયા, જે પાપ અઢાર । ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર; તે. ॥૬॥

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ । દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ; તે. ॥૭॥

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ । માન માયા લોભ મેં કીયાં, વળી રાગ ને દ્વેષ; તે. ॥૮॥

કલહ કરી જીવ દુહવ્યાં, કીધાં કુડાં કલંક । નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક; તે. ॥૯॥

ચાડી કીધી ચોતરે, કીધો થાપણમોસો । કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો: તે. ॥૧૦॥

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત । ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિનરાત; તે. ॥૧૧॥

કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર । જીવ અનેક જબ્બે કીયા, કીધાં પાપ અઘોર; તે. ॥૧૨॥

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ । ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાસ; તે. ॥૧૩॥

કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ । બંદીવાન મરાવીયા, કોરડા છડી રંડ; તે. ॥૧૪॥

પરમાધામીને ભવે, કીધા નારકી દુઃખ । છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ય; તે. ॥૧૫॥

કુંભારને ભવે મેં કીયા, નીમાહ પચાવ્યા । તેલીભવે તીલ પીલીયા, પાપે પીંડ ભરાવ્યાં; તે. ॥૧૬॥

હાલી ભવે હળ ખેડિયાં, ફાડયાં પૃથ્વીનાં પેટ । સુડ નિદાન ઘણા કીધાં, દીધાં બળદ ચપેટ; તે. ॥૧૭॥

માળીને ભવે રોપીયાં, નાનાવિધ વૃક્ષ । મૂળ પત્ર ફલ ફુલનાં, લાગ્યાં પાપ તે લક્ષ; તે. ॥૧૮॥

અધોવાઈઆને ભવે, ભર્યાં અધિક ભાર। પોઠી પુંઠે કીડા પડયા, દયા નાણી લગાર; તે. ॥૧૯॥

છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ। અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુવાદ અભ્યાસ; તે. ॥૨૦॥

શૂરપણે રણ ઝુઝતાં, માર્યાં માણસ વૃંદ। મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ; તે. ॥૨૧॥

ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં। આરંભ કીધાં અતિ ઘણાં, પોતે પાપજ સંચ્યા; તે. ॥૨૨॥

કર્મઅંગાર કીયા વળી, ઘરમેં દવ દીધા। સમ ખાધા વીતરાગના, કુડા કોસજ કીધા; તે. ॥૨૩॥

બીલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી। મૂઢ ગમારતણે ભવે, મેં જુ લીખ મારી; તે. ॥૨૪॥

ભાડભુંજાતણે ભવે, એકેંદ્રિય જીવ। જવારી ચણા ઘઉં શેકીયા, પાડંતા રીવ; તે. ॥૨૫॥

ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક। રાંધણ ઇંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેક; તે. ॥૨૬॥

વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ। ઈષ્ટ વિયોગ પાડ્યા, કીયા રૂદન વિખવાદ; તે. ॥૨૭॥

સાધુ અને શ્રાવકતણા, વ્રત લહીને ભાંગ્યાં। મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં; તે. ॥૨૮॥

સાપ વીંછી સિંહ ચીવરા, શકરા ને સમળી। હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી; તે. ॥૨૯॥

સુવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા । જીવાણી ઘોળ્યાં ઘણાં, શીલ વ્રત ભંજાવ્યાં; તે. ॥૩૦॥

ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહસંબંધ । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ; તે. ॥૩૧॥

ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ; તે. ॥૩૨॥

ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુંબ સંબંધ. । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં. તીણશું પ્રતિબંધ; તે. ॥૩૩॥

ઈણી પરે ઈહ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર । ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર; તે. ॥૩૪॥

ઇણ વિધે એ આરાધના, ભવિ કરશે જેહ । સમયસુંદર કહે પાપથી, વળી છુટશે તેહ; તે. ॥૩૫॥

રાગ વેરાગી જે સુણે, એહ ત્રીજી ઢાલ । સમયસુંદર કહે પાપથી, છુટે તત્કાળ; તે. ॥૩૬॥

ઇતિ પદ્માવતીની આરાધના

સમાપ્ત

# બારમો સાથી

*

## પુણ્યપ્રકાશનું સ્તવન

(દુહા)

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય;
સદ્‌ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ॥૧॥
ત્રિભુવનપતિ ત્રિશલાતણો. નંદન ગુણ ગંભીર;
શાસનનાયક જગ જયો, **વર્ધમાન** વડવીર. ॥૨॥
એક દિન **વીર** જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે **ગૌતમસ્વામ**. ॥૩॥
મુક્તિમારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચનરસ, ભાખે શ્રી ભગવંત. ॥૪॥
[૧]અતિચાર આળોઈએ, [૨]વ્રત ધરીએ ગુરૂ શાખ;
[૩]જીવ ખમાવો સયળ જે, યોનિ ચોરાશી લાખ. ॥૫॥
[૪]વિધિશું વળી વોસરાવિએ, પાપસ્થાનક અઢાર;
ચાર [૫]શરણ નિત્ય અનુસરો, [૬]નિંદો દુરિત આચાર. ॥૬॥
શુભકરણી અનુમોદીએ, [૮]ભાવ ભલો મન આણ;
[૯]અનસન અવસર આદરી, [૧૦]નવપદ જપો સુજાણ. ॥૭॥
શુભ ગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર. ॥૮॥

## ઢાળ ૧ લી

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર; એહતણા ઈહ ભવ પરભવના, આલોઈએ અતિચાર રે પ્રાણી, જ્ઞાન ભણો ગુણખાણી; વીર વદે એમ વાણીરે. પ્રા૦ ૧ એ આંકણી

ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનય, કાળે ધરી બહુ માન, સૂત્ર અરથ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા૦ જ્ઞા૦ ૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી; તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાલી રે. પ્રા૦ જ્ઞા૦ ૩

ઇત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે; પ્રા૦ જ્ઞા૦ ૪

પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે, પ્રા૦ સ૦

જિનવચને શંકા નતિ કીજે, નવિ પરમત અભિલાષ; સાધુતણી નિંદા પરિહરજો. ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ સ૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ, સામીને ધરમે કરી સ્થિરતા, ભક્તિ પરભાવના કરીએરે, પ્રા૦ સ૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદતણો જે, અવર્ણવાદ મન લેખો; દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતો ઉવેખ્યો રે, પ્રા૦ સ૦ ૭

ઇત્યાદિક વિપરીતપણાથી સમકિત ખંડયું જેહ, આ

ભવ પરભવ વળી રે ભવોભવ; મિચ્છામિ દુક્કડં તેહરે પ્રા૦ સ૦ ૮

પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી, પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી; આઠે પ્રવચનમાય; સાધુ તણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાય રે. પ્રા૦ ચા૦ ૯

શ્રાવકને ધર્મ સામાયિક, પોસહમાં મન વાળી; જે જયણાપૂર્વક તે આઠે, પ્રવચન માય ન પાળીરે. પ્રા૦ સ૦ ૧૦

ઇત્યાદિક વિપરિતપણાથી, ચારિત્ર ડહોળ્યું જેહ, આ ભવ પરભવ વળીરે ભવોભવ મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા૦-ચા૦ ૧૧

બારે ભેદે તપ નવ કીધો, છતે જોગે છતિ શકતે; ધર્મે મન વચન કાયા વિરજ, નવિ ફોરવીઉં ભગતેરે. પ્રા૦ ચા૦ ૧૨

તપ વિરજ આચાર એણી પેરે, વિવિધ વિરાધ્યાં જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા૦ ચા૦ ૧૩

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ; **વીર** જિણેસર વયણ સુણીને, પાપમેલ સવી ધોઇએરે. પ્રા૦ ચા૦ ૧૪

## ઢાળ ૨ જી

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાંએ. ૧

કરી કરસણુ આરંભ, ખેત્ર જે ખેડીયાં; કુવા તળાવ ખણાવીયાંએ. ૨

ઘર આરંભ અનેક, ટાંકા ભુઇરાં; મેડી માળ ચણાવીયાંએ. ૩

લીંપણુ ગુંપણુ કાજ, એણી પરે પરપરે; પૃથ્વીકાય વિરાધીયાએ. ૪

ધોયણુ નાહણુ પાણી, ઝીલણુ અપકાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ. ૫

ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા; ભાડભુંજા લીહાલાગરાએ. ૬

તોપણુ શેકણુ કાજ; વસ્ત્ર નિખારણુ, રંગણુ રાંધન રસવતીએ. ૭

એણી પરે કર્માદાન, પરે પરે કેળવી, તેઉ વાયુ વિરાધીયાએ. ૮

વાડી વન આરામ, વાવી વનસ્પતિ; પાન ફૂલ ફળ ચુંટીયાએ. ૯

પોંહક પાપડી શાક; સેકયાં સૂકવ્યાં; છેદ્યાં છુદ્યાં આથીયાંએ. ૧૦

અળશી ને એરંડા, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ. ૧૧

ઘાલી કોલું માંહે, પીલી સેલડી; કંદમૂળ ફળ વેચીયાંએ. ૧૨

એમ એકેંદ્રિય જીવ હણ્યાં હણાવિયા; હણતાં જે અનુમોદિયાએ. ૧૩

આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે; તે મુજ મિચ્છા મિદુક્કડંએ. ૧૪

કૃમી કરમીયા કીડા, ગાડર ગંડોલા; ઇઅળ પુરા ને અલસીયાંએ. ૧૫

વાળા જળો ચુડેલ, વિચળીત રસતણા, વળી અથાણા પ્રમુખનાંએ. ૧૬

એમ બેઇંદ્રિ જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડંએ. ૧૭

ઉધેહી જુ લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કંથુ-આએ. ૧૯

ગધેઆ ઘીમેલ, કાનખજુરડા, ગીંગોડા ધનેરી-યાંએ. ૧૯

એમ તે ઇંદ્રિય જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુકકડંએ. ૨૦

માંખી મચ્છર ડાંસ, મસા પંતગીયા; કંસારી કોલિયા વડાએ. ૨૧

ઢીંકણ વીછીં તીડ, ભમરા-ભમરીયો કુંતા બગ ખડ-માંકડીએ. ૨૨

એમ ચૌરિંદ્રિય જીવ, જેહ મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુકકડંએ. ૨૩

જળમાં નાંખી જાળ, જળચર દુહવ્યા; વનમાં મૃગ સંતાપીયાએ. ૨૪

પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરેએ. ૨૫

એમ પંચેદ્રિય જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડંએ. ૨૬

## ઢાળ ૩ જી

ક્રોધ લોભ ભય હાંસથીજી, બોલ્યા વચન અસત્ય; કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે. જિનજી, મિચ્છામિ દુક્કડં આજ. તુમ સાખે મહારાજરે જિનજી, દઇ સારૂં કાજરે; જિનજી મિચ્છામિ દુક્કડં આજ. ।। એ આંકણી ।।

દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ; વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહરે-જિનજી. ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ; જે જિહાં તે તિહાં રહ્યુંજી, કોઇ ન આવે સાથરે જિનજી. ૩

રયણી-ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ; રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે-જિનજી. ૪.

વ્રત લેઈ વિસારિયાંજી, વળી ભાગ્યાં પચ્ચખાણ; કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે-જિનજી. ૫

ત્રણ ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર; શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે-જિનજી, મિચ્છામિ દુક્કડં આજ. ૬

## ઢાળ ૪ થી

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો; યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધાં સંભારીએ સા૦, હૈડે ધરીએ વિચાર તો; શિવગતિ આરાધનતણો સા૦ એ બીજો અધિકાર તો. ૨.

જીવ સર્વ ખમાવીએ સા૦, યોનિ ચોરાશી લાખ તો; મન શુદ્ધે કરી ખામણાં સા૦, કોઈશું રોષ ન રાખ તો. ૩

સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઇ ન જાણો શત્રુ તો; રાગ દ્વેષ એમ પરિહરો સા૦, કીજે જન્મ પવિત્ર તો. ૪

સ્વામી સંઘ ખમાવીએ સા૦, જે ઉપની અપ્રીત તો; સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦, એ જિનશાસન રીત તો. ૫

ખમીએ ને ખમાવીએ સા૦, એહ જ ધર્મનું સાર તો; શિવગતિ આરાધનતણો, સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષાવાદ હિંસા ચોરી સા૦, ધનમૂર્છા મૈથુન તો; ક્રોધ માન માયા તૃષ્ણા સા૦, પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ સા૦, કુડો ન દીજે આળ તો; રતિ અરતિ મિથ્યા તજો સા૦, માયા મોહજંજાળ તો. ૮

ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ સા૦, પાપસ્થાન અઢાર તો; શિવગતિ આરાધનતણો સા૦, એ ચોથો અધિકાર તો. ૯

## ઢાળ ૫ મી

જનમ જરા મરણ કરીએ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો; શિવગતિ આરાધનતણો એ, એ પાંચમો અધિકાર તો. ૩

આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઈ લાખ તો; આતમ સાખે નિંદિએએ, પડિક્કમિયે ગુરૂસાખ તો. ૪

મિથ્યામતિ વર્તાવિયા એ, ભાખ્યા ઉત્સૂત્ર તો; કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫

ઘડચાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘંટી હળ હથિઆર તો;
ભવ ભવ મેલી મૂકીયાંએ, કરતાં જીવસંહાર તો. ૬

પાપ કરીને પોષીયાં એ, જનમ જનમ પરિવાર તો;
જન્માંતર પોહોત્યા પછી એ, કોઈ ન કીધી સાર તો. ૭

આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો; ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએએ, આણી હૃદય વિવેક તો. ૮

દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો;
શિવગતિ આરાધન તેણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

## ઢાળ ૬ ઠ્ઠી

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કર્મ. ધ૦ ૧

શત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર; જુગતે જિનવર પૂજિયા, વળી પોખ્યાં પાત્ર. ધન૦ ૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીણુવર જિનચૈત્ય; સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન૦ ૩

પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન; સાધુ સૂરિ ઉવઝાયને, દીધાં બહુમાન. ધન૦ ૪

ધર્મ કાજ અનુમોદિએ, એમ વારંવાર; શિવગતિ આરાધનતણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ; સમતાભાવે ભાવિએ, એ આતમરામ. ધન૦ ૬

સુખ દુઃખ કારણ જીવને, કાંઇ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭

સમતા વિણુ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ; છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર; શિવગતિ આરાધન તણો એ, આઠમો અધિકાર. ધન૦ ૯

## ઢાળ ૭ મી

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અનશણ આદરિયે, પચ્ચક્ખી ચારે આહાર; લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ; એ આતમ ખેલે, સમતા જ્ઞાનતરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક, પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક; દુલહો એ વળી વળી,

અનશનનો પરિણામ; એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અનશન આરાધી પામ્યા ભવનો પાર; શિવમંદિર જાશે, કરી એક અવતાર, આરાધન કેરો, એ નવમો અધિકાર ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર; મનથી નવી મૂકો, શિવસુખ ફલ સહકાર; એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરો, ચૌદ પુરવનો સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર; તો પાતક ગાળી, પામે સુર અવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કો સંસાર; એહ ભવ ને પરભવે, સુખસંપત્તિ દાતાર. ૫

જ્યું ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રતનવતી બેહુ પામ્યાં છે સુરભોગ; એક ભવ પછી લેશે, શિવવધૂ સંજોગ. ૬

શ્રીમતીને એ વલી; મંત્ર ફ્લ્યો તત્કાલ; ફણીધર ફીટીને, પ્રગટ થઇ ફુલમાળ; શિવકુમારે જોગી, સોવન પુરિસો કીધ, એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો; આરાધન કેરો વિધિ, જેણે ચિત્તમાંહી રાખ્યો; તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાખ્યો, જિન વિનય કરતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

## ઢાળ ૮ મી

સિદ્ધારથ રાયકુળ તિલોએ, ત્રિશલા માત મલ્હાર તો; અવનીતલે તમે અવતર્યાં એ, કરવા અમ ઉપકાર તો, જયો જિનવીરજીએ. ૧

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો, તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર તો. જયો. ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો; આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો. ૩

કરમ અલુંજણ આકરાંએ, જન્મ મરણ જંજાલ તો; હું છું એહથી ઉભગોએ, છોડાવ દેવદયાળ તો. જયો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો; તુઠો જીન ચોવીસમોએ, પ્રગટ્યાં પુણ્ય કલ્લોલ તો. જયો૦ ૫

ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો; દેવ દયા કરી દીજીયે એ, બોધીબીજ સુપસાય તો. જયો૦ ૬

### કળશ.

ઈહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો; **શ્રીવીર** જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧

શ્રીવિજયદેવસુરીંદ પટધર, તીરથ જંગમ એણી જગે; તપગચ્છપતિ શ્રીવિજયપ્રભ, સૂરિ સૂરિ તેજે ઝગમગે. ૨

શ્રીહિરવિજયસૂરિ શિષ્ય વાચક કિર્તિવિજય સુરગુરૂ સમો, તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જીન ચોવીસમો. ૩

સયસતર સંવત ઓગણત્રીસે ૧૭૨૯, રહી રાંદરે ચોમાસ એ; વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ; નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્યપ્રકાશ એ. ૫.

* ઇતિ પુણ્યપ્રકાશનું સ્તવન ૧૨

## તેરમો સાથી

●

### શ્રીઆત્મભાવના

અહો આત્મા ! તું વિચારી જો કે તું અનંત કાળથી રઝળે છે, પણ તારા દુઃખનો અંત આવ્યો નહીં. હવે તું મનુષ્યનો જન્મ પામ્યો છે; તો ધર્મસાધન કર કે જેથી સર્વે સંતાપ મટી જાય.

એવી રીતનું ધર્મ સાધન કર કે જેથી વહેલા મુક્તિ મળે. શાથી ? જે હવે તારે સંસારમાં રઝળવું તે ઠીક નહિ; મુક્તિનાં કારણ સાચાં પામ્યો તો આ અવસર ચૂકવો નહીં.

આબુ અષ્ટાપદ ગીરનાર; સમેતશિખર શત્રુંજય સાર;
પંચે તીર્થ એ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ.
નામજિણા જિણનામા, ઠવણજિણા જિણંદ પડિમાઓ;
દવ્વજિણા જિણજીયા, ભાવજિણા સમવસરણત્થા ॥૧॥

જેમ મંત્રથી ઝેર ઉતરી જાય, રોગ મટી જાય, તેમ પ્રભુનામથી મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ, કર્મરોગ સર્વે મટી જાય.

**નામજિણ**-પ્રભુનામ કેવળજ્ઞાની, નિર્વાણી, સાગર, મહાજશ, વિમલ, સર્વાનુભૂતિ, શ્રીધર, શ્રીદત્ત, દામોદર,

સુતેજ, સ્યામિક, મુનિસુવ્રત, સુગતિ, શિવગતિ, અસ્તાગતિ, નમિસર, અનિલ, જશોધર, કૃતારથ, જિનેશ્વર, શુદ્ધમતિ, શિવંકર, શુભદિન, સંપ્રતિ–એ અતીતકાલે થઈ ગયા તે સર્વેને માહરી અનંતી કોડાકોડવાર ત્રિકાલ વંદના હોજો ॥

ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમી, નેમી, પાર્શ્વ, વર્ધમાનાંતાઃ જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા ॥ જે રીતે તમો શાંતિ પામ્યા તે રીતે સર્વ જીવને શાંતિ કરો એમ મારી વિનતિ છે.

પદ્મનાભ, સુરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભુ, સર્વાનુભૂતિ, દેવસુત, ઉદયનાથ, પેઢાલ, પોટીલ, સત્કીર્ત્તિ, સુવ્રત, અમમ, નિષ્કાય, તીપુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ, સંવર, જશો-ધર, વિજયદેવ, મલ્લીજિન, દેવજિન, અનંતજિન, ભદ્રંકર એ ચોવીસ પ્રભુ થશે, તેને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલ વંદના હોજો ॥

સિમંધર, જુગમંધર, બાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભુ, વૃષભાનન, અનંતવીર્ય, સુરપ્રભ, વિશાલનાથ, વજ્રધર, ચંદ્રાનન, ચંદ્રબાહુ, ભુજંગનાથ, નેમિશર, ઇશ્વર, વીરસેન, દેવજસા, મહાભદ્ર, અજિતવીર્ય, એ વીશે વિહરમાનને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાળ વંદના હોજો ॥

અતીત અનાગત ને વર્તમાનકાળના બહોંતેર તીર્થંકર, વીસ વીરહમાન; વૃષભાનન, ચંદ્રાનન, વારિષેણુ ને વર્ધમાન

એ ચારે શાશ્વત જિન મળી છન્નુ જિનને હું પ્રણામ કરૂં છું. ॥

**સ્થાપના જિન**-શાશ્વતી પ્રતિમા પાંચશે ધનુષ્યની તથા સાત હાથની છે, રત્નની છે, દીવ્ય છે, મનોહર છે, દેખવાથી શાશ્વતા સુખ પમાય છે.

વ્યંતરનિકાયમાં અસંખ્યાતા, જ્યોતિષમાં અસંખ્યાતા જિનબિંબ છે, વળી ત્રણ ભુવનમાં પંદરસો ને બેંતાલીસ ક્રોડ અઠાવન લાખ છત્રીસ હજાર ને એંશી શાશ્વતા જિનબિંબ છે, તે સર્વને મારી અનંતી ક્રોડક્રોડવાર ત્રિકાલ-વંદના હોજો.

અશાશ્વતી પ્રતિમા આબુજીમાં આદીશ્વરજી, નેમીનાથજી, પારસનાથજી, શાંતિનાથજી પ્રમુખ જિનબિંબ ઘણાં છે. વળી અનંતા જીવ મુક્તિ પામ્યા તે સર્વેને મારી અનંતી ક્રોડાક્રોડવાર ત્રિકાલવંદના હોજો.

અષ્ટાપદજી ઉપર આદીશ્વર ભગવાન દશ હજાર મુનિ સાથે મુક્તિ વર્યા. ભરત મહારાજાજીએ સોનાનું દહેરૂં કરાવ્યું, રત્નના ચોવીસ જિનબિંબ ભરાવ્યાં.

ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં;
પરમટ્ઠ નિટ્ઠિ અટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૧॥

વળી ગૌતમસ્વામી પોતાની લબ્ધિએ અષ્ટાપદ ઉપર ચડી, પ્રભુને વાંદી, જગચિંતા-મણિનું ચૈત્યવંદન કરી, તિર્યગ્-જૃંભક દેવતાને પ્રતિબોધ કરી, પંદરશે ત્રણ તાપસને પારણા કરાવી કેવળજ્ઞાન પમાડયું. વળી રાવણે વીણા વગાડી તીર્થંકરગોત્ર બાંધ્યું. વળી અનંતા જીવ મુક્તિ ગયા તે સર્વેને

મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલવંદના હોજો. વળી ગીરનારજી ઉપર નેમિનાથ મહારાજાએ એક હજાર પુરૂષ સાથે દીક્ષા લીધી, સંસારનું સ્વરૂપ ઘણું નઠારૂં જાણ્યું, સંસાર દુઃખરૂપ, દુઃખેભરેલો, દુઃખનું કારણ, સાચા સુખનો વૈરી, હળાહળ વિષ જેવો, બળતી આગ જેવો જાણી નીકળી પડચા. ચારિત્ર પાળી પંચાવનમેં દિવસે કેવળજ્ઞાન પામ્યા. પાંચશેં છત્રીશ સાથે મુક્તિ ગયા. સાતશેં વરસ સુધી કેવળીપર્યાય પાળી ઘણા જીવને પ્રતિબોધીને મુક્તિ ગયા. વળી અનંતા જીવ મુક્તિ વર્યા, તે સર્વેને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલવંદના હોજો. વળી સમેતશિખરજી ઉપર વીશે ટૂંકે વીશ પ્રભુજી સતાવીશ હજાર ત્રણશેં ઓગણ-પચાસ મુનિ સાથે મુક્તિ પામ્યા. વળી શામળાપારસનાથજી વિરાજે છે. વળી અનંતા જીવ મુક્તિ ગયા, તે સર્વેને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલવંદના હોજો. તારંગાજીમાં અજિતનાથજીને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલવંદના હોજો. ચંપાનગરીમાં વાસુપૂજ્યજી મુક્તિ ગયા. વળી પાવાપુરીએ મહાવીરપ્રભુ સિદ્ધિ વર્યા. તે સર્વેને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાળવંદના હોજો શ્રી સિદ્ધાચળજી ઉપર આદીશ્વરજી અનંત લાભ જાણી, પૂર્વ નવાણું વાર સમોસર્યા, વળી અનંત જીવ મુક્તિ વર્યા, વળી જિનબિંબ ઘણા છે, તે સર્વેને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલવંદના હોજો.

**દ્રવ્યજિન**–તે તીર્થંકર પદવી ભોગવીને, પોતાના શાસનનો પરિવાર લઈને મુક્તિમાં વિરાજે છે, તે સર્વેને મારી અનંતી કોડાકોડવાર ત્રિકાલવંદના હોજો.

આવતે કાળે તીર્થંકરપદવી પામશે તે શ્રેણિકરાજાના જીવ પ્રમુખને મારી અનંતી ક્રોડાક્રોડવાર ત્રિકાલવંદના હોજો.

મારા જીવને નિગોદમાંથી બહાર કાઢયો તે સિદ્ધના જીવને માહરી અનંતી ક્રોડક્રોડવાર ત્રિકાલવંદના હોજો.

**ભાવજિન**-'ભાવ જીણા સમવસરણત્થા' સમોસરણને વિષે વીશ વિહરમાનજીર કેવા છે? તો પાંચશે ધનુષ્યની દેહ છે, સોવન સમી કાયા, એક હજાર આઠ ઉદાર લક્ષણ છે, જ્ઞાનાતિશયે કરીને સર્વે પદાર્થ જાણી રહ્યા છે, દર્શને કરી સર્વે ભાવ દેખી રહ્યા છે, વચનાતિશયે કરી ભવજીવને પ્રતિબોધ કરે છે; તેથી કોઇ જીવ તો ક્ષપકશ્રેણિ ચડે છે, કોઇ તો સાધુપણું પામે છે, કોઈ તો શ્રાવકપણું પામે છે, વળી કોઇ સમક્તિ પામે છે, કોઇ તો ભદ્રભાવને પામે છે. એ રીતે બહુ રીતે જીવને સંસારના ક્લેશથી મૂકાવે છે. વળી પૂજા સેવા, ભક્તિ, વંદના, સ્તવના કરવાનું મન થાય છે, તેથી પૂજી, સેવી, વાંદી પ્રભુ સરખા પૂજનિક થાય છે. અપાયાપગમાતિશયે કરીને ભવી જીવને આ ભવના ને ભવોભવનાં કષ્ટ-દુઃખ આપદા ટાળે છે, એ ચાર મહા અતિશય. વળી અશોકવૃક્ષ શોભે છે, ફુલની વૃષ્ટિ ઢીંચણ સુધી થાય છે, પાંચ વર્ણના ફુલ જલથલના નીપજ્યાં વરસે છે, વળી પ્રભુની વાણી એક જોજન સુધી સંભળાય છે, વળી પ્રભુજીને ચામર વીંજાય છે, વળી રત્નના સિંહાસનપર બેઠા છે, વળી ભામંડલ પૂંઠે રાજે છે, આકાશે દંદુભિ ગાજે છે, વળી ત્રણ છત્ર માથે છાજે છે, વળી બાર ગુણે સહિત છે, ચોત્રીસ અતિશયે કરી વિરાજિત છે, વાણી પાંત્રીસ ગુણે કરી રાજિત છે. આઠ પ્રતિહાર્ય

તેણે કરી શોભિત છે. અસંખ્યાતા દેવે કરી સેવિત છે, અઢાર દોષે કરી રહિત છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ અનંત ગુણે કરી સહિત છે. તરણ-તારણ જહાજ સમાન છે. કલ્યાણકને દિવસે નરકે પણ અજવાળાં થાય છે. વળી મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક, જગસત્થવાહ એવી ઉપમા છાજે છે. મોક્ષનો સાથી છે. ક્રોડ કેવળી, બે હજાર ક્રોડ સાધુ, ગણધર, કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, મતિજ્ઞાની, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, ચતુર્વિધ સંઘ, સમકિતી જીવ, વળી દ્વાદશાંગીવાણી, વળી આણા પાળવાવાળા અનંતજીવ મુક્તિ પામ્યા. વળી વર્તમાનકાળે આણા પાળે છે, વળી ભાવી કાળે આણા પાળશે તે સર્વને મારી અનંતી ક્રોડાક્રોડવાર ત્રિકલિવંદના હોજો. એ વંદનાનું ફળ એજ માગું છું જે મારા જીવને તમારા સરીખો કરો એજ વિનંતી છે. જે થકી મારા પરિણામ તમારા જેવા સુંદર મનોહર થાય, જે થકી તમારા જેવું કેવળજ્ઞાન, કેવળદર્શન, સ્થિરતારૂપ ચારિત્ર કેવળ એકલું સુખ સર્વ દુઃખથી રહિત સાધુ; અરૂપીગુણ વળી અગુરૂ-લઘુ અવગાહના, વળી સાદિઅનંતમે ભાગે સ્થિતિ. ફરી સંસારમાં આવવું નહીં, અનંતુ વીર્ય, વળી ક્રોધ નહીં માન નહીં, માયા નહીં, લોભ નહીં, રાગ નહીં, દ્વેષ નહીં, મોહ નહીં, આશા, તૃષ્ણા, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ભૂખ, તરસ, ટાઢ, તડકો, દુઃખ, ક્લેશ, સંતાપ એવા એવા દોષે કરી રહિતપણુ મારી સત્તામાં છે તે અનંતા ગુણ પ્રકટ થાઓ. એજ મારી અરજ છે. બીજું કાંઇજ માગતો નથી.

સર્વે સિદ્ધ ભગવંતોને આચાર્યજીને, ઉપાધ્યાયજીને, સર્વે સાધુ મહારાજને, વળી દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ નવપદજીને મારી અનંતી ક્રોડાક્રોડવાર ત્રિકાલ વંદના હોજો. "ઇમ નવપદ ધ્યાવે, પરમ આણંદ પાવે; નવમે ભવ શિવ જાવે. દેવ-નરભવ પાવે; જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધ-ચક્ર પ્રભાવે, સવી દુરિત સમાવે; વિશ્વ જયકર પાવે." ઇતિ

હે જીવ તું વિચાર તો ખરો. જે આ વખત ફરી કયારે મળશે ? ચેત ! સમજ ! જો ! જાગ ! જાગ ! શું પ્રમાદ, આળસ નિંદ્રા કરી રહ્યો છે ? કોણ તારો હિતકારી છે, જે ધર્મમાં સહાય કરશે ? ને કોણ તુજને સુખ આપશે ? સર્વે સ્વાર્થીયું છે, તેથી તું પોતાનો સ્વાર્થ સાધીને સર્વ જીવને સુખી કરીને મુક્તિનગરીમાં વાસ કર. તેજ તારે કરવા યોગ્ય છે તે કર. ફરી ફરી આ અવસર તું કે'વારે પામીશ ? એમ જાણીને આ ભાવના રોજ ભાવવી. જેથી સર્વ આપદા મટી જશે. ને સર્વ સંપદા પામીશ તે સારૂ હવે પ્રમાદ કરીશ નહીં, ઘણું શું શીખવીએ ? જે રીતે પોતાને ને પરને શાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, કલ્યાણ, મંગળ, જય, વિજય, મોક્ષ, પરમ મહોદય થાય તેમ કરજે.

ઇતિ શ્રીઆત્મભાવના

સમાપ્ત

# આરાધનાને અંગે

**नो जगतस्त्वम्**

હે ચેતન! તું જગતનો નથી.

**न ते जगत्**

હે આત્મા! જગત તારું નથી.

**विश्वे भाव्येव भवति**

જગતમાં થવાનું છે તે જ થાય છે.

**यत्नास्तु तत्सहायकाः**

જે પ્રયત્નો છે તે તો ભાવિને સહાય કરનારા છે.

**धन्या वीरजिनाद्याः**

ભગવાન્ મહાવીર મહારાજ વગેરે જ ધન્ય છે.

**सत्यां शक्तौ सहन्त आत्मार्थाः**

ઉપસર્ગ, પરિષહ, રોગ આદિ દૂર કરવાની શક્તિ
હોવા છતાં આત્માર્થી જીવો તે સહન કરે છે.

**सद्धैर्यमालम्ब्य सहन्त आप्ताः**

આપ્ત પુરુષો શ્રેષ્ઠ ધૈર્યનું આલંબન કરીને
દુઃખોને સહન કરે છે.

**चक्री धन्यः सनत्कुमारः सः**

હે ચેતન! અનેક પ્રકારના રોગોના પરિષહને
સહન કરનાર ચક્રવર્તી સનત્કુમાર ધન્ય છે,
તો તું રોગના પરિષહને સહન કર.

'આગમોદ્ધારક'

એમ. વાડીલાલની કું. અમદાવાદ.